# મારી વિચારયાત્રા

(ચિંતનશીલ લેખોનો સંગ્રહ)



:: લેખક ::

**રશ્મિકાંત ચંદ્રવદન દેસાઈ** (યુ.એસ.એ.)

('સત્યાન્વેષણ'ના ગ્રાહકોને ભેટ)

:: પ્રકાશક ::

**સત્યશોધક સભા, સુરત**

C/o. શ્રી શંભુદયાળ ફ. અગ્રવાલ ટ્રસ્ટ
૮/૧૩૦૮. રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત.
સુરત – ૩૯૫ ૦૦૧.

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| (૧) | વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | – ડૉ. બી. એ. પરીખ |
| (૨) | ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | – સીદ્ધાર્થ દેગામી |
| (૩) | નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | – ડૉ. બી. એ. પરીખ |
| (૪) | આપણો માંદો સમાજ રૂા. ૩૦ | – સુર્યકાન્ત શાહ |
| (૫) | લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા.૩૫ | – ડૉ. બી. એ. પરીખ |
| (૬) | ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા.૩૫ | – ડૉ. બી. એ. પરીખ |
| (૭) | જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના (બીજી આવૃત્તી)રૂ. ૩૦ | – ડૉ. બી. એ. પરીખ |
| (૮) | જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– | – સુર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો. (લખાણ ઉંઝા જોડણીમાં છે)**

**સાહીત્ય સંગમ, સુરતના રેશનાલિઝમને લગતાં પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| (૧) | ચાર્વાક દર્શન | એન. વી. ચાવડા | ૫૦–૦૦ |
| (૨) | હકીકતો અને ભ્રમણાઓ | સૂર્યકાંત શાહ | ૪૦–૦૦ |
| (૩) | આધ્યાત્મવાદ વિષે વૈજ્ઞાનિક સમજ | ડૉ. બી. એ. પરીખ | ૬૦–૦૦ |
| (૪) | આતંકવાદનું સ્વરૂપ અને ભારતમાં આતંકવાદનો ચહેરો | ડૉ. બી. એ. પરીખ | ૧૩૦–૦૦ |
| (૫) | ઈશ્વરની સંકલ્પના | ડૉ. બી. એ. પરીખ | ૭૫–૦૦ |
| (૬) | રેશનાલિઝમના પાઠો | ડૉ. બી. એ. પરીખ | ૧૧૦–૦૦ |
| (૭) | વિજ્ઞાનવિકાસ ગાથા | ડૉ. બી. એ. પરીખ | ૧૧૦–૦૦ |
| (૮) | આત્મા, પુનર્જન્મ અને કર્મનો સિદ્ધાંત | ડૉ. બી. એ. પરીખ | ૧૨૫–૦૦ |
| (૯) | વિજ્ઞાનવિકાસ અને ભારતમાં વિજ્ઞાન | ડૉ. બી. એ. પરીખ | ૮૦.૦૦ |
| (૧૦) | ભૂત પ્રેતને ભગાડો | ડૉ. બી. એ. પરીખ | ૩૦.૦૦ |
| (૧૧) | આપણા વહેમો તથા અંધશ્રદ્ધા ઓળખો અને સમજો | ડૉ. બી. એ. પરીખ | ૩૦.૦૦ |
| (૧૨) | રોગ તનના, તેમ મનના માનસિક આરોગ્ય | ડૉ. બી. એ. પરીખ | ૩૦.૦૦ |
| (૧૩) | મંત્ર, યંત્ર, તંત્રનું અવિજ્ઞાન | ડૉ. બી. એ. પરીખ | |
| (૧૪) | તમારા તરૂણ સંતાનોને ઓળખો | ડૉ. બી. એ. પરીખ | ૩૦.૦૦ |
| (૧૫) | શરીર વિકાસ અને તે સાથે સકળાએલ માન્યતાઓ | ડૉ. બી. એ. પરીખ | ૩૦.૦૦ |
| (૧૬) | પ્રબોધન (લેખોનો સંગ્રહ) | ડૉ. બી. એ. પરીખ | ૨૦૦.૦૦ |

**:: પ્રાપ્તિ સ્થાન ::**

સત્યશોધક સભા, C/o. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ

૮/૧૩૦૮, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત.

# મારી વિચારયાત્રા

**(ચિંતનશીલ લેખોનો સંગ્રહ)**


:: લેખક ::

**રશ્મિકાંત ચંદ્રવદન દેસાઈ**

(યુ.એસ.એ.)


**'સત્યાન્વેષણ'ના ગ્રાહકો માટે**


:: પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન ::

**સત્યશોધક સભા, સુરત**

:: પ્રાપ્તિસ્થાન ::

**શ્રી શંભુદયાલ ફ. અગ્રવાલ ટ્રસ્ટ**

૮/૧૩૦૮. રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત.

સુરત – ૩૯૫ ૦૦૧

# ...અનુક્રમણિકા...


| ક્રમ | | પાના નં. |
|---|---|---|
| ૧. | પૂજાનાં સ્વરૂપો... | ૧૧ |
| ૨. | અંધશ્રદ્ધાનો વડલો... | ૧૫ |
| ૩. | તર્ક, શ્રદ્ધા અને ઈશ્વર... | ૨૩ |
| ૪. | ભારતીય સંસ્કૃતીની મહાનતા... | ૨૭ |
| ૫. | હિંદુ ગૌરવ કે મિથ્યાભિમાન... | ૩૦ |
| ૬. | આધ્યાત્મિકતા... | ૩૫ |
| ૭. | સત્ય, શ્રદ્ધા અને તર્ક... | ૪૦ |
| ૮. | સા વિદયા વિમુક્તયા... | ૪૫ |
| ૯. | આંતરધર્મીય લગ્નો... | ૪૮ |
| ૧૦. | આપણે કોણ છીએ ?... | ૪૯ |
| ૧૧. | ઋષિમુનિઓની મહાનતા... | ૫૨ |
| ૧૨. | મોક્ષેષણા... | ૫૫ |
| ૧૩. | પરમેશ્વર વિ. ધર્મો... | ૫૮ |

# લેખક અને પુસ્તકનો પરિચય

સત્યશોધક સભાની રેશનાલિસ્ટ પ્રવૃત્તિઓનો પ્રભાવ અને પ્રચાર પરદેશોમાં ખાસ કરીને અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, કેનેડામાં રહેતા ભારતીય નાગરિકો ઉપર પ્રસર્યો છે તેના પુરાવા એ છે કે ઘણા જાગૃત, બુદ્ધિજીવી, ચિંતનશીલ નાગરિકો ઈ–મેઈલ, ટેલિફોન દ્વારા ખાસ સંપર્કમાં રહે છે અને અમારી વચ્ચે લખાણો, વિચારોની આપ–લે થાય છે. આવા અમેરિકા નિવાસી સજ્જન શ્રી રશ્મિકાંત દેસાઈ સતત તેમના નાનામોટા લેખો મોકલતા રહેતા હતા. શ્રી રશ્મિકાંત દેસાઈએ પોતાની વેબસાઈટ પણ બનાવી છે. તેની ઉપર લેખો મૂકે છે. તે દ્વારા તેઓ બીજા સમવિચારક મિત્રોના સંપર્કમાં રહે છે. તેમના લેખોથી પ્રભાવિત થઈ મેં તેમને સૂચન કર્યું કે સત્યશોધક સભા તેમના લેખોનું નાનું પુસ્તક છપાવે અને તેનો તમામ ખર્ચ તે આપે. આ પ્રમાણે શ્રી રશ્મિકાંતભાઈએ સત્યશોધક સભાને રૂા. ૩૦,૦૦૦/– (ત્રીસ હજાર) નું દાન આપ્યું છે, અને સભા તરફથી તેમના લેખોની આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે.

શ્રી રશ્મિકાંતે કેટલાક લેખો અમને મોકલ્યા તે વાંચી થોડા જરૂરી સુધારા કરી ૭૦–૭૫ પાનાની મર્યાદામાં છાપી શકાય તેવા કેટલાક લેખોની અમે પસંદગી કરીને છાપ્યા છે. શ્રી રશ્મિકાંતના લેખો વાંચતા જણાશે કે તેઓએ ભારતના ધર્મશાસ્ત્રો વેદ, ઉપનિષદ, મહાકાવ્યો વગેરેનો ખાસ્સો અભ્યાસ કર્યો છે. તેઓએ પ્રમાણિકપણે તેમના લેખનમાં જણાવ્યું છે કે, 'તેઓ પુરા નાસ્તિક કે રેશનાલિસ્ટ નથી.' તેમનાં લખાણોમાં કેટલાંક વિધાનો વાંચતા વાચકને એમ લાગવા સંભવ છે કે તેઓ 'આસ્તિક છે,' પરંતુ મારો નમ્ર અભિપ્રાય છે કે લેખકનું આવું વિધાન વાંચ્યા પછી તે વાચક વિધાનના આગળનું અને પછીનું લખાણ કાળજીપૂર્વક વાંચે. તેને મહદઅંશે ખાતરી થશે કે શ્રી રશ્મિકાંતે ઘણે ઠેકાણે આવાં વિધાનો ઉપર ટીકા કરી દલીલો, દ્રષ્ટાંતો દ્વારા ખંડન કર્યું છે. તેમની ઈશ્વર, રેશનાલિઝમ વિષેની વિભાવના વર્ણન સમજવા વિચાર કરશો.

એક બાબત સ્પષ્ટપણે આપણે સમજવી જરૂરી છે કે 'કોઈ પણ વ્યકિત ભાગ્યે જ સો ટકા આસ્તિક યા નાસ્તિક હોય છે. નિતાંત સનિષ્ઠ નાસ્તિકવાદીએ પણ કેટલીક વાર પોતાના વિચારો વ્યવહારોમાં બાંધછોડ સમાધાનો કરવા પડે છે, અને કરવા પણ જોઈએ. પ્રખ્યાત નાસ્તિકવાદી લેખક રિચાર્ડ ડોકીન્સે 'પૂરા આસ્તિક તેમજ પૂરા નાસ્તિક'ની રેખા વચ્ચે આસ્તિક–

નાસ્તિકની સાત કક્ષાઓ ગણાવી છે. મધ્યમાં સંશયવાદી અને ત્યાંથી નાસ્તિકવાદ તરફ આગળ વધતા વ્યકિત નાસ્તિકવાદની માત્રામાં વધતી જાય છે. શ્રી રશ્મિકાંતને સંશયવાદી મધ્યસ્થાન તેમ જ પૂરા નાસ્તિકવાદીની વચમાં ૭૫–૮૦–૮૫ ટકા નાસ્તિકવાદીની કક્ષામાં મૂકી શકાય. સમાજમાં મોટા ભાગના બૌદ્ધિકો વિચારકો આવી કક્ષાઓમાં આવે છે.

આ પુસ્તિકાનો તમામ ખર્ચ શ્રી રશ્મિકાંતભાઈએ જ આપ્યો છે તેથી આ પુસ્તિકા તેમના તરફથી સત્યશોધક સભા દ્વારા સત્યાન્વેષણના ગ્રાહકોને ભેટ તરીકે આપવાનો નિર્ણય કર્યો છે. શ્રી રશ્મિકાંતનો આભાર અને અભિનંદન.

લી.

**બી. એ. પરીખ**

(સત્યશોધક સભા)



**શ્રી રશ્મિકાંત ચંદ્રવદન દેસાઈ**

Telephone : 17325128606
Email thedesai@hotmail.com

---

**નોંધ** : શ્રી રશ્મિકાંતભાઈએ લખેલા લેખોમાં કેટલાક વિધાનો સાથે સત્યશોધક સભા પૂરી સંમત ન હોવા છતા આવા વિચારકોને પ્રોત્સાહન મળે  તેમના દ્રષ્ટિકોણ વિષે વધારે વિચારે અને રેશનાલિઝમ–નાસ્તિકતા તરફ વધારે ઢળતા જાય એ હેતુથી આ પુસ્તિકાનું પ્રકાશન કરવા નિર્ણય કર્યો. વાચકો પોતાના અભિપ્રાયો જણાવે તેવી વિનંતી.

---

# આવકાર...

**–રશ્મિકાન્ત દેસાઈ**

આપણી વિચારસરણી પર કયારેક અજાણતા ખોટી દ્રષ્ટિ આવી જાય છે. આપણા ચશ્માના કાચ (લેન્સ) પરંપરા વારસાગત શ્રદ્ધા, ધર્મ, દેશપ્રેમ, સંસ્કૃતિપ્રેમ, વફાદારી, ઈત્યાદિ જાતજાતના હોય છે, તેમને લીધે આપણે સાચી વાત જાણી–સમજી શકતા નથી. કારણ કે તે આપણી દ્રષ્ટિને અવરોધે છે, તે ચશ્મા ઉતારીને આત્મવિશ્વાસના લેન્સ પર વિવેકબુદ્ધિનો ઢોળ (Coating) ચઢાવ્યો હોય તેવા ચશ્મા પહેરીએ તો વાસ્તવિકતા સત્ય પારખી શકીએ. વિવેકબુદ્ધિનો ઢોળ એટલા માટે કે બીજાના કુપ્રભાવથી આંખ અંજાઈ ના જાય.

આ લખનારે તેમ કરી જોયું, પરિણામ અહીં રજૂ કરેલા લખાણોમાં વાંચી શકશો. આપે સહમત થવાનું આવશ્યક નથી. પૂરેપૂરા વિરોધી વિચારો ધરાવતા હો તો પણ એટલી જ વિનંતી છે કે કોઈ પણ પ્રકારનું બંધન હોય તો તે ફગાવી દઈ તમે પોતે જ નિર્ણય કરો. તમારે મારા કૂવા સહિત કોઈના પણ કૂવાના દેડકા થવાની જરૂર નથી. તમે પોતે વિચાર આકાશના એવા ગગનવિહારી રાજહંસ બની શકો છો કે જે સમુદ્રથી હિમાલયની ઉપરથી ઊડી શકે.

કાનમાં કહું ? ના રે ના આ વાતો ગુપ્ત નથી, છે તો છાપરે ચડી પોકારવા જેવી જો છાપરું હોય તો કે લાખો ચોપાનિયાં છપાવી વહેંચવા જેવી છે. મોટેથી બોલું તો પણ બીજા બધા પડઘમના શોરબકોરમાં સત્યનો ઝીણો અવાજ ડૂબી ના જાય તે જુઓ. મારી વેબસાઈટ ખોલીને વાંચી જ લો નિરાંતે.

અહીં જે લખાણ રજૂ કર્યા છે તે નિબંધ કે લેખ નથી. એક જુદા પ્રકારના ચર્ચાપત્રો ગણી શકાય. આશય એવો છે કે આપનું કુતૂહલ જાગૃત થાય અને સ્વતંત્ર વિચાર કરવા પ્રોત્સાહન મળે.

# મારો અભિગમ...
## ( My Approach )

**વાંચકોના પ્રતિભાવ :**

મારી વેબ સાઈટ પરના લખાણો વિષે કેટલાક મિત્રોનો પ્રતિભાવ છે કે તે ઘણા નકારાત્મક અને ખંડનાત્મક છે. મને ઘણી વાર સલાહ મળી છે કે મારે વિધાયક હકારાત્મક અભિગમ રાખવો જોઈએ. ચીલાચાલુ માન્યતાના વિરોધમાં બોલવાનું કે લખવાનું થાય ત્યારે આ લખનારને ઉતારી પાડવા માટે ઘણી વાર કહેવામાં આવ્યું છે કે, 'ખાલી ચણો વાગે ઘણો.' 'નાના મોંએ મોટી વાત.' 'સુરજ સામે ધૂળ ઉછાળો છો.' 'ઘુવડની જેમ સૂરજને જોઈ શકતા નથી.' વગેરે વગેરે. વિરોધીઓના અવાજને દબાવી દેવા માટેની આ જાણીતી તરકીબ છે. કેટલાક મુમુક્ષુ મિત્રોના મતે રેશનાલિસ્ટ લોકો એટલે જાણે દાનવો.

**જરૂરી સાવચેતી :**

શું રેશનાલિઝમ આ આભડછેટ પણ નકારાત્મક નથી ? રેશનાલિસ્ટ વિચારોથી પણ માનવજાતની ઉન્નતિમાં ઉપયોગી યોગદાન થઈ શકે. પ્રગતિ માટે પણ પ્રતિક્રિયા આવશ્યક હોય છે. જમીન પોચી હોય, પ્રતિક્રિયા ના કરતી હોય, તો આપણે ચાલી શકતા નથી. તેવી રીતે રેશનાલિસ્ટ પ્રતિક્રિયા સમાજની પ્રગતિ માટે આવશ્યક છે. વળી ચાલવા માટે બે પગ જોઈએ. બંને સરખા લાંબા અને સરખા મજબૂત હોય તો બરાબર ચલાય. નહિ તો લંગડાવું પડે. (જુઓ સમતુલા અને પ્રમાણસરતા) તેવી રીતે જીવનમાં પણ સારી બુદ્ધિ અને સાચી શ્રદ્ધા (જુઓ ભકિત અને શ્રદ્ધા, Uses and Abuses of Faith) સરખા હોવા જેઈએ. રેશનાલિઝમરૂપી આંખો વડે જોતા રહેવું જોઈએ કે પગ ગમે ત્યાં પડતો તો નથી ને ? નહિ તો દુર્બુદ્ધિ કે દુર્ભકિતરૂપી કેળાની છાલ પર પગ પડી જાય અને નાકતોડ ભૂમિપૂજન થઈ જાય.

**ચોખવટ :**

શરૂમાં એક ચોખવટ કરી લઉં. હું પૂરેપૂરો રેશનાલિસ્ટ નથી, અધૂરો જ છું. પુરેપુરો થવા ચાહું તો છું પણ થઈ શકું તેમ નથી. કારણ કે હું એટલો બધો બુદ્ધિશાળી અને વિદ્વાન નથી. જેવી છે તેવી અને જેટલી છે તેટલી મારી બુદ્ધિ વાપર્યે રાખું છું. બીજા બધાના અવરોધોને ગણકાર્યા વિના. ધાર્મિક વાર્તાઓ અને માન્યતાઓ અંગે હું તે વૈજ્ઞાનિક કે તર્કયુકત હોવાનો માપદંડ વાપરતો નથી. કેવળ તે ઉચિત છે કે અનુચિત, ન્યાયી છે કે અન્યાયી તે વિચાર કરું છું. હું મારી જાતને સમજણવાદી (સીધી સાદી સામાન્ય સમજણ common sense કોઠાસૂઝ

વાપરવાનો આગ્રહી) માનું છું. આસ્તિક છું. (જુઓ પરમેશ્વર વિ. બધા ધર્મો) પણ બધા ધર્મોથી અને બધા પ્રકારની આધ્યાત્મિકતાઓથી આઝાદ છુ (જુઓ આધ્યાત્મિકતા). મારું અધૂરું રેશનાલીઝમ તેમાં નડતું નથી. રામના દુષ્કૃત્યોને વખોડવા જેવી મારી ધૃષ્ટતામાં તે સહાય પણ કરતું નથી.

એક જ ઉદાહરણ આપું. વારંવાર ડંખ મારતા વીંછીને હાથ વડે બચાવતા સંતનો પ્રસંગ જાણીતો છે. સંત અને અસંત બંનેએ સીધી સાદી અકકલ વાપરવાને બદલે માણસના અને જીવડાના ધર્મોની સુફિયાણી વાતો કરી. ખરો પ્રશ્ન એ છે કે જોવાવાળાએ સંતને એકાદ મોટું પાંદડું કે ડાળખું કેમ ના આપ્યું કે જેથી તેઓ ડંખ સહન કર્યા વિના વીંછીને બચાવી શકે ને સંતે પણ કેમ તે ના માંગ્યું. જો આવી વાત લખું તો તે નકારાત્મક ગણાય ?

વિજ્ઞાન અને તર્ક ગમે છે પણ તેમનું પણ બંધન નથી રાખતો. શરીરના પોષણ માટે નકકર ખોરાક સાથે પાણી પણ લેવું પડે તેમ જીવન સારી રીતે જીવવા માટે વધારે તર્ક સાથે થોડી શ્રદ્ધા પણ જરૂરી છે તેમ માનું છું. નકકર ખોરાક ના ખાઈએ તો અશકિત આવે, પાણી વિના સુકાઈ જઈએ. ડીહાઈડ્રેશન ) ના ભોગ બનવું પડે. તેવું વિજ્ઞાન અને તર્ક વિના તેમ જ શ્રદ્ધા વિના થાય.

**હકારના પ્રકાર :**

હકાર બે જાતના હોઈ શકે. તથ્ય પરત્વે અથવા રજૂઆત અંગે. 'છગનભાઈએ વધારે ડહાપણ વાપરવું જોઈએ.' એમ કહીએ અને 'મગનભાઈ મૂરખ નથી.' એમ કહીએ તો તે બેમાંથી કયું હકારાત્મક ગણાય ? વધારે મહત્ત્વનું શું ? મુદ્દો કે શબ્દો ? સારા શબ્દોમાં કોઈને વખોડી પણ શકાય જેને 'કોથળામાં પાંચશેરી' કહે છે. કોઈ એકાક્ષીની ગરજ હોય તો તેમની આંખ વિષે મૌન રહેવાને બદલે 'ધીરે ધીરે પૂછીએ કે શાથી ખોયું નેણ ?' વાળી સલાહ માનીએ તો તે હકારાત્મક ગણાય ? કોઈની ગરજ ના હોય છતાં આપણી વાત અસ્પષ્ટ રીતે રજૂ કરીએ તો તે કહેવાનો કે લખવાનો હેતુ ના પણ સરે. તેથી મારા લખાણોમાં કોઈકોઈને નકારાત્મકતા વર્તાતી હોય છે. મારો ઈરાદો કોઈનું પણ અપમાન કરવાનો નથી હોતો. આશય સાફસાફ વાત કરીને વાંચકોને મૂળભૂત મુદ્દાઓ વિષે તેમની પોતપોતાની રીતે વિચારતા કરવાનો જ છે. કૂલડીમાં ગોળ ભાંગવો મુત્સદ્દીઓને શોભે, મને ગમે પણ નહિ ને આવડે પણ નહિ. ખરેખર તો પોતાની સામાન્ય બુદ્ધિ પણ ના વાપરવી તેના જેટલો નકારાત્મક અભિગમ બીજો કોઈ નથી.

જે કંઈ વાંચવામાં આવે કે સાંભળવામાં આવે તે બધાને સાચું માનીએ તો તે હકારાત્મક ના કહી શકાય. પરસ્પર વિરોધી વાતોમાંથી કઈ વાતને સાચી માનવી ? જેમના તરફથી રજૂ થઈ હોય તેમાંથી જે વધારે બળવાન, ધનવાન, જાણીતો કે સત્તાધીશ હોય તેની ? કે પછી ગાડરિયા પ્રવાહમાં ભળી જઈ બીજા બધા જે માનતા હોય તે વાત માનવી ? આપણી પોતાની સામાન્ય બુદ્ધિ વાપરીને પસંદગી કરીએ તો તે નકારાત્મક ગણાય ? બધી જ સકારાત્મકતા (કે વિધાયક અભિગમ) સાચી કે સારી નથી હોતી. કેટલીક આભાસી તો બીજી કેટલીક તો દંભી પણ હોય છે. ભીરુતાને છુપાવવા માટે પણ સકારાત્મકતા ઉપયોગી થઈ પડે. આપણે જો કોઈની વાત આખેઆખી માનીએ તો જ હકારાત્મક ગણાઈએ ?

'ના' એ શબ્દ ખરાબ નથી. વાલ્મિકી અને વ્યાસ જેવા મુનિઓએ પણ તે વાપર્યો છે. મોક્ષ મેળવવો એટલે પુનર્જન્મ ન જ થવા દેવો. તેમાં કઈ હકારાત્મકતા આવી ? ધ્યાનમાં નિર્વિચાર કે વિચારવિહીન અવસ્થા પ્રાપ્ત કરવાની હોય છે, તે પણ નકારાત્મક પ્રવૃત્તિ છે. તેના વિકલ્પે હકારાત્મક સુઝાવ આ લખાણના છેડે આપ્યો છે.

એક મિત્રે કહ્યું કે તેમના ગુરુના ગુરુ પાંચસો વરસથી જીવતા હતા. મેં પૂછ્યું કે શું તે ગુરુવરને પોતાનો નશ્વર દેહ એટલો બધો વહાલો હતો કે ચારસો વરસથી પકડી રાખ્યો હતો. આ સવાલ તેમને નકારાત્મક લાગેલો. તમને લાગે છે ? ખરેખર નકારાત્મક તો તે મહાગુરુનો દાવો હતો કે તેઓ ચારસો વર્ષોથી મરતા નહોતા.

અમુક જૂથ કે વ્યકિત લોકોને છેતરે છે એમ બધાને સમજાવવાનો પ્રયાસ કરીએ તો તે નકારાત્મક ગણાય કોઈ એક પરંપરા ખોટી કે હાનિકારક છે એમ કહીએ અને તે બંધ કરાવવાની માંગણી કરીએ તો તે વિધ્વંસક બની જાય ? દાખલા તરીકે સતી પ્રથા બંધ કરાવવાનું પગલું કે અસ્પૃશ્યતા નાબુદીને ખંડનાત્મક કહેવાય ?

**મારી વાત :**

ખોટી અને ખરાબ વાતને તે તેવી છે એમ ના કહું તો સાચી અને સારી વાતને સારી કહું તે ખોખલી ઔપચારિકતા બને. સાચી સારી વાતની હાંસી થાય. આવી (calfthearted) નીતિ ભીરુતાની નિશાની છે. સાચી વાતને સાચી કહેવા સાથે ખોટી વાતને ખોટી કહેવી જ જોઈએ. દૂધમાં અને દહીંમાં બંનેમાં પગ રાખવા તે બિનજવાબદારી અને ડરપોકપણું છે. વિદ્યા શીખવી જોઈએ એમ કહેવા સાથે કઈ વિદ્યા શીખવી અને કઈ નહિ તે પણ ના કહીએ 'પરાતીસંધાન' (બીજાને છેતરવાની) કે જુગાર રમવાની કળા પણ શીખવા યોગ્ય ગણાય ? સારી ટેવો પાડો અને કુટેવો છોડો એમ કહીએ તો તે નકારાત્મક ના ગણાય.

સજ્જનોનું મૌન દુર્જનો માટે તેમના દુષ્કૃત્યોનું અનુમોદન બની જતું હોય છે. અને તેને લીધે ખોટા ને ખરાબ તત્ત્વોને ફાવતું આવી જાય છે. તે તો ના થવા દેવું જોઈએ ને ? અમેરિકાના મંદિરોના સંચાલકો ભકતોની ભીડ ભેગી કરવા 'મહાપ્રસાદ' ધરાવે છે કે જેથી લોકો તેમના ગુરુનું સાંભળે. અહીં તો મધવિહીન સુ–દર્શન કાઢે છે. જોવો ય ના ગમે. ચાખવાની હિંમત કરી શકશો ?

**વિકલ્પોની શોધ :**

જ્યોતિષ જેવી વાહિયાત અને બાધક પરંપરાનો સકારાત્મક વિકલ્પ હોઈ શકે ખરો ? છેતરપિંડીના પ્રતિકાર માટે કયો વિધાયક અભિગમ હોઈ શકે ? બધી ક્રિયાઓ સર્જનાત્મક ના હોઈ શકે. સર્જન કરતા પહેલાં વિનાશ પણ કરવો પડે. આર્યોએ ખેતી કરવા માંડી તે કેવી રીતે ? વનોનો નાશ કરીને જ. વનવાસી પર્યાવરણરક્ષકોએ વાંધો ઉઠાવ્યો તો તેમને રાક્ષસો કહીને રહેંસી નાખ્યા. ઈન્દ્રપ્રસ્થ બાંધવા માટે આખે આખું ગામ ખાંડવ વન બાળી નાંખ્યું ત્યારે વિધાયક અભિગમ કયાં હતો ?

**માપદંડ :**

અલ્પાત્માને માપવા માટે સત્યનો ગજ ટૂંકાવવો ના જોઈએ પણ મહાત્માને માપવા માટે તેને લંબાવવો તો જોઈએ. નહીં તો મહાત્મા શાના ? કુંવારો માણસ પરણે કે તરત તેની વર્તણૂક વિશેની બધાની અપેક્ષા થોડીક વધી જાય. તે બાપ બને ત્યારે થોડી ઔર વધે. વિભકત કુટુંબના વડા કરતા સંયુકત કુટુંબના વડાની જવાબદારી વધારે હોય. માણસ જેમ જેમ મોટો થતો જાય. ખાસ કરીને પદપ્રાપ્તિમાં, તેમ તેમ તેની વર્તણુંક સુધરતી જવી જોઈએ. તેથી ઉપદેશ આપવા નીકળેલાઓનું વર્તન આપણા કરતાં ઘણું વધારે સારું હોવું જોઈએ. દાખલા તરીકે આપણા જેવો સામાન્ય માણસ કોઈ બાળકીને જુએ તો તેની ફરજ છે કે તે બાળકીની મા અથવા બાપને શોધીને તેને સોંપે. ને તે ના મળે તો પણ તે બાળકીને સાચવી શકે તેવી કોઈ જવાબદાર વ્યકિતને સોંપે કે જેથી તેને કશી હાનિ ના પહોંચે. આ વાત તમને માન્ય હોય તો વિચારો કે નવજાત બાળકી શકુંતલાને મોરલાઓ વચ્ચે મૂકીને તપ કરવા ચાલ્યા જવાનું વિશ્વામિત્રનું કૃત્ય અમાનુષી હતું કે નહીં ? આમાં રેશનાલિઝમનો પ્રશ્ન કયાં આવ્યો ?

**વિસંગત ઉપદેશો :**

સંતો મહંતો ઉપદેશકો કહે તે બધું સાચું માની શકાય ? 'દયા ધર્મ કા મૂલ હૈ'

કહેનાર જો યે સબ 'તાડન કે અધિકારી' એમ પણ કહે તો પૂછીએ નહિ કે તમારી દયા કયાં ગઈ ? જીવનભર જે સ્વધન કમાયા જ ન હોય અને જેમણે બીજાનું ધ્યાન વાપરી નાખ્યું હોય, તે ભકત 'વૈષ્ણવજન' પરધન ન ઝાલે હાથ' કહે છતાં તેમને સંત કહેવાય તે સ્વીકારી લેવાનું ? આવી બાબતોમાં વિજ્ઞાન કે તર્કની જરૂર પડે ?

**કૃપાત્ર નાયકો :**

'યથા રાજા તથા પ્રજા.' કહેવાયું છે. કારણ કે રાજાના ગુણઅવગુણ થોડેવત્તે અંશે પ્રજામાં આવે. તેવી રીતે માબાપ અને અન્ય વડીલો જેના વખાણ કર્યા કરતા હોય તેના ગુણઅવગુણ બાળકોમાં આવે, તેથી જરૂરી છે કે માનને લાયક ના હોય તેવા 'મહાપુરુષો' ના વખાણ ના કરવા જોઈએ. આવા કેટલાક પાત્રોની અપાત્રતા ઉઘાડી પાડવાના આ લખનારના પ્રયત્નોને સાથ આપવાને બદલે વખોડવામાં આવે તે શોચનીય છે. ઉદાહરણ તરીકે લઉં છું.

વિશ્વામિત્ર ખરેખર જુઓ તો તેઓ મહાનાયક નહિ પણ મહાખલનાયક હતા. કેમકે રાજા હરીશચંદ્ર વસિષ્ઠ, ત્રિશંકુ અને શકુંતલાના જીવનોમાં તેમણે ખલનાયકની ભૂમિકા જ ભજવી હતી. આવી વ્યકિતને 'બ્રહ્મર્ષિ' તો શું, ઋષિ પણ ના કહેવા જેઈએ. આવી વ્યકિતઓને આપણે વખાણીએ છીએ તે શું ખોટું નથી ?

**ત્યારે કરીશું શું :**

મૃતાત્માઓના વખાણ કરવા બંધ કરવા સિવાય વધારે કશું કરી શકાય તેમ નથી. પરંતુ હાલમાં જેઓ લોકોને છેતરે છે તેમને અટકાવવા માટે હકારાત્મક વિધાયક અભિગમ ના જડે ત્યાં સુધી નિષ્ક્રિય રહીશું ? પુરતા વિરોધીઓ ભેગા થાય તેની રાહ જોતા રહીએ તે દરમ્યાન છેતરપિંડી ચાલતી રહેવા દઈશું ? રેશનલ હોઈએ કે ના હોઈએ તો પણ સમજદાર નાગરિકો તરીકે શું આપણી ફરજ નથી કે અવાજ ઉઠાવીને લોકોને જણાવીએ કે હકીકત શું છે ? શ્રદ્ધાને બહાને અંધશ્રદ્ધા ફેલાવી જનતાને છેતરવામાં આવે છે તે પ્રત્યે આંખ મીંચી રાખી મોક્ષ માટે સાધના કરતા રહીશું ? અન્યાય સામે અવાજ ઉઠાવે તે યુવાન, અન્યાય સહન કરી લે કે તેને અનુમોદન આપે તે વૃદ્ધ. તમે શરીરે વયસ્ક ભલે હો, માનસિક યુવાન છો કે નહિ ?

**અહંકારના પ્રકાર :**

મારી આવી વાતોના કારણે મને ઘણીવાર એમ પણ કહેવામાં આવ્યું છે કે મારા વિચારો મારા અહંને લીધે છે. તેથી મારે અહં છોડવું જોઈએ. તો જોઈએ કે આવા પ્રતિભાવ પાછળ શું છે. અહંકાર પણ જાતજાતના હોય. કોઈ નાના, કોઈ મોટા, કોઈ હિતકારક (શ્રીકૃષ્ણ

मामेकं शरणं व्रज), तो कोई हानिकारक (कंस), कोई सर्जनात्मक (भगीरथ) तो कोई सर्वनाशक (रावण). चतुर वाचक तेमना उदाहरण जाते ज जोई जाणी लेशे. छतां एक अहंकार वधारे लखाण मांगी ले छे ते छे आध्यात्मिकतानो **अहंकार.**

ગુરુ કોણ બની શકે ? જે બીજાઓને લઘુ બનાવી શકે તે. શિષ્ય વિનાનો ગુરુ જોયો કે સાંભળ્યો છે ? કોઈને ચેલા બનાવવા શું કરવું પડે ? તેનું અહં છોડાવવું પડે. તે અહં જાય ક્યાં ? ગુરુના મસ્તકમાં, જેટલા શિષ્યો વધે તેટલું ગુરુનું અહં વધે. દુઃખના માર્યા લોકો ગુરુઓ પાસે જાય પણ ગુરુઓ સુખની વ્યાખ્યા જ બદલી નાંખે છે. શિષ્યો અને અનુયાયીઓને દબાયેલા રાખવા માટે તેમનામાં લઘુતાગ્રંથિ, હીનતાભાવ કે તેથી પણ નીચો ક્ષુદ્રતાભાવ જગાવવો અને ટકાવી રાખવો જોઈએ. તે માટે પોતાનો ચરણ સ્પર્શ કરાવવો. વસિષ્ઠની ચરણરજ ના લીધી ત્યાં સુધી વિશ્વામિત્ર બ્રહ્મર્ષિ કહેવાને પાત્ર નહોતા, લીધી કે તરત જ સુપાત્ર થઈ ગયા. વસિષ્ઠનો અહંકાર પણ નાનો થોડો હતો ? ગુરુઓ પોતાના નામની સહી કરે ત્યારે પણ 'સ્વામી', 'પરમહંસ' કે એવી પદવી પહેલા લખે પછી પોતાનું નવું નામ ફલાણાનંદ કે ઢીકણાનંદ જે હોય તે લખે. આપણા બધાનો સૂક્ષ્મ અહં હોય. કેટલાકનું મહાહં (મહા અહં) હોય, તેઓ બીજાઓને અહં છોડવાની સલાહ આપ્યા કરે. બધા માટે અહં જરૂરી છે. તેના વગર માણસનું અસ્તિત્વ અધૂરું રહે. કોઈનું અહં તેના ધારક પાસે સારા કામ કરાવે. બીજા કોઈનું અહં ખરાબ કામો કરાવે. આપણું અહં ખરાબ પ્રકારનું ના બની જાય તેની તકેદારી રાખવી જોઈએ. મારામાં અહં છે. તેનો ગર્વ કરવાનો ના હોય. ક્ષોભ પણ શા માટે કરવો ?

**અંતમાં :**

મારી પ્રકૃતિ દત્ત બુદ્ધિનો ઉપયોગ ન કરવો જોઈએ ? સાવ ન જ વાપરું તો તે પણ દુરુપયોગ જ ગણાય, અને ઈશ્વરનું અપમાન પણ થાય. તેથી હું મારી સમજશકિત વાપરું છું. કોઈને ગમે કે ના ગમે, મને તો જે સાચું લાગે છે તે એવું જ ભેળસેળ વિના જણાવું છું. સ્વીકારવું કે નકારવું તે તો વાંચકનો સ્વાધિકાર છે. નકારવું હોય તો ભલે, પણ હજારો વર્ષોના પ્રચારથી રૂઢ બનેલી વિચારસરણીમાં ઘણી નહિ તો થોડી તો ભૂલો છે એટલું જાણો તો યે મારો પ્રયત્ન સાર્થક થશે.

**હકારાત્મક વિકલ્પનો નમૂનો :**

આજકાલ ઘણા લોકો ધ્યાન ધરતા થઈ ગયા છે અથવા તેવો દાવો કરે છે. સારી વાત છે, તેથી પણ વધારે અગત્યની વાત ધ્યાનના સમય સિવાયના સમયમાં આપણે કેવું વર્તન કરીએ છીએ તે છે. ધ્યાન તો દિવસમાં થોડા કલાક જ ધરી શકાય. બાકીના સમયનું શું ? એવા

પણ 'ધ્યાનીઓ' હોય છે કે વચગાળાના સમયમાં દુષ્કૃત્યો કરતા હોય, તેથી 'ધ્યાન' રાખવાનું મહત્ત્વ વધારે છે, એટલે કે જે કાંઈ કર્મ કરીએ તેમાં ધ્યાન રાખીએ કે તે ઈશ્વરપ્રીત્યર્થે જ કરવાનું છે. કદાચ આપણી મનોવૃત્તિ એવી ધાર્મિક પ્રકારની ન હોય. આપણા સ્વાર્થ માટે જ કર્મ કરતી વખતે પણ ધ્યાન રાખવું જોઈએ કે તેનાથી બીજાનું અહિત તો ન જ થવું જેઈએ. પરમાર્થનું કામ કરતી વખતે પણ ધ્યાન રાખવું જોઈએ કે તેનાથી આપણું પોતાનું, આપણા સ્વજનોનું કે ત્રાહિતનું અહિત ન થાય. પ્રત્યેક પળે એ ધ્યાનમાં રાખવું જોઈએ.

SUBMISSION :

Personally, I compare God to the joker in a pack of playing cards. That card is not used in the game of bridge because that game needs a lot of logic to play, but not luck, once the cards have been dealt. Not everyone can play bridge. I don't. It is too taxing to my brain. But in other games, the joker card is assigned a value exceeding even the ace of trump. It overrides all other cards. A player who got only the lower value cards would hope, and probably pray, for a joker. Similarly, those of us who have received only low value cards (opportunities) in our lives can, and should, be excused for wishing the help of the joker that God is, just an imaginary arbitrary concept. Why should not we use that concept for benevolvent use to prevent its misuse by those who mislead people ?

# ૧. પૂજાના સ્વરૂપો...

(Forms of worship) નો ગુજરાતી અનુવાદ

એક બહુ જાણીતા સંસ્કૃત શ્લોક અનુસાર માનસિક પૂજા શ્રેષ્ઠ છે અને મૂર્તિપૂજા સૌથી નીચા પ્રકારની પૂજા છે. વાસ્તવમાં માનવ સ્વભાવ જ એવો છે કે માણસ માત્ર મૂર્તિપૂજક છે, પછી ભલે ગમે તે ધર્મમાં માનતો હોય. કેટલાક લોકો જાણીને સ્વીકારીને પણ સમજયા વિના કરે. બીજા ઘણા મૂર્તિપૂજાનો અસ્વીકાર કરવા કે તેની ટીકા કરવા છતાં અજાણતા પણ મૂર્તિપૂજા તો કરતા જ હોય છે.

મૂર્તિપૂજા મંદિરમાં જ થઈ શકે તેમ નથી. કોઈ પણ પ્રકારનું ચિહ્ન પહેરીએ તો તે પણ આડકતરી રીતે મૂર્તિપૂજા જ છે. ધાર્મિક મહાપુરુષોના નશ્વર દેહોની જન્મજયંતી ઉજવવી તે પણ મૂર્તિપૂજાનું છૂપું સ્વરૂપ છે. અબ્રાહમે ઈશ્વરના સ્મારકો (monuments) સ્થાપ્યા તે પણ મૂર્તિપૂજા જ હતી. તાલીબાનોએ અફઘાનિસ્તાનમાં  બામિયાન બુદ્ધને તોડી પાડયા તે પણ ભલે નકારાત્મક (negative) છતાં હતી તો મૂર્તિપૂજા જ, કારણ કે તેમને મૂર્તિનો ડર લાગતો હોવાની આડકતરી છૂપી કબૂલાત હતી. મૂર્તિઓનો ધિક્કાર પણ મૂર્તિપૂજાનું સ્વરૂપ જ છે.

શિકાગો પાસે એક પુલના થાંભલા પર કોઈને માતા મેરીની છબી દેખાઈ. તેને જોવા અને પૂજવા હજારો ઈસાઈઓ ભેગા થતા હતા. કરોડો લોકો મક્કા, જેરુસલામ વગેરે સ્થળોની જાત્રા કરતા હોય છે. હજારો લોકો સંત ફ્રાન્સીસ ઝેવિયર્સના મૃતદેહના દર્શન કરવા ગોવા જાય છે જે ખરેખર તો શબપૂજા છે. કાશ્મીરમાં હઝરત બાલના દીદાર કરાય છે. આ બધી પણ આડકતરી મૂર્તિપૂજા જ છે. તેમાં ખાસ કશું ખોટું નથી.

ચલણી નોટો કંઈ તામ્રપત્ર જેવી ટકાઉ નથી હોતી. આગ, પાણી કે ઉધઈ વડે સહેલાઈથી નાશ પામે તેવા કાગળની બનેલી હોય છે, છતાં તેનું મૂલ્ય હોય છે, ને તે મૂલ્ય પણ તેના પર છપાયેલી રકમ અને ચિત્ર પ્રમાણે જુદું જુદું હોય છે. આ પણ મૂર્તિપૂજાનો હળવો પ્રકાર જ છે ને ?

આપણી પ્રિય અથવા સન્માનનીય વ્યકિતના ફોટા સાથે કોઈ અપમાનજનક ચેષ્ટા કરે તો આપણને ગુસ્સો આવે. પણ જરા વિચાર કરીએ તો આખરે તો તે એક કાગળનો ટુકડો જ છે. તે પાણી, આગ કે ઉધઈ વડે નાશ પામે તો આપણે ગુસ્સે ન થઈએ તો હવે શા માટે થવું જોઈએ ? તેવી જ રીતે ધર્મ પુસ્તકો પણ કાગળના ટુકડાઓના નાશવંત સમૂહો જ હોય છે.

તેમનો નાશ ઘસારો, પાણી, આગ કે ઉધઈ કરે અથવા કોઈ નાસમજ વ્યકિત કરે, હોબાળો શીદ કરવો ? છતાં લોકો કરે છે તે પણ પુસ્તક રૂપી મૂર્તિની પૂજા જ છે.

આનો અર્થ એવો નથી ઉપર લખ્યા તેવા દુષ્કૃત્યો વાજબી છે. તે તો નથી જ. આ લખનારનો હેતુ મૂર્તિપૂજાના વિરોધીઓને સમજાવવાનો છે કે જેવી ભાવનાને લીધે લોકો ધર્મપુસ્તકોમાં શ્રદ્ધા રાખે છે તેવી જ ભાવના મૂર્તિપૂજા કરનારાઓની હોય છે. ધર્મપુસ્તકોના અપમાન કરનારાઓના મનમાં જે ભાવ હોય છે તેની સામે વિરોધ હોય છે. જો કે આવો ભાવ પ્રગટ ના થાય તો તેનો કશો ઉપાય નથી હોતો. આવા ભાવો જો વાંધાજનક હોય તો મૂર્તિપૂજા વિરુદ્ધના ભાવો પણ વાંધાજનક ગણાવા જોઈએ. જેમ ધર્મપુસ્તકોના અપમાનને વાજબી ન ઠરાવી શકાય તેમ મૂર્તિઓના નાશને પણ બિરદાવી ના શકાય. આ વાત તેઓ સમજે તો મૂર્તિપૂજા સામેનો તિરસ્કાર ઘટાડી શકાય.

બાઈબલ કહે છે, 'and God said, Let us make in our image, after our likeness and.....' (Gensis 1:26)

અને

'The Lord is a man of war. ...' (Exodus 15 : 3). આમ બાઈબલ પણ સ્વીકારે છે કે ઈશ્વર મનુષ્ય જેવો દેખાય છે, તો હિંદુઓ તેમની માનવ રૂપની મૂર્તિઓ બનાવી તેમની પૂજા કરે તેમાં ખોટું શું છે ? મોજહીસના સમયમાં ઈજિપ્ત અને મધ્યપૂર્વમાં બિલાડી વગેરે પશુઓનાં પૂતળાંઓની પૂજા થતી હતી તે બંધ કરવા માટે કદાચ આદેશ આપવામાં આવ્યો હશે.

મૂર્તિપૂજા એટલા માટે જરૂરી બને છે કે આપણા નિર્બળ માનવમનને શ્રદ્ધાના આધાર માટે કોઈને કોઈ ચિહ્ન જોઈતું હોય છે. તે શ્રદ્ધા પરમેશ્વરમાં, તેમના બની બેઠેલા કોઈ સ્વનિયુકત પ્રતિનિધિમાં અથવા તેમના કહેવાતા શબ્દોના પુસ્તક જેવા કે વેદ, ગીતા બાઈબલ, કુરાન વગેરેમાં હોઈ શકે છે. મૂર્તિપૂજાનો પ્રકાર નીચલી કક્ષાનો હોવા છતાં તે અસ્વીકાર્ય ન હોઈ શકે. મૂર્તિની પૂજાનો એક લાભ તો છે જ કે તે પૂજકને તેના હૃદય અને બુદ્ધિનો ઉપયોગ કરતા રોકતી નથી. પરંતુ ધર્મપુસ્તકો તેમ કરે છે. તેથી મૂર્તિપૂજા કરતા પણ નીચલી કક્ષામાં પુસ્તકપૂજાને મૂકવી જોઈએ. કોઈ પણ પુસ્તકને 'ઈશ્વરનો શબ્દ' માનીને તેમાં લખેલી બધી વાતોને સાચી માનીને તેનું આંધળું પાલન કે અનુકરણ કરવું તે યોગ્ય નથી. પુસ્તકપૂજાનો ગેરફાયદો એ છે કે તેના લેખકના વિચારો પરમેશ્વર અને તેમના ભકતની આડે આવે છે. જેમ કે ભારત જેવા ગરમ દેશમાં જે કપડા અનુકૂળ આવતા હોય તે કપડા જ કેનેડા જેવા ઠંડા

પ્રદેશમાં પણ પહેરવા જોઈએ નહીં તો આપણી સંસ્કૃતિનો ધ્વંશ થાય તેવો આગ્રહ રાખનારાઓ ધર્મ કે સંસ્કૃતિને કશો લાભ નથી કરતા પણ અનુયાયીઓનું અહિત કરે છે.

પોતાનું મંતવ્ય પુરવાર કરવા માટે કેટલાક લોકો તેમના ધર્મપુસ્તકમાંથી અવતરણો ટાંકતા હોય છે. કયા સમયે કયા સંજોગોમાં તે વાત તે પુસ્તકમાં લખી હતી તે જાણ્યા વગર તેને વળગી રહેવામાં ડહાપણ નથી.  તે તેમને કોણ સમજાવે ? આવા પુસ્તકો કંઈ ઈશ્વરે બોલેલા કે લખેલા નથી હોતા. તેમના લખનારાઓ એવા ભ્રમમાં રાચતા હતા કે સમગ્ર માનવજાત માટે કાયમ માટે નિયમો બનાવવાની સત્તા ઈશ્વરે તેમને આપી હતી. આમ કરીને તેમણે તેમના અનુયાયીઓને અને માનવજાતને ઘણી હાનિ પહોંચાડી છે.

વાંચનથી વાચકની વિચારશકિત વધવી જોઈએ. કુંઠિત ન થવી જોઈએ. સ્વતંત્ર રીતે વિચારવાને પ્રેરણા અને પ્રોત્સાહન મળવા જોઈએ, તે કામ ધર્મપુસ્તકો નથી કરતા. ઊલટાનું તેમાં વિઘ્ન નાંખે છે. ઈશ્વર માનવજાતને જે કંઈ  કહેવા માંગતો હતો તે બધું તેણે આપણા કોઈ ‘અત્યંત મહાન’ પૂર્વજને (કે પૂર્વજોને) કહી દીધું અને શાંતિથી ઊંઘી ગયો ? આપણે તો બસ તે પૂર્વજનું લખાણ વાંચીને તે અનુસાર જીવ્યા કરવાનું એવી માન્યતાને લીધે આપણો વિકાસ રૂંધાય છે. એ તો સારું છે કે અપવાદરૂપ વિરલાઓએ ધર્મપુસ્તકોની અવગણના કરીને આટલો પણ વિકાસ સાધ્યો છે.

મૂર્તિપૂજામાં પણ ખામીઓ હોય છે. જેઓ સાધનાના એક તબક્કા તરીકે મૂર્તિપૂજા કરતા હોય છે, તેઓ તો સમય આવે તેને છોડી દેતા હોય છે. પરંતુ એવું પણ કહેનારા છે કે મૂર્તિપૂજા એ ભારતે વિશ્વને આપેલી શ્રેષ્ઠ ભેટ છે જે થોડી વધારે પડતી વાત છે. આવા સમર્થકો દાવો કરે છે કે તેનાથી એકાગ્રતા કેળવવામાં મદદ થાય છે, આ શકય નથી. પૂજાની વિધિ જ એવી હોય છે કે એકાગ્રતા તૂટયા વગર રહે નહીં તો પરમેશ્વર સાથે તાદાત્મ્ય કેમ કરીને થાય ? કેટલાક ભકતો તો વારાફરતી જુદાજુદા દેવોની પૂજા કરતા હોય છે. કોઈ કોઈ તો રોજ સવારે જુદાજુદા મંદિરોમાં જતા હોય છે. અહીં એકાગ્રતા કયાં આવી ? ઘેર રહીને પોતાનાં મંદિરની મૂર્તિની પૂજા કરીએ તો કદાચ એકાગ્રતા જાળવી શકાતી હશે પણ મંદિરોમાં ભારે ઘોંઘાટ અને ભીડ વચ્ચે તે કેમ કરીને જળવાય ? ખાસ કરીને જ્યાં ખિસ્સા પાકીટ અને અછોડા સભાળવાના હોય અને જૂતા ચંપલની ચિંતા માથા પર હોય ત્યાં ?

એકાગ્રતા ખાતર કશાકની જરૂર હોય તો તે માનવ સ્વરૂપની મૂર્તિ જ શા માટે ? એકાદ ગોળો મૂકીને તેના પર દ્રષ્ટિ સ્થિર કરી શકાય. મોટા ગોળાથી શરૂઆત કરીને ઉત્તરોત્તર

નાના ગોળા મૂકીને એકાગ્રતા વધુને વધુ તીવ્ર કરતા જઈ શકાય. માનવ રૂપની મૂર્તિની જ પૂજા કરવી હોય તો પણ કોની મૂર્તિની પૂજા કરવી ? સામાન્ય રીતે આપણે આપણા કુળની પરંપરા ચાલુ રાખીને આપણા કુળદેવતાની પૂજા કરતા હોઈએ છીએ. કારણ કે તેમને માટેની શ્રદ્ધા આપણને વારસામાં મળી હોય છે. જેની પણ પૂજા કરીએ તેની કોઈને કોઈ વાર્તા હોય છે. આ વાર્તા પૂરેપૂરી સાચી હોય છે તેમ આપણે માની લઈએ છીએ. જેની પૂજા કરીએ તે ઈષ્ટદેવ સર્વગુણ સંપન્ન અને સર્વદોષરહિત હોય એમ માનવાનું આપણને ગમે. પરંતુ તે ભૂલભરેલું હોઈ શકે. આપણા ઈષ્ટદેવ ઐતિહાસિક હોય કે કાલ્પનિક હોય, તેમના કરેલા કહેવાતા કૃત્યો વિષે વૈજ્ઞાનિક કે તાર્કિક શંકા ન કરીએ તો પણ આપણી સામાન્ય બુદ્ધિ વાપરી સત્ય, ન્યાય અને માનવીયતાની દ્રષ્ટિથી તેમને મૂલવવા જોઈએ. આપણે તેમ કરતા નથી. દાખલા તરીકે રામે સીતાની લીધેલી અત્યંત અન્યાયી, અમાનુષી અને ઘૃણાસ્પદ અગ્નિપરીક્ષાને વાજબી ના ગણવી જોઈએ. છતાં ગણીએ છીએ. આ અને આવા કારણોને લીધે આપણી રોજિંદી જિંદગીમાં થતા અન્યાયોને આપણે સાંખી લેતા હોઈએ છીએ.

બીજા કેટલાક માળા ફેરવતા હોય છે. કોઈ મંત્ર એક વાર બોલીને એક મણકો ખસેડવાનો. ૧૦૮ મણકા ખસી જાય એટલે એક માળા પૂરી. કેટલી માળા ફેરવવાની હતી તે પહેલેથી નકકી કર્યું હોય, તેટલી માળા ફરી જાય ત્યાં સુધી મંત્ર જપ્યા કરવાનો. ધ્યાન મંત્રમાં રહે કે મણકો ખસેડવામાં, કે પછી માળા ગણવામાં ? ઈશ્વર માટે ભાવના હોય તો તેને કાંઈ ગણવાની હોય ? તેવું જ વિષ્ણુસહસ્ત્ર નામનું છે. નામ કહેવાય છે પણ તે બધા છે તો વિશેષણો જ. એક શ્લોકમાં ૧૦ નામ હોય તો લગભગ ૧૦૦ શ્લોક યાદ રાખવા પડે. એકનું એક નામ બીજી વાર આવી ન જવું જોઈએ. કોઈ નામ રહી ના જવું જોઈએ. વળી તે બધા પૂર્વ નિર્ધારિત ક્રમમાં જ બોલવા કે યાદ કરવા પડે. આમાં ધ્યાન કઈ બાબતનું રખાય ? ધ્યાન તો એનું રાખવાનું કે કોઈ જોતું ન હોય તો પણ ખરાબ કામ ન કરીએ અને સારા કામો જ કરીએ.

પુસ્તકપૂજા કરતા પણ ખરાબ હોય તો તે ગુરુપૂજા છે. 'ગુરુ તો સાક્ષાત પરબ્રહ્મ છે.' અને 'બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય' જેવા વાકયો ખૂબ ભ્રામક છે જેનાથી પ્રજા છેતરાયા કરે છે. ગુરુઓએ પોતે પોતાની પ્રશંસા કરાવવા તેમ જ લોકોમાં હીનતાગ્રંથિ પેદા કરવા અને ટકાવી રાખવા માટે આવા કથનો પ્રચલિત કર્યા હોય છે કે જેથી તેઓ તેમના અનુયાયીઓનું શોષણ કરી શકે. સાચી આધ્યાત્મિક વ્યકિત 'નિર્મમો નિરહંકાર' સ્થિતપ્રજ્ઞ હોય. કોઈને પોતાના શિષ્ય બનાવવા માટે પોતે તેના કરતા આધ્યાત્મિક રીતે ચડિયાતા

હોવાનું અભિમાન હોવું જરૂરી છે. માણસ કોઈને પોતાના શિષ્ય તરીકે સ્વીકારે તો તે તેનો આધ્યાત્મિકતાનો અહંકાર સાબિત કરે છે. આમ 'સદ્‌ગુરુ' મળવા શકય નથી. અભિમાની વ્યકિતને 'સાક્ષાત પરબ્રહ્મ' કેમ કહી શકાય ? 'બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય'માં સમજવા જેવી વાત એ છે કે ગુરુ અને ગોવિંદ એક નથી. વળી આ ગુરુ સમજદાર હતા તેથી પોતાને ઈશ્વર ગણાવવાને બદલે ગોવિંદને બતાવ્યા.

સૌથી ઉતરતા પ્રકારની પૂજા ગાય, તુલસી, નદી વગેરેની છે. ખાસ કરીને ગૌપૂજાની તરફેણમાં વૈજ્ઞાનિક જણાતી ભ્રામક દલીલો કરવામાં આવે છે. ગૌમૂત્રના ફાયદાઓનું 'સંશોધન' કરાય છે તો ભેંસમૂત્રનું કેમ નહીં ? ફકત ગાયને જ કેમ મહત્ત્વ આપીએ છીએ ? ગૌપૂજાનો ફાયદો તેમના માલિકોને જ થાય છે કે જેઓ ગાયોને રખડતી છોડીને દોહવાના સમયે જ હાજર થઈ જતા હોય છે.

ટૂંકમાં જેની પૂજા કરીએ તે સદ્‌ગુણોને આપણા જીવનમાં ઉતારીએ અને તેમની ભૂલોને ટાળીએ તો તે સૌથી ઉત્તમ પૂજા કહી શકાય.

# ૨. અંધશ્રદ્ધાનો વડલો...

અંધશ્રદ્ધાનું ઝાડ ઘેઘુર વડલા જેવું છે. એની વડવાઈઓ પણ એના થડ જેવી મજબૂત થઈ ગઈ છે. આ ઝાડનો નાશ કરવો હોય તો વડવાઈઓનો નાશ કરવો પડે. તે માટે પહેલા તો તેમને ઓળખીને શોધી કાઢવી પડે. થોડી વડવાઈઓની ઝાંખી કરીએ અને તેમને મળતા ખાતરની ઝલક જોઈએ.

આ કામ કરવા માટે નાસ્તિક હોવું જરૂરી નથી. મારા પર જો કોઈ ફળ પડે તો વિચારુ, 'ગુરુત્વ બળ હોય કે ભૂમિતિ, જે હોય તે, છે તો પરાપૂર્વથી, તો આ ફળ અત્યાર સુધી કેમ ના પડયું ? આ એક જ કેમ પડયું ? વધારે ફળો કે બધા જ ફળો કેમ ના પડયાં ? અત્યારે જ કેમ પડયું ? પડવાનું હતું તે જ ક્ષણે અને તે જ સ્થળે હું કેમ હાજર હતો ? વિજ્ઞાનીઓ જે ચાર (કે ત્રણ) બળોની ચર્ચા કરે છે તે બધાનું સંચાલન અને સંકલન કરનાર કોઈ સર્વોપરી શકિત હોવી જોઈએ, તેને જ ઈશ્વર કહેતા હશે.'

આપણે વાંચીએ છીએ ઘણું અને લેખકની પ્રતિષ્ઠાને કારણે વાંચેલું બધું સ્વીકારી પણ લઈએ છીએ. આપણે ઘણુ સાંભળીએ પણ છીએ અને બોલનારની વકતૃત્વ શકિતથી અંજાઈ જઈને સાચું માની પણ લઈએ છીએ. ખાસ કરીને બચપણમાં જે વાંચ્યું કે સાંભળ્યું હોય તેની ઘેરી છાપ પડી જાય છે જે સહેલાઈથી ભૂંસાતી નથી. મહત્ત્વ વાંચવા અને સાંભળવા સાથે વિચારવાનું

પણ છે કે આમાંથી કેટલું સ્વીકારવા જેવું, કેટલું નકારવા જેવું અને કેટલું વ્યર્થ વાણીવિલાસ તરીકે અવગણવા જેવું છે. આમ વિચારવામાં નડતા અંતરાયો છે.

(૧) આપણે વારસામાં મળેલી શ્રદ્ધા, જે ખરેખર તો અંધશ્રદ્ધા પણ હોઈ શકે. અને હિરણ્યમય પાત્રની જેમ આકર્ષક અને મૂલ્યવાન દેખાય પરંતુ સત્યને ઢાંકી દે છે, આ વાત સાચી છે. આગળ વધીને કહું તો સમાજમાં  વર્ચસ્વ ધરાવતા વર્ગની અંધશ્રદ્ધા જ શ્રદ્ધા તરીકે ઓળખાય છે, બાકી એનાથી જુદા પડતા લોકો કે 'ઊતરતા' ગણાતા લોકોની શ્રદ્ધા પણ અંધશ્રદ્ધા ગણાય છે. આદિવાસી દેવીને મરઘી ધરાવે તે અંધશ્રદ્ધા, પણ આપણે નાળિયેર ફોડીએ તે શ્રદ્ધા ! કારણ કે સમાજમાં આપણું વર્ચસ્વ છે. આદિવાસીનું નહીં.

(૨) આપણી ઈશ્વરદત્ત વિવેકબુદ્ધિ વિશેની આપણી હીનતાગ્રંથિ,

(૩) સામાજિક પરંપરાનો પ્રતિકાર ન કરવાનું ડહાપણ, કે નિર્બળતા !

થોડી વાર માટે આપણા હિન્દુત્વને બાજુ પર રાખીને હવે વિચારીએ :

હિન્દુત્વ શબ્દ ૧૯૨૩ માં સાવરકરે શોધ્યો. એમણે લખ્યું કે હું Hinduism ની વાત નથી f hJt bttdt;ttuvtKt Hinduness ની વાત કરવા માંગુ છું, એટલે 'હિન્દુત્વ શબ્દ બનાવું છું. હવે રાજકીય કારણસર હિન્દુઈઝમ શબ્દનું સ્થાન હિન્દુત્વ શબ્દે લઈ લીધું છે. સાવરકર તો એમ કહે છે કે સિંધુનું હિન્દુ થયું એટલે હિન્દુ શબ્દ પછી આવ્યો. એ લોકો જે ધર્મ પાળતા હતા એને હિંદુઓનો ધર્મ એવું નામ મળ્યું. આમ હિન્દુત્વમાં 'હિન્દુઈઝમ' subsume થઈ જાય છે.

કેટલીક વડવાઈઓ આવી છે :

**કર્મનો સિદ્ધાંત :**

આ સિદ્ધાંત આમ તો સીધો સાદો અને સ્વીકારવા જેવો લાગે છે કે આપણે જે કાંઈ સારું કે ખરાબ કામ કર્યું હોય તેનું ફળ ભોગવવું જ પડે. મુશ્કેલી એ છે કે તે ફળ કોને અને કયારે આવી મળે તે અંગે ગૂંચવાડો ઊભો કરવામાં આવ્યો છે. કેટલીક વાર્તાઓમાં આ ફળ બીજાને નડે અથવા ચાલુ જન્મમાં મળવાને બદલે પછીના જન્મમાં પણ મળે. આ બે વાત માનવી અઘરી છે. કર્મનો સિદ્ધાંત ન હોત તો બ્રાહ્મણોનો ધંધો કેમ ચાલત ? એટલે આ ખરેખર તો Insurance Agent's Salesmanship છે ગમે તેમ માલ વેચવો, શંબૂક પણ તપ કરી શકે તો એ બ્રાહ્મણ જેવો જ ગણાય. એ કેમ થવા દેવાય ? Monopoly, nothing,else.

**પૌરાણિક વાર્તાઓ :**

આપણા પુરાણોમાં કેટલાક પ્રસંગો એવા આવે છે કે 'કહેતા ભી દિવાના ઔર સુનતા ભી દિવાના'. દાખલા તરીકે

(૧) રામ વડે શંબૂકનો વધ. દૂર પર્વત પર શુદ્ર તપ કરે તેથી અયોધ્યાના બ્રાહ્મણનો પુત્ર મરી જાય તો વાલ્મિકીના તપને લીધે કોણ મરેલું ? શ્રવણ ? કર્મના સિદ્ધાંત પ્રમાણે પોતાના કર્મના ફળ પોતે જ ભોગવવાના હોય તો શંબુકના તપને લીધે કશો જ સંબંધ ના હોય તેવો યુવાન મરી ગયો. તો શું તે સિદ્ધાંત સ્થગિત કરાયો હતો ? કોઈ બીજાએ મરવાનું જ હતું તો રામના કોઈ સ્વજનનું મરણ કેમ ના થયું ?

(૨) શાન્તનુ રાજાએ તેના પુત્ર ગાંગેયને આપેલું 'ઈચ્છામૃત્યુ'નું વરદાન. તે કામાતુર રાજાની એવી તે શી આધ્યાત્મિક સિદ્ધિ હતી કે તે વરદાન ફળે ને યમરાજ તેને સ્વીકારે પણ ખરા ? આપણા પૂર્વજો આવી હાસ્પાસ્પદ વાતો ઘણી સહેલાઈથી માની લેતા હતા. આપણે માનવાની જરૂર ખરી ? આપણી વાર્તાઓમાંથી મહાનાયકોના દુષ્કર્મોનો ઉલ્લેખ કાઢી નાંખીને આપણને વંચાવવામાં કે સંભળાવવામાં આવે છે. પ્રજાને sanitized versions પીરસવામાં આવે છે. દા. ત. ભીષ્મએ શકુનીના બચપણમાં તેના કુટુંબીજનો પર આચરેલા અત્યાચારને છુપાવી દેવામાં આવ્યો છે. (વાંચકને રસ હોય તો વધુ વિગત માટે https.//en.wikipedia.og./wiki/shakuni પર તે વાંચી શકે છે.)

ગાંધારી કંઈ સ્વેચ્છાએ ધૃતરાષ્ટ્રને પરણી નહોતી. ધૃતરાષ્ટ્ર સાથે લગ્ન કરાવવા માટે ભીષ્મએ દાદાગીરી જ કરી હતી. તેણે ધૃતરાષ્ટ્રની સહાનુભૂતિમાં આંખે પાટા બાંધ્યા હતા, એવું કહેવા/લખવામાં આવે છે. ખરેખર જો તેમ હોત તો આંખો ખુલ્લી રાખીને તેની વધારે સારી સંભાળ રાખી શકી હોત. છૂપું ખરું કારણ એ હોવું જોઈએ કે તે ધૃતરાષ્ટ્રને જોવા નહોતી ઈચ્છતી. પોતે બીજાની સેવા લીધી. પુત્રોનું ધ્યાન ના રાખ્યું તેથી ખરાબ પાકયા. તે બધા તેમના પોતાના વાંકે માર્યા ગયા. તો પણ ગાંધારીએ શ્રીકૃષ્ણને શાપ આપ્યો જે ફળ્યો પણ ખરો.

આ તો તમે વાર્તાઓની વાત કરો છો, ઉપનિષદો વેદોથી ઊલટી વાત કરે છે અને ગીતા 'વેદવાદ–રત' (વેદ વિશેના વિવાદમાં રત) લોકોની વાત કરે છે. એમાં વેદો પ્રત્યે કંઈ આદર નથી, પણ કોઈ આ મહત્ત્વની વાત કહે છે ? 'વેદાંત'નો અર્થ એમ કરે છે કે ઉપનિષદો વેદોને અંતે આવે છે એટલે એમને વેદાંત કહે છે. ખરેખરો અર્થ છે વેદ પરંપરા. વૈદિક

વિચારનો અંત ! પણ આપણને તટસ્થ રહીને સાચું બોલવાની ટેવ નથી પડી. લગ્ન પછી પતિ આંધળો થઈ જાય તો શું પત્નીએ આંખે પાટા બાંધવા જોઈએ ?

**ઋષિઓની મહાનતા :**

જ્યારે જ્યારે કોઈ પણ ઋષિનો ઉલ્લેખ કરવાનો થાય ત્યારે તેમને માટે 'મહાન' વિશેષણ અચુક લગાડવામાં આવે છે, તેથી તેમણે ચાલુ કરેલી બધી પરંપરાઓ સારી અને આવશ્યક માનવામાં આવે છે. ખરેખર શું તે બધા જ મહાન હતા ? કેટલાક હતા, બીજા કેટલાક નહોતા. જેમકે દુર્વાસા મુનિ તો શાપ આપતા જ રહેતા. ઈનામ આપ્યું તે પણ બિચારી કુંતીને જીવનભરની મનોવ્યથા આપી ગયું. (ને સૂર્યદેવ પણ એવા કે કુંવારી કિશોરીને ગર્ભવતી બનાવતા ખચકાયા નહીં.) વિશ્વામિત્ર તો નવજાત બાળકીને મોરલાઓને ભરોસે મૂકીને ચાલી ગયા, કોઈ માનવીને સોંપ્યા વિના. તેઓ બ્રહ્મર્ષિ થયા તેથી કામધેનુ મેળવવા પાત્ર તો થયા પણ સમાજને તેનો શો લાભ થયો ? શુક્રાચાર્ય વરસો સુધી ઉંધે માથે લટકયા. કોનું ભલું થયું ? છતાં શિવજી પ્રસન્ન થયા ! બધી ખોટી ખરાબ પરંપરાઓને સારી સાચી ઠરાવવા માટે ઋષિઓને યશ (દોષ ગણવાને બદલે) દેવામાં આવે છે. અત્યારના સંજોગોમાં ઘણી પરંપરાઓ છોડી દેવા જેવી છે પણ છોડતા નથી.

**શું અહં (સ્વમાન) ખરાબ છે ?**

અહં અને અભિમાન વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. અહં એટલે આપણી અસ્મિતા, આપણું સ્વમાન. તે ખરાબ નથી. આપણને શીખવવામાં આવે છે કે અહં ખરાબ છે અને તેને ત્યજી દઈએ તો જ જ્ઞાન મળી શકે. ગુરુઓને એવા અનુયાયીઓ ગમે છે કે જેઓ તેમની બધી વાત વગર વિચાર્યે સ્વીકારી લે. અહં વગર, પોતાની આગવી ઓળખ વિના, માનવીના જીવનમાં બાકી શું રહે ? અહં વગરની વ્યકિત જાણે કે યંત્રમાનવ, નામને બદલે ક્રમાંક આપીએ તો પણ ચાલે. જીવનમાં અહં તો આવશ્યક છે, પણ અભિમાન ના કરવું જોઈએ. અભિમાન છોડવાનું કહેનારા પ.પૂ.ધ.ધૂ.ઓના પોતાના અભિમાન કયાં ઓછા હોય છે ?

અહંનો અંત આવે જ નહીં. અહં એટલે આપણી અસ્મિતા, આપણું અસ્તિત્વ. એ સામાજિક ઘટના છે. અહંને સંકોચો તો તમારા જીવનમાંથી પુત્ર–પત્ની બધા નીકળી જશે. અહંનો વિસ્તાર કરો તો પારકાં પણ પોતાનાં લાગે. ગાંધીજીને અહં તો હતો જ, પણ એમણે એનો એટલો વિસ્તાર કર્યો કે બધા એમના માટે કુટુંબ જેવા હતા. ગુરુઓ જો આવી વાત ન કરે તો એમને સાંભળે કોણ ? એટલે ગુરુ એવી જ વાત કરશે કે આપણને એ બહુ કઠિન જણાય.

જેટલી સલાહ કઠિન, એટલો ગુરુ સારો !

**ગુરુ પરમેશ્વર છે :**

ગુરુબ્રહ્માવાળો શ્લોક સૌથી હાનિકારક શ્લોક છે. ગુરુ બનવા પહેલા કોઈ બીજાને લઘુ (શિષ્ય) બનાવવા પડે, તેનો આત્મવિશ્વાસ રૂંધી નાખવો પડે. દેહધારી કોઈ પણ વ્યકિતને પરમેશ્વર માનવા તે ઈશ્વરનું ઘોર અપમાન છે. કેટલીક વ્યકિત અત્યંત મહાન હોઈ શકે, પણ પરમેશ્વર નહીં. ગણિતમાં મર્યાદા (limit) ની એક વિભાવના (concept) આવે છે. બીજ ગણિતના કોઈ પદનું મૂલ્ય અમુક સંખ્યાની ખૂબ નજીક આવી શકે પરંતુ તે સંખ્યા n ની બરાબર ના થઈ શકે. આને 'limit tends to n' એમ કહેવાય છે. શ્રીકૃષ્ણ જેવી અત્યંત મહાન વ્યકિત પરમેશ્વરની ઘણી નજીક ભલે હોય પણ પરમેશ્વર તો નહી.

ગુરુને જે સ્થાન આપી દીધું છે તેથી આપણી સર્જનાત્મક શકિત લુપ્ત થઈ ગઈ. આપણે સ્વતંત્રપણે કંઈ કરી જ ન શકીએ. આપણા દેશમાં વિચારવું એટલે વાડકામાં મંકોડાની જેમ ગોળ ગોળ ફરવું. આપણી સામે સીધો રસ્તો મૂકીને ગુરુ છોડી દે તો આપણે સ્વતંત્ર રીતે વિચારીએ પણ ના ગુરૂ મા જ આપણા વિજ્ઞાનનો નાશ થયો.

**મોક્ષઘેલછા :**

માનવ જીવનનું એક માત્ર લક્ષ્ય મોક્ષ મેળવવાનું છે, એમ લગભગ બધા આધ્યાત્મિક ઉપદેશકો જણાવે છે. શા માટે ? શરીરના દુઃખો ફરીથી ભોગવવા ના પડે તેટલા માટે. આ તો પલાયનમાર્ગ થયો. સાચા ઈશ્વરપ્રેમીઓ તો અનેક જન્મોમાં સારા કાર્યો કરવા તત્પર રહે. મોક્ષ ન વાંછે. આપણા શરીરમાં જે આત્મા છે તેનો ફેરઉપયોગ (reuse) કરવાની મનાઈ કરી શકાય ? કરી શકાતી હોય તો પણ તે કરવાનું ઉચિત છે ?

આપણો સમાજ એટલો બધો ગૂંચવાયેલો છે કે મારા સાળાના સાળીની દીકરીના લગ્ન હોય અને મને આમંત્રણ ન મળે તો મને ખોટું લાગે, આવી જડબેસલાખ વ્યવસ્થામાંથી બહાર નીકળવું કેમ ? એટલે મોક્ષનો વિચાર આવ્યો. મોક્ષના માર્ગે એકલા જ હોઈએ. મા કોણ ને બાપ કોણ ? कस्त्वं कोऽहं. को मे जननी को मे तात...? (તું કોણ, હું કોણ, કોણ મારી મા, કોણ મારો બાપ ?) ધર્મ નક્કર પરિસ્થિતિઓની અધૂરાશો પૂરી કરે છે. એ આપણી અધૂરી ઈચ્છાઓનું પ્રતિબિંબ છે. જયાં સામાજિક, આર્થિક સ્થિતિ સારી હોય ત્યાં નેધરલૅન્ડ્ઝમાં સુખ વધારે છે. સમાનતા વધારે છે અને નાસ્તિકો પણ વધારે છે.

**લક્ષ ચોર્યાસીના ફેરા :**

કહે છે કે જીવાત્મા ચોર્યાસી લાખ યોનિઓમાં અવતાર લઈ આવે પછી માનવ અવતાર મળે છે, આ ગણતરી કોણે કરી ? બધી યોનિઓમાં સરેરાશ એક જ દિવસ કાઢવાનો થાય તો પણ ચોર્યાસી લાખ દિવસ એટલે ૨૩,૦૦૦ વરસ પછી એક ફેરો પુરો થાય. આટલા લાંબા સમય સુધી કોઈ જીવાત્માની ગતિવિધિ નોંધી રાખવા કોણ જીવ્યું હશે ? કોઈએ ગપ્પું માર્યું ને બધાએ સ્વીકારી લીધું.

અમીબામાંથી આપણે મનુષ્ય બન્યા એના કેટલા તબકકા હશે ? લખ–ચોર્યાસીથી વધારે આ તો થોડું ઘણું વિજ્ઞાન જાણનારાના કોઈ કથનનું લોકભોગ્ય રૂપ છે. હું વિદ્યાર્થી હતો ત્યારે પ્રજાપિતા બ્રહ્માકુમારીઓએ યોજેલું એક પ્રદર્શન જોવા અમે બધા મિત્રો ગયા. આ લોકો માને છે કે માનવદેહ ૮૪ ચક્કર પછી મળે છે. મેં દલીલ કરી કે આપણે અમીબામાંથી માણસ સુધી પહોંચ્યા તે માત્ર ૮૪ પરિવર્તનોમાં નથી થયું. ૮૪,૦૦,૦૦૦ કદાચ ખોટું હશે, પણ ૮૪ તો ખોટું જ છે. જે ભાઈ સમજાવતા હતા એમણે મને ગ્રુપમાંથી અલગ કરીને ખૂણામાં ઊભો કરી દીધો. એ કહે કે 'તમે જ્ઞાન આપવામાં આડે આવો છો !' એનું પ્રદર્શન જોઉં તે પછી એમને સમજું ને ? પણ એ ગુરુની શરત તો એવી થઈ કે પહેલાં હું સમજું પછી પ્રદર્શન જોઉં ! જો સમજું તો પ્રદર્શન જોવાની જરૂર જ કેમ પડે ? પણ આ તર્કને તો એ ગુરુ સાથે શી લેવાદેવા ?

**પુનર્જન્મ :**

આ તો શ્રીકૃષ્ણે જ કહ્યું છે, 'ધ્રુવં જન્મ મૃતસ્ય' મરેલાનો (અને માર્યા ગયેલાનો) જન્મ (પુનર્જન્મ) નક્કી જ છે. આત્મા અમર છે. દેહ કામચલાઉ છે. જો આમ છે તો મહાભારતના યુદ્ધમાં માર્યા તો શરીરોને જ ને ? તો તે યુદ્ધ કરવાનું નિરર્થક નહોતું ? કંસને મારી શકાયો, કંસત્વને મારી શકાયું ?

કર્મનો સિદ્ધાંત ન હોત તો પુનર્જન્મનો સિદ્ધાંત પણ ન હોત. આત્મા અમર હોવાનો સિદ્ધાંત પણ ન હોત !

**અલભ્ય માનવદેહ :**

બીજી બધી યોનિઓમાં પુણ્ય કર્યા હોય તો જ મનુષ્ય અવતાર મળે તેમ મનાય છે. પાપ પુણ્ય તો માનવીઓ જ કરે છે. બીજા બધા જીવો તો કુદરત જીવાડે તેમ જીવતા હોય છે. પ્રાણી શરીરોમાં હોય ત્યારે જીવાત્મા ન તો પાપ કરી શકે છે, ન તો પુણ્ય.

જેને જે દેહ મળ્યો હોય તે એના માટે તો અલભ્ય જ છે. હરણને ખબર હોય કે એનો દેહ અલભ્ય નથી તો એ રોજ સવારે સિંહ પાસે જાતે જ હાજર થઈ જાત, પણ એનેય પોતાનો દેહ અલભ્ય જ લાગે છે એટલે જ સિંહથી બચવા માટે ભાગતું હોય છે !

**જ્યોતિષ :**

નિર્જીવ ગ્રહો સજીવ માનવીના જીવન પર અંકુશ રાખી શકે ? તે ગ્રહોની શકિત પર વ્યકિતગત રીતે ફેરફાર કરી શકાય ? બધા પ્રસંગે મુહૂર્ત જોવડાવવું અને ઘણા પ્રસંગે ગ્રહશાંતિ કરવાનું જરૂરી માનવામાં આવે છે. દક્ષિણા માટે ગોરમહારાજ અગડંબગડં શ્લોક બોલે તેનાથી યજમાનને નડતા ગ્રહો શાંત થઈ જાય તે શકય છે. હસવા માટે અને બ્રાહ્મણોની કમાણી સિવાય જ્યોતિષ કયાંય અસર નથી કરતું.

**ચમત્કાર :**

ચમત્કારથી અંજાઈ જઈને લોકો અનુયાયી થઈ જતા હોય છે. ઘણા ચમત્કાર તો અફવા હોય છે. અથવા મળતિયાઓએ ઉપજાવી કાઢેલા હોય છે. તો બીજા કેટલાક નિરુપયોગી હોય છે. તેમનું આધ્યાત્મિક મૂલ્ય નહિવત્ હોય છે. એક 'સંત' હવામાંથી વીંટી કાઢીને આપતા. સોનાની જણાતી એ વીંટીનું સોનુ કેટલા ટચનું છે તે કોણ ચકાસવાનું હતું ? બીજા એક વિદ્વાન સાક્ષરનો કંપવા (Parkinson's disease) એક 'સંત'ના સ્પર્શથી મટી ગયો તો તે તેમના ભકત થઈ ગયા. ભૌતિક શરીરની સમસ્યા હલ થઈ તેમાં આધ્યાત્મ કયાં આવ્યું ? રામકૃષ્ણ પરમહંસ કેન્સરથી પીડાતા હતા છતાં મા કાલીને તે અંગે પ્રાર્થના નહોતી કરતા, કારણ કે પીડા તો શરીરની સ્થિતિ હતી. આત્માની નહીં. કુદરતી ચમત્કારો તો પળે પળે થયા જ કરે છે.

આપણે જે ન સમજીએ તે ચમત્કાર. વીજળી કેમ પેદા થાય છે તે મારા માટે ચમત્કાર છે. ડૉકટર દવા લખી આપે અને એ દવા ખાવાથી હું સાજો થઈ જાઉં તે ચમત્કાર છે કારણ કે હું દવા વિશે અથવા એ શી રીતે અસર કરે છે તે જાણતો નથી. આમ છતાં હું એટલું તો જાણું છું કે આ બધી ભૌતિક, રાસાયણિક ક્રિયાઓ છે. આ દુનિયામાં જે કંઈ બને તે દુનિયાના, ફિઝિકસના, રસાયણશાસ્ત્રના નિયમોની બહાર કશું બને જ નહીં, ભલે ને એ કેમ બન્યું તેનું વ્યકિતગત રીતે આપણને જ્ઞાન ન હોય !

**યુગપ્રભાવ :**

કળિયુગમાં જે અશકય તે પણ સત્યુગમાં શકય હતું અને તે સમયે બધું ઘણું સારું હતું. હવે બગડી ગયું છે એમ માનવામાં આવે છે. કળિયુગમાં થયા તેના કરતા વધારે અવતારો

સત્‌યુગમાં થયા હતા તે શું સૂચવે છે ? અંગ્રેજી husband શબ્દ માટે સંસ્કૃતમાં 'પતિ' 'નાથ' વગેરે માલિકી સૂચક શબ્દો જ છે કારણ કે ત્યારે તો પત્ની તેના હસબન્ડની માલિકીની વસ્તુ ગણાતી હતી. પત્ની જ નહીં નાના ભાઈઓ સુદ્ધાં મોટા ભાઈના દાસ મનાતા. હવે નહી. આવી તો ઘણી બાબતોમાં આપણે સુધરી (કે બગડી) ગયા છીએ. આપણી પ્રાચીન પેઢીઓની વિચારસરણી કરતાં અત્યારની આપણી વિચારસરણી વધારે સારી નથી ? અત્યારનો યુગ વધારે સારો છે. રામના વખતમાં મોબાઈલ ફોન હોત તો કંઈ નહીં તો વાત તો થઈ શકી હોત. લક્ષ્મણ રામને ફોન પર પૂછી લેત કે સીતામાતા આવી કડવી વાતો કહે છે. તમે કયાં છો ? રામ કહેત કે બસ થોડી વારમાં આવું છું, તો લક્ષ્મણ ગયા ન હોત. અને જો કોઈ કારણસર લક્ષ્મણ ન હોત અને રાવણ આવ્યો હોત તો એ સીતાજીના મોબાઈલમાંથી સૌ પહેલાં તો સિમ કાઢીને ફેંકી દેત.

### પોતે અપૂર્ણ છીએ :

આ લખનારને ઘણીવાર જણાવવામાં આવ્યું છે કે 'બીજાની ટીકા કરવાને બદલે આત્મદર્શન કરો.' કબૂલ કે મારામાં ઘણી ઉણપો છે. પણ તેનો અર્થ એવો નથી કે મારાથી બીજા કોઈની કશી ટીકા કરાય જ નહીં. બધા જ આવી રીતે મૌન પાળે તો સુધારો કેવી રીતે થઈ શકે ? એમ પણ કહેવાય છે કે હંમેશાં વિધાયક (પોઝિટિવ) અભિગમ રાખવો, કશાની ટીકા નહીં કરવી. જે ખોટું કે ખરાબ હોય તેને તેવું ના કહેવાથી અને જે સાચું અને સારું છે તેને તેવું કહેવાથી તેની મશ્કરી થાય છે. તેને ખોટું, ખરાબ ફરી કરવાનુ પ્રોત્સાહન મળે છે.

પૂર્ણતાની જરૂર જ શું છે ? અપૂર્ણ હોવા છતાં આપણે કોઈને નુકસાન કર્યા વિના સુખથી જીવી શકયા છીએ તો પૂર્ણ હોત તો આથી વધારે શું કરી લેવાના હતા ? અપૂર્ણતા વાસ્તવિકતા છે. પૂર્ણતા કલ્પના.

### બધા માને છે :

ઘણા મિત્રો દલીલ કરતા હોય છે કે આટલા બધા લોકો માને છે તે શું ખોટા હશે ? આ પણ એક ભ્રામક દલીલ છે. કેટલા લોકો કોઈ વાત માને છે તેને આધારે જો નિર્ણય કરવાનો હોત તો મહાભારત યુદ્ધ પહેલા કૌરવોને ૬૧ ટકા મત મળ્યા હોત.

દલીલો કરનારા કે ન કરનારા પોતે જે માનતા હોય છે તે કેટલું વિચારપૂર્વકનું હોય છે ?

**ખાતર :**

આ અને આવી બીજી બધી વડવાઈઓને પોષણ કયાંથી મળે છે ? દુર્ભાગ્યે કેટલાક બુદ્ધિશાળી લોકો જાણે અજાણ્યે તે ખાતર પૂરું પાડતા હોય છે. બે ઉદાહરણ બસ થશે.

(૧) રુદ્ર મહાલયની ભૂમિપૂજા સમયે ખૂંટી શેષનાગના માથા પર જ વળગી છે કે નહીં તેની ખાતરી કરવા તેને સહેજ હલાવવાથી લોહીની ટશર ફૂટી હતી એવું લખનાર લેખક ગુજરાતના સમર્થ સાહિત્યકાર હતા. વાર્તા માટે આ રોચક લાગે પણ કાચી સમજના વાંચકની અંધશ્રદ્ધા પાકી થાય છે. તેને તો લાગશે કે જમીનની નીચે શેષનાગ છે અને જયોતિષ તે નાગનું માથું કયારે કયાં હશે તે ભાખી શકે છે. આવી વાહિયાત વાત પર હસવું કે રડવું ?

(૨) બાલિકામાંથી તાજેતરમાં કિશોરી બનેલી કુંતીના કુતૂહલ અને ભોળપણનો લાભ ઉઠાવી તેને ગર્ભવતી બનાવનાર સૂર્યદેવની ટીકા કરવાને બદલે તે આખા પ્રસંગનું સુંદર શબ્દોથી વર્ણન કરીને તેના બહુમાનીત લેખકે ગુજરાતીઓની સેવા કરી કે કુસેવા ?

આવા તો ઘણા લખાણો છે :

સમુદ્રોની સુનામીઓ અને નદીઓનાં પૂર તો થોડા સમયમાં ઓસરી જાય છે. પરંતુ અંધશ્રદ્ધા ઘટવાને બદલે વધે અને દ્રઢ થાય તેવા લખાણો અને પ્રવચનો તો વધતા જ જાય છે. ગુરુઓ અને ધર્મપ્રચારકો તો તેઓના સ્વહિતમાં તે કરે. ચલચિત્રો અને ટીવી ચેનલો માટે હવે ચમત્કાર બતાવવાનું સહેલું થઈ ગયું હોવાથી ચમત્કારિક દ્રશ્યો બતાવી પૈસા કમાવાની ચાવી મળી ગઈ છે, પણ લેખકો, દૈનિકો અને સામયિકો પણ તેમાં સામેલ થાય છે તે દુઃખદ આશ્ચર્ય છે.

---

# ૩. તર્ક, શ્રદ્ધા અને ઈશ્વર...

**(Logic, Faith and God)**

---

ભકિત અને પ્રાર્થના પવિત્ર અને સાત્ત્વિક પ્રવૃત્તિઓ મનાય છે. પણ શું આપણે તેમનું હાર્દ સમજ્યા છીએ ખરા ?

'માણસાઈના દીવા' પ્રગટાવનાર સ્વ. શ્રી રવિશંકર મહારાજે ભકિતને વરાળની ઉપમા આપી હતી. વરાળ તો બધે જ હોય. રણમાં, અલ્પ માત્રામાં ભલે પણ હોય છે ખરી. તે સર્વવ્યાપી વરાળ એટલી બધી ઉપયોગી નથી નીવડતી. જ્યારે બોઈલરમાં પુરાયેલી વરાળ તો લાંબી લાંબી આગગાડીઓને તેમજ મોટા મોટા જહાજોને કે કારખાનાંઓને ચલાવી શકે. શરત એટલી જ કે બોઈલરમાં છિદ્ર ન હોવું જોઈએ. નહીં તો જરૂરી દબાણ પેદા ન થાય. તેવી

જ રીતે ભકિત રૂપી વરાળની શકિત પેદા કરવા માટે આપણા મનના બોઈલરમાં છિદ્ર ન હોવું જોઈએ. પૂ મહારાજ અનુસાર આ છિદ્ર હતા, ગાયન, નર્તન અને પ્રદર્શન કારણ કે ધ્યાન તેમાં ફંટાઈ જાય છે.

ભકિત એટલે જીવાત્મારૂપી પત્નીનો પરમાત્મારૂપી પતિ માટેનો ઉત્કટ પ્રેમભાવ, તે જાહેરમાં કે સમૂહમાં કરવાની ના હોય, છતાં તેને માટે કેટકેટલા મંદિરો, ચર્ચો, સીનાગોગો, મસ્જિદો, ગુરુદ્વારાઓ વગેરે બાંધવા અને નિભાવવામાં આવે છે. આ બધા સામાજિક જીવન માટે જરૂરી ખરા પણ ભકિત કરવા માટે નહીં. ત્યાં ન જનારી બધી વ્યકિતઓને દુષ્ટ નાસ્તિક ન ગણી શકાય.

કેટલાક મિત્રો ભકિત કરવા માટે બીજાઓને પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિ કરે છે. પણ ભૂલી જાય છે કે ભકિત તો થઈ જાય. કરવાની ના હોય. ખાસ તો તેને માટે અગાઉથી સ્થળ, સમય નકકી ન કરી શકાય. વળી કોણે કયાં કઈ ભાષામાં કયા શબ્દોમાં કયારે, કેવી રીતે પ્રાર્થના કરવી તે જે તે વ્યકિતની પસંદગી પર છોડવું જોઈએ, તેને બદલે ગુરુઓ તેમના અનુયાયીઓની પ્રાર્થનાનું નિયંત્રણ કરતા હોય છે તે કેટલે અંશે યોગ્ય છે ?

શ્રદ્ધા વિના ભકિત ન થઈ શકે. પણ શ્રદ્ધા એટલે શું ? જે માન્યતા સાચી કે ખોટી સાબિત ન થઈ શકે તેને સાચી માનવી તેનું નામ શ્રદ્ધા. કોઈ વાત માનવા માટે કારણ આપીએ તો તે શ્રદ્ધાની વાત નથી રહેતી. જેમ કે કોઈ ધર્મપુસ્તકમાં લખ્યું હોય કે પૃથ્વી સપાટ છે તો તે વાતને ધર્મપુસ્તકમાં લખ્યું છે તેથી જ સાચી માનવી તે શ્રદ્ધા નથી. બીજી બાજુ પૃથ્વી ગોળ છે તે સ્વીકારીએ તો તે પણ શ્રદ્ધા નથી. આ થોડા દાખલા વડે સ્પષ્ટ કરીએ. નીચે લખેલા પ્રસંગો ખરેખર બનેલા છે. આ લખનારે ઉપજાવી કાઢેલા નથી.

એક સજ્જનને તેમના ગુરુ પ્રત્યે ઘણી શ્રદ્ધા છે. તેમના કહેવા પ્રમાણે તેમના ગુરુએ તેમને બઢતી અપાવી હતી. તેમની સરકારી નોકરીમાં તો વરિષ્ઠતા (સિનિયોરિટી) પ્રમાણે જ બઢતી મળતી હતી. હવે જો તેમનો વારો હતો જ તો ગુરુકૃપા વિના પણ બઢતી મળી હોત. અને વારો ન હોવા છતાં ગુરુકૃપાને લીધે તે બઢતી મળી હોય તો બીજા કોઈને અન્યાય થયો. ગુરુજીએ કોઈ વિદ્યા શીખવી હોય જેને લીધે તેમની આવડત વધી હોય અને વધુ સારી નોકરી મળી હોય તો તે સાચી અને સારી ગુરુકૃપા ગણી શકાય.

એક ખૂબ ધાર્મિક વડીલે કહેલું : ‘તલાટીની નોકરીમાં તો શું પૂરું થાય, પણ ઈશ્વરકૃપાથી ઉપરની આવક સારી છે તેથી ગાડું ગબડે છે.’ ઈશ્વર જો કૃપા જ કરવાનો હતો તો તેમને ભણવામાં મદદ કરી સારી નોકરી ના અપાવત ?

એક સામયિકમાં એક લેખ હતો કે કોઈ ખાસ મંત્રના જાપ કરવાથી એક પરિવારને કોર્ટ કેસમાં જીત મળી હતી, જરા વિચારીએ. જો સત્ય તેમને પક્ષે હતું તો જપ વગર પણ જીત થવી જોઈતી હતી, અને નહોતું તો જાપને લીધે બેવડો અન્યાય થયો. મંત્રના જાપથી સામા પક્ષે કોર્ટમાં ગયા વગર સમાધાન કર્યું હોત તો જુદી વાત હતી.

ટૂંકમાં કહીએ તો જે વિચારસરણી ખોટું કે ખરાબ કામ કરતા પહેલા ચેતવે અને અટકાવે તથા ભૂલથી થઈ ગયું હોય તો પસ્તાવો કરાવે અને સારું સાચું કામ કરવાની પ્રેરણા તથા હિંમત આપે તેને સાચી શ્રદ્ધા કહી શકાય.

પરંતુ શીતળામાતા અને બળિયાબાપા જેવા દેવ–દેવીઓની પૂજાને અંધશ્રદ્ધા ન કહેવાથી શ્રદ્ધાની વિભાવનાનું ઘોર અપમાન થાય છે. વીમો લઈને પ્રીમિયમ ભરીને પોતાની ગેરહાજરીમાં પોતાના કુટુંબના યોગક્ષેમની જવાબદારી વીમા કંપનીને સોંપવાને બદલે પરમેશ્વર પર ઢોળવી તે સાચી શ્રદ્ધા નથી. નિષ્કાળજી છે, પરાવલંબી  મનોવૃત્તિનું લક્ષણ છે. બીમાર સ્વજનની દાકતરી સારવાર કરાવવાને બદલે પાણીના કે કાળી માટીના પોતા મૂકવા અને પ્રાર્થના કર્યે રાખવી તે પણ બિનજવાબદાર પગલું છે, શ્રદ્ધા નથી.

વિશ્વાસ એ શ્રદ્ધા નથી. વિશ્વાસ જીવંત વ્યકિત પરત્વે હોય, શ્રદ્ધા માટે તેવું કશું બંધન નથી. વિશ્વાસ મેળવવો પડે, તેમાં આદાન–પ્રદાન (quid pro quo) હોય પછી ભલે તે મૌખિક અથવા અવ્યકત હોય. શ્રદ્ધા એકતરફી હોય, વિશ્વાસ પરસ્પર હોય, સાચા શિષ્યને સાચા ગુરુ પ્રત્યે શ્રદ્ધા હોય, ગુરુને તો શિષ્ય માટે વિશ્વાસ જ હોય શકે. શ્રદ્ધા નહિ. વિશ્વાસઘાત કરી શકાય, શ્રદ્ધાઘાત નહિ. વિશ્વાસઘાત વિના શ્રદ્ધા શકય નથી. શ્રદ્ધા વિના વિશ્વાસ સંજોગવશાત રાખવો પણ પડે. જેમ કે પ્રવાસ દરમ્યાન વાહનચાલક આપણને લક્ષ્ય પર સહીસલામત અને સમયસર પહોચાડશે તેવો વિશ્વાસ (શ્રદ્ધા નહિ) રાખીએ છીએ. તેનો બીજો કશો વિકલ્પ નથી હોતો અને ચાલકને સીધેસીધું અથવા આડકતરી રીતે મહેનતાણું આપેલું હોય છે. ચાલકે જરૂરી તાલીમ લીધી હશે અને કસોટી પસાર કરીને પરવાનો લીધો હશે એમ માની લેવું પડે. અમેરિકન પ્રમુખ રોનાલ્ડ રેગન કહેતા 'Trust, but verify વિશ્વાસ કરો પણ ચકાસણી કરતા રહો.' વિશ્વાસની ચકાસણી કરી શકાય, શ્રદ્ધાનો તો અખતરો જ કરી શકાય. સોદાબાજી માટે વિશ્વાસમાં અવકાશ હોઈ શકે. શ્રદ્ધા અંગે નહીં. બાધા આખડી, માનતા કથા જેવી ફળનો લાભ મેળવવા કરેલી વેપારી ભકિતને શ્રદ્ધા ન કહી શકાય કારણ કે તેમાં લેવડદેવડ આવી જાય છે. ફળ મળ્યા પછી જ પૂજા કરવાની હોય તો તેનો અર્થ એમ કે જેની માનતા માની હોય તે દેવ કે દેવી વાંછિત ફળ ન પણ આપે એવો ભય 'ભકત' ના મનમાં સૂતેલો છે. આને તમે શ્રદ્ધા કહેશો ?

કોઈ વ્યકિત શ્રદ્ધાને પાત્ર ન હોય એવું બને, જેમ કે શ્રીકૃષ્ણ. અર્જુન સદેહે સ્વર્ગમાં જઈ આવ્યો હતો. ત્યાર બાદ ગીતા સાંભળી. શ્રીકૃષ્ણે કહ્યું, 'अहम् सर्व पापेभ्यो मोक्षयिष्यामि હું તને બધા પાપમાંથી મુકત કરીશ.' છતાં તેને સ્વર્ગમાં પ્રવેશ ન મળ્યો. (કૂતરાને મળ્યો). યુધિષ્ઠિરે સમજાવ્યું કે તેના થોડા પાપ રહી ગયા હતા. શ્રીકૃષ્ણનો આશય વચનભંગ કરવાનો નહિ હશે, આપત્તિ સમયે અર્જુનને આદેશ અને સધ્યારો આપવા ખાતર આવું કહેવું પડયું હશે. તેઓ એક અત્યંત મહાન લોકહિતેચ્છુ રાજપુરુષ (statemen) હતા, પણ પરમેશ્વર તો નહીં જ. કોઈના પાપ માફ કરવાની સત્તા તેમને નહોતી. તેમને ભગવાન માનવાથી કયારેક અર્જુનની જેમ પસ્તાવું પણ પડે. માટે શ્રદ્ધા સિદ્ધાંત પર જ રાખવી જોઈએ. કોઈ વ્યકિત પર નહીં.

શ્રદ્ધા કોનામાં કે શાનામાં રાખવી જોઈએ ? આપમેળે આવી મળતી શ્રદ્ધા અંગે પસંદગીનો અવકાશ ના હોય, છતાં જો શકય હોય તો વિચારવું જોઈએ કે પોતાની શ્રદ્ધા ખરેખર શ્રદ્ધા છે ? હોય તો તે પરમેશ્વરમાં કે બીજા કોઈ કે બીજા કશામાં ? આપણે કશે જવા માટે કોઈ વાહનમાં બેસીએ આંખ મીંચીને પડી રહીએ કે ઊંઘી જઈએ તેનો ઉપયોગ ધર્મપ્રચારકો શ્રદ્ધાના ઉદાહરણ તરીકે કરતા હોય છે. તે કાંઈ ચાલક પ્રત્યેની આપણી શ્રદ્ધાને લીધે નહિ પણ લાચારીને લીધે હોય છે. આને શ્રદ્ધા ના કહેવાય. જૂઠું બોલવાથી લાભ થતો હોય છતાં તે ના બોલીએ તો તે સત્ય પરની સાચી શ્રદ્ધા કહી શકાય.

ઘણીવાર એવું પણ બને છે કે જેને અપણે પરમેશ્વર પ્રત્યેની શ્રદ્ધા માનતા હોઈએ તે તેમ નથી હોતું. દાખલા તરીકે ઘણા લોકો કોઈને કોઈ એક પુસ્તકને પછી ભલે તે વેદ, ગીતા, બાઈબલ, કુરાન, ગ્રંથસાહેબ કે તે કક્ષાનું બીજું કોઈ પુસ્તક હોય તેને ઈશ્વરનો શબ્દ માનતા હોય છે. તેમને તો કોઈ વડીલ, પિતા, માતા, શિક્ષક અથવા ધર્મગુરુએ કહ્યું હોય કે તે પુસ્તક ઈશ્વરનો શબ્દ છે. તે કહેનાર પ્રત્યેના વિશ્વાસને લીધે લોકો માની લેતા હોય છે. પણ આ વિશ્વાસ કંઈ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા નથી હોતી. આમ કહેનારને પણ બીજા કોઈએ કહ્યું હોય તે માની લીધું હોય. આવી રીતે આગળથી ચાલી આવતી માન્યતાને શ્રદ્ધાને નામ ન આપવું જોઈએ.

બીજા કેટલાક ભકતોની શ્રદ્ધા ચમત્કાર અથવા વ્યકિતગત ઉપકારને લીધે ઉત્પન્ન થયેલી હોય છે, તે પણ કાચી શ્રદ્ધા ગણી શકાય. આવી શ્રદ્ધાને બદલે આપણે ઈશ્વર અને સત્ય, ન્યાય, પ્રેમ જેવા ઈશ્વરીય ગુણો પર શ્રદ્ધા રાખીએ તો સારું.

# ૪. ભારતીય સંસ્કૃતિની મહાનતા...

**( Hindu Pride or Vainology ? )**

સહસ્ત્રાર્જુનથી માંડીને કર્ણ સુધીના સેંકડો જ નહીં પણ હજારો વર્ષો દરમ્યાન ભારતીય સંસ્કૃતિ એક પણ એવા બ્રાહ્મણને પેદા ન કરી શકી કે જે પરશુરામની વિદ્યા માટે સુપાત્ર હોય, પરિણામે તે વિદ્યા એળે ગઈ.

તેનાથી પણ લાંબા એવા ઈક્ષ્વાકુથી અર્જુન સુધીના સમયગાળા દરમ્યાન આપણી સંસ્કૃતિએ યોગ જેવા યોગને પણ નષ્ટ થવા દીધો એમ તો સ્વયં શ્રી કૃષ્ણએ ભગવદ્ગીતાના ચોથા અધ્યાયના બીજા શ્લોકમાં કહ્યું છે.

ભારતમાં જ્યારે બીજા ધર્મો તો હતા પણ નહીં ત્યારે જે સંસ્કૃતિ પોતાની વિદ્યા તથા યોગને સાચવી ન શકી તેની મહાનતાના પોકળ મિથ્યાભિમાનમાં રાચવાને બદલે તેને સુધારવી જેઈએ. સંસ્કૃતિના અધઃપતન માટે જવાબદાર ઋષિમુનિઓને તેમની નિષ્ફળતાનો દોષ આપી શકાય તેમ તો રહ્યું નથી. પણ તેમની પ્રશંસા  કરવાનું બંધ કરીને તેમની ભૂલો સુધારવા પ્રયત્નશીલ થવું આવશ્યક છે. ભૂલોને સુધારવી તો જોઈએ જ ને ? તો ચાલો આપણે થોડું આત્મનિરીક્ષણ કરીએ.

પહેલાં તો 'ગૌરવ' અને 'મિથ્યાભિમાન' વચ્ચેનો તફાવત સમજીએ. ગૌરવ એટલે જેને માટે ગૌરવ ધરાવતા હોઈએ તેના સારા પાસાઓના વખાણ ભલે કરીએ પણ તેની ખામીઓ અંગે સભાન રહીએ. મિથ્યાભિમાન એટલે તમામ બાબતના કેવળ વખાણ જ કરે એટલું જ નહીં પણ તેની ક્ષતિઓને પણ મારી મચડીને વાજબી ઠરાવવા બધા જ બહાના કાઢે. હવે તો આપણે આપણી વિચારસરણીને પ્રતિકૂળ એવા ઈતિહાસને પણ બદલી નાંખવા માંડયા છીએ. આવા મિથ્યાભિમાનથી ભારતીય સંસ્કૃતિને લાભ નહીં પણ નુકસાન જ થઈ શકે.

આપણે બધા આપણા પૂર્વજોની છૂટી છવાઈ વ્યકિતગત સિદ્ધિઓને બિરદાવવામાંથી જ ઊંચા નથી આવતા. પણ જરા વિચાર કરતા નથી કે એ બધી સિદ્ધિઓ ગઈ કયાં ? વિમાન બનાવતા આવડતું હતું તો પછી બીજા વિમાનો કેમ નહીં બનાવ્યા ? ભૌતિક સફળતાને પણ આધ્યાત્મિક ચમત્કાર તરીકે ખપાવીને ગુરુઓએ ઈશ્વરને બદલે પોતાની પ્રત્યે શ્રદ્ધા પેદા કરી તેને ટકાવી રાખવા માટે તેનું જ્ઞાન બીજા કોઈને આપ્યું નહીં, પરિણામે તે શોધ ભૂલાઈ ગઈ.

અગસ્ત્ય સંહિતાના કેટલાક શ્લોકો અનુસાર તેમણે વીજળી કોશ બનાવીને પાણીમાંથી

ઓકિસજન અને હાઈડ્રોજન છૂટા પડયા હતા. આવી અગત્યની શોધને કોઈએ પણ આગળ ના ચલાવી પરિણામે આ શોધનો લાભ પ્રજાને ન મળ્યો. કોઈ મિત્રો તેનો દોષ પરદેશીઓને આપે છે, પણ પરદેશીઓ તો સેંકડો બલકે હજારો વર્ષો પછી ભારતમાં આવ્યા. તે પહેલાના આપણા પૂર્વજોએ શું કર્યું ? બધા મોક્ષની સાધનામાં પડયા હતા.

જયારે પશ્ચિમમાં ટેસ્ટટયૂબ શિશુની શોધ થઈ ત્યારે આપણા કેટલાક વડીલોએ કહેવા માંડયું કે 'એમાં શું અમારી ગાંધારીએ પણ સો કુંભમાં ગર્ભ મૂકયા હતા.' પણ તો પછી કૌરવો જેવા ખરાબ સો સો સંતાનોને પેદા કરવાને બદલે એકાદ સારું સંતાન જ પેદા કરવું હતું ને એવો વિચાર કોઈ નથી કરતું કારણ કે મિથ્યાભિમાનમાં રાચવાનું બહુ સહેલું છે.

આપણે તો એવા ભિખારી જેવા છીએ કે જેમની પાંચમી પેઢી કરોડપતિ હોય પણ વચ્ચેની પેઢીઓએ બધી મિલકત ગુમાવી દીધી હોય. આપણા હજારો વર્ષો પહેલાના પૂર્વજોની સિદ્ધિઓ વચગાળાના સમયમાં ભૂલાઈ ગઈ તેનું કારણ આપણી સમાજ વ્યવસ્થામાં હતું અને છે.

યોગ નાશ પામવાનું એટલે કે ભૂલાઈ જવાનું કારણ તો ગીતાના ચોથા અધ્યાયના બીજા શ્લોકમાં જ છે. કહ્યું છે કે 'એવં પરંપરા પ્રાપ્તં ઈમં રજર્ષયોઃ વિદુઃ' આ યોગ કેવળ રાજાઓને જ શીખવવામાં આવતો હતો, સામાન્ય પ્રજાને નહીં. આપણા અત્યંત મહાન' ઋષિમુનિઓએ એવી સમાજવ્યવસ્થા બનાવી હતી કે જ્ઞાનને પણ સત્તાધિકારીઓનો ઈજારો બનાવી દીધો હતો.

તેવી જ રીતે શસ્ત્રવિદ્યા ભુલાઈ જવાનું કારણ પરશુરામની માનસિક સંકુચિતતા કે તે વિદ્યા બ્રાહ્મણ સિવાય બીજા કોઈને નહીં આપવાની હઠ બે હજાર વર્ષો સુધી ચલાવી, સુપાત્ર બ્રાહ્મણની રાહ જોઈ પણ એકાદ બ્રાહ્મણ બાળકને દત્તક લઈ સુપાત્ર બનાવવાની તસ્દી ન લીધી.

આ તો ખાસ કિસ્સાઓ હતા, પણ વર્ણવ્યવસ્થાને લીધે અનેક વિદ્યાઓ તથા સંશોધનો લુપ્ત થયા. બ્રાહ્મણો એવા મિથ્યાભિમાનમાં રાચતા હોય છે કે તેમની જ્ઞાતિ જ ખૂબ બુદ્ધિશાળી છે. હવે ધારો કે બ્રાહ્મણો ૯૦ ટકા બુદ્ધિશાળી હોય છે. સમાજના આશરે ૧૦ ટકા વસ્તી બ્રાહ્મણો હોય તો લગભગ ૯ ટકા બુદ્ધિશાળી થયા. બાકીના ૯૦ ટકા સમાજના કેવળ ૧૦ ટકા જ બુદ્ધિશાળી હોય તો પણ લગભગ ૯ ટકા થાય, એટલે કે સમાજના આશરે ૧૮ ટકા બુદ્ધિશાળી લોકોમાંથી અડધોઅડધ લોકોને તેમની બુદ્ધિ વાપરવાની મનાઈ હતી, વિચાર કરો કે કેટલા મોટા પ્રમાણમાં આપણે પ્રજાની બુદ્ધિશકિત વેડફી નાંખી હતી.

કેટલાક ધર્મપ્રચારકો એવી દલીલ કરે છે કે શ્રી કૃષ્ણએ પોતે ચાતુર્વણ્યનું સર્જન કર્યું હોવાથી તે જ સર્વશ્રેષ્ઠ વ્યવસ્થા છે. પણ 'સમત્વં યોગ ઉચ્યતે' કહેનાર શ્રીકૃષ્ણ ભેદભાવની ગંગોત્રી એવી વર્ણવ્યવસ્થાનો વિચાર પણ કરી શકે ખરા ? પરમેશ્વર કદી આવી અન્યાયી ક્રૂર અને અમાનુષી વર્ણવ્યવસ્થાનું સર્જન કરે ખરા ? મનસ્મૃતિ વાંચ્યા પછી જ ખ્યાલ આવી શકે કે તે વ્યવસ્થા કેટલી ભેદભાવ ભરેલી હતી અને છે. ગીતાના ચોથા અધ્યાયનો તેરમો શ્લોક બહુધા ક્ષેપક હશે. આમ તો અર્જુનના બધા પ્રશ્નોના ઉત્તર પહેલા ત્રણ અધ્યાયમાં અપાઈ જ ગયા હતા. ચોથા અધ્યાયનો પ્રારંભ શ્રીકૃષ્ણ એવા ઉત્તરથી કરે છે કે જેનો પ્રશ્ન અર્જુને પૂછ્યો જ ન હતો. સંભવતઃ ચોથાથી અઢારમા સુધીના બધા જ અધ્યાયો ક્ષેપક હશે.

આપણે आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः (વિશ્વભરમાંથી અમને સારા વિચારો આવી મળો) કહીને સારા સારા વિચારોને આવકાર્યા. પણ आ नो भद्राः यन्तु विश्वतः (વિશ્વભરમાંથી અમને સારા માનવો આવી મળો) એમ ના વિચારીને સારા લોકોને ના તો આવકાર્યા કે સ્વીકાર્યા. તેટલું જ નહિ પણ છળ, લાલચ કે બળને લીધે એક વાર પરધર્મી થઈ ગયેલા હિન્દુઓને પણ પાછા ના લીધા. ન્યાતબહાર મુકાયેલા કુટુંબો ધર્મ બહાર પણ થઈ જ ગયા. પરિણામે પેદા થયા 'કાલા પહાડ' જેવા ખૂંખાર ધર્મપ્રચારકો જેમણે હજારો હિન્દુઓને જોર જુલમથી મુસ્લિમ બનાવ્યા, કે મહમદ અલી ઝીણા જેમણે દેશના ભાગલા પડાવ્યા.

કેટલાક લોકો ભારતીય વેશભૂષાનો આગ્રહ રાખે છે. એક જાણીતા ગુજરાતી લેખકના મતે 'ધોતિયું તેના પહેરનારના દેશપ્રેમ, સંસ્કૃતિ પ્રેમ અને ધરતી પ્રેમનું પ્રતીક છે.' ધોતિયું અને સાડી તો સોયની શોધ થયા પહેલાનો વેશ છે. જોઈએ તેના કરતા ત્રણથી ચાર ગણું કાપડ વપરાય છતાં શરીર બરાબર પૂરેપૂરું ઢંકાય નહિ તેવા વેશને વળગી રહેવામાં દેશપ્રેમ, સંસ્કૃતિપ્રેમ કે ધરતી પ્રેમ કયાંથી આવી ગયા ?

ગ્રીસના સ્પાર્ટાનાના એક રાજાએ કહ્યું હતું કે 'The nation that makes a great distinction between its scholars and its warriors has its thinking done by cowards and its fighting done by fools જે રાષ્ટ્ર પોતાના વિદ્વાનો અને યોદ્ધાઓ વચ્ચે મોટો તફાવત રાખે છે તેનું વિચારવાનું કામ કાયરો અને લડવાનું કામ મૂર્ખાઓ કરે છે.' જ્ઞાતિ પ્રથાનો સૌથી મોટો ગેરલાભ આ છે. આનો અનુભવ ભારતને થઈ ચૂકયો છે. આપણા બહાદુર રાજાઓ લડતા તો હતા પણ બુદ્ધિપૂર્વક નહીં. તેમના સલાહકારો કાયરતાની સલાહ આપતા હતા. સોમનાથનો ભંગ તથા પૃથ્વીરાજની હાર આવા કારણોને લીધે જ થઈ હતી.

# ૫. હિંદુ ગૌરવ કે મિથ્યાભિમાન ?...

**( Hindu Pride or Vainology )**

આપણે ઘણું ખરું બીજાઓના વિચારો પર હિન્દુતરફી કે હિન્દુવિરોધી હોવાના સિક્કા મારીને તેમની પ્રશંસા કે ટીકા કરીએ છીએ. આ લખનાર બેમાંથી એકેય નથી, તે તો કેવળ ન્યાય અને સત્યનો પક્ષકાર છે. પ્રિય વાચક જો હિંદુ સંસ્કૃતિના વખાણ જ વાંચવા માંગતો હોય તો આટલેથી જ અટકી જાય.

આપણે ઘણા સંવેદનશીલ છીએ. આપણી સંસ્કૃતિ વિષે સહેજ પણ અણગમતું બોલવામાં કે લખવામાં આવે તો આપણી ધાર્મિક લાગણી દુભાઈ જાય છે અને મોટો ઊહાપોહ કરી નાંખીએ છીએ. તે કથન કે લખાણ સાચું હોય તો પણ તેને ખોટું ઠરાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. મિથ્યાભિમાનને લીધે સત્ય કે ન્યાયની પરવા કર્યા વિના આપણી સંસ્કૃતિના બધા પાયાઓના વખાણ અને બચાવ કરીએ છીએ. 'અહો રૂપં અહો ધ્વનિ.' જેવી આત્મશ્લાઘામાં રચ્યાપચ્યા રહેવાથી આત્મનિરીક્ષણ ના કરવાથી આપણે ભૂલોને જાણી, સમજી અને ન સુધારીને મહાન સંસ્કૃતિને વધારે મહાન બનાવી શકતા નથી. બીજાઓની આપણે ટીકા કરતા અટકાવવાથી આપણને કશો લાભ થતો નથી, તે ટીકા સાચી હોય તો આપણે આપણા વર્તમાનમાં સુધારો કરવો જોઈએ.

સૌથી પહેલાં આપણે ગૌરવ અને મિથ્યાભિમાન વચ્ચેનો ભેદ સમજવો જોઈશે. એક દાખલા વડે કદાચ વધારે સ્પષ્ટ થશે.અમેરિકાના એક સેનેટરે કહ્યું, 'My country. right or wrong.' (મારો દેશ, સાચો હોય કે ખોટો) બીજા એક સેનેટરે કહ્યું, 'My country; to be supported when right, to be corrected when wrong.' 'મારો દેશ; સાચો હોય ત્યારે ટેકો આપવા માટે, ખોટો હોય ત્યારે સુધારવા માટે.') પહેલા સેનેટરના બોલવામાં મિથ્યાભિમાન હતું. બીજાના કહેવામાં ગૌરવ આપણે જેને 'મારું' ગણતા હોઈએ તે બધી રીતે સંપૂર્ણ અને યોગ્ય છે તેમ માનવું તે મિથ્યાભિમાન છે. તેના સારા તત્ત્વોના વખાણ તેમ જ વિકાસ કરવાના પ્રયત્નો કરવા ઉપરાંત આત્મનિરીક્ષણ કરીને ખરાબ તત્ત્વોને ઘટાડવા કે નિર્મૂળ કરવાના પ્રયત્નો કરવા તે સાચું ગૌરવ કહી શકાય.

ઉપનિષદ કહે છે કે, 'સત્યનું મુખ સોનેરી ઢાંકણ વડે ઢંકાયેલું છે.' તો તે ઢાંકણ કયું ? સૌથી ખરાબ ઢાંકણ છે આપણું મમત્વ. જેને આપણે 'મારું' માન્યું હોય તે કુટુંબ. ફળિયું ગામ, રાજ્ય, દેશ, ધર્મ જે હોય તેની ખામીઓ જોવામાં નડતું હોય તો તે આપણું મમત્વ, તે

એટલું સુંદર અને આકર્ષક જણાય છે કે તે સોનેરી ઢાંકણની ગરજ સારે છે. વ્યકિતગત અભિમાનને ('અહં' ને ) ઘટાડવાનું અઘરું હોય છે પણ સામૂહિક અભિમાનને ('વયં' = 'અમે' ને) ઘટાડવાનું અશકય જણાય છે છતાં આવશ્યક છે.

જ્યારે આપણે કોઈ વાદ (મૂડીવાદ, સમાજવાદ વગેરે) કે ધર્મના ચશ્માંમાંથી જોઈએ છીએ ત્યારે સત્ય બરાબર જોઈ શકાતું નથી. તેથી આવા ચશ્માં ઉતારવા જરૂરી છે. કોઈ પણ સમાજ રચના, પછી તે કોઈ ધર્મ, અર્થતંત્ર કે વિચારસરણી પર આધારિત હોય, તેમાં શારીરિક, બૌદ્ધિક, આધ્યાત્મિક કે આર્થિક રીતે નબળા લેકોનું શોષણ ના થાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. સત્ય અને ન્યાયનું સમર્થન બધી સમાજરચનામાં થવું જોઈએ. આ માપદંડથી જોતાં આપણી સંસ્કૃતિ પણ થોડી ઉણી ઉતરે છે. જે ઉત્સાહથી આપણે બીજા ધર્મોની આલોચના કરીએ છીએ તેના દસમા ભાગથી પણ જો આત્મનિરીક્ષણ કરીને ભૂલો સુધારીએ તો આપણી મહાન સંસ્કૃતિ ઘણી વધારે મહાન બની શકે. પરંતુ આપણે તો આપણી ભૂલોને મારી મચડીને વાજબી ઠરાવવામાં રચ્યા પચ્યા રહીએ છીએ. જાણે બીજાઓ સાથે ખરાબ થવાની હરીફાઈમાં ના ઉતર્યા હોઈએ.

ભારતીય સંસ્કૃતિમાં, જ્ઞાન ભંડારમાં ઘણા ઉત્કૃષ્ટ તત્ત્વો છે ખરા પણ આપણે તેમનું પાલન કરીએ છીએ ? ઉપનિષદ કહે છે કે જે વ્યકિત બધામાં આત્મા (કે પરમેશ્વર) ને જુએ છે તે કોઈનો તિરસ્કાર ન કરે, તો પછી શુદ્રો અને આદિવાસીઓને જે રીતે અન્યાય અને અપમાન સહન કરવા પડયા હતા અને હજુ પડે છે તે કેમ ? 'ઢોલ, ચમાર, પશુ ઔર નારી, યે સબ તાડન કે અધિકારી' કહેનારને 'સંત' કેવી રીતે કહી શકાય ?' આપણા મંદિરોમાં રામધૂનમાં અંતરા તરીકે આ વાકયનો સમાવેશ શા માટે થાય છે ? આપણે બીજાઓનું જ નહીં પણ આપણા સ્વજનોનું (હરિજનો અને ગિરીજનો) પણ શોષણ કેમ કરતા આવ્યા છીએ ? 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા.' એમ કહીએ ખરા પણ સ્ત્રીઓ પર માલિકી હક ધરાવી તેમની સાથે નિર્જીવ ચીજવસ્તુઓ જેવો વ્યવહાર કરીએ છીએ. અંગ્રેજી હસબંડ શબ્દના લગભગ બધા પર્યાય શબ્દોના અર્થ 'માલિક' પણ થાય છે. પુત્રીઓને જન્મ પહેલા કે પછી મારી નાખવામાં સામાજિક નાલેશી કેમ નડતી નથી ?

એક મિત્ર ભારતીય સંસ્કૃતિના પરમ પ્રશંસક છે. તેમણે અગસ્ત્ય સંહિતામાંથી ૨,૫૦૦ વર્ષ પહેલા કોઈ ઋષિએ કરેલા પ્રયોગનું વર્ણન શોધી કાઢયું. તેમાં વીજળીકોશ (બેટરી સેલ) બનાવી તેની વીજળી વડે પાણીમાંથી બે વાયુઓ છુટા પાડયા હતા. એક

વાયુજ્વલનશીલ (ઓકિસજન) અને બીજો ઉડ્ડયનશીલ (હાઈડ્રોજન) હોવાનો ઉલ્લેખ પણ છે. યુરોપિયન વૈજ્ઞાનિકોના હજારો વર્ષ પહેલા આ પ્રયોગ થયો હતો તેનો આનંદ થાય પણ સાથે એ વાતનું દુઃખ પણ થાય કે તે શોધને કોઈએ પણ આગળ કેમ ના ચલાવી, કેમ આ જ્ઞાનનો માનવ કલ્યાણ માટે ઉપયોગ ના કરાયો ? આના કેટલાક કારણો છે. આપણા ઋષિમુનિઓ બ્રાહ્મણો સિવાય બીજાઓને જ્ઞાન આપતા નહોતા. બીજા બ્રાહ્મણોને પણ જ્ઞાન વહેંચતા નહોતા, સુપાત્ર વિદ્યાર્થીની રાહ જોવામાં આખી જંદગી કાઢી નાખતા પણ કોઈ બાળકને દત્તક લઈ તેને સુપાત્ર બનાવી તેને જ્ઞાન આપતા નહોતા. મોક્ષ સિવાય બીજા જ્ઞાનને અવગણતા હતા. પરિણામે જે કાંઈ જ્ઞાન લાધતું તે પણ એળે જતું હતું. આપણે ત્યાં બે પ્રકારના ધનિકો થતા. ધાર્મિક પ્રવૃત્તિ કરવાવાળા અથવા મોજશોખમાં પૈસા વેડફનારા, યુરોપમાં ત્રીજા પ્રકારના ધનવાનો પણ પાક્યા કે જેમણે વિજ્ઞાન અને ગણિતના સંશોધકોને પ્રોત્સાહન આપ્યું જેને લીધે ઘણી પ્રગતિ થઈ શકી.

આવો જ બીજો નક્કર દાખલો દિલ્હી પાસેના (સ્ટેનલેસ સ્ટીલ જેવા) કાટ પ્રતિરોધક થાંભલાનો છે. એક જ થાંભલો બનાવીને અટકી કેમ ગયા ? ધાતુ વિદ્યાના જે કોઈ નિષ્ણાતે આ થાંભલો બનાવ્યો હશે તેણે તેની વિદ્યા બીજા બધાથી છુપાવી હોય અથવા (હીરા સલાટની જેમ) તે વિદ્વાનની હત્યા તેના રાજા કે શેઠિયાએ કરાવી નાંખી હોય તે બનવાજોગ છે. નકર આ વિદ્યાનો સમાજના હિતમાં ઘણો ઉપયોગ થઈ શકયો હોત.

થોડા વર્ષો પહેલાં એક હિંદુ ઋષિએ ધ્યાન વડે ઊડવાનું નિદર્શન અમેરિકન ટીવી પર કરવાનો પ્રયત્ન કર્યો. નિષ્ફળ ગયા, ભોંઠા પડયા ને વધારામાં ભારતીય સંસ્કૃતિને હાંસીપાત્ર બનાવી. બીજા એક યોગગુરુએ ઈ.સ. ૨૦૧૦ માં એવો દાવો કર્યો હતો કે અમેરિકન સરકારે કેલિફોર્નિયામાં થયેલો મધ્યમ કક્ષાનો ધરતીકંપ તેમના ધ્યાનના પ્રભાવથી થતો હતો. સારું છે કે અમેરિકન સરકારે  તેમને ભારત પાછા ના મોકલ્યા કે તેમનાથી થયેલી નુકસાની તેમની પાસેથી વસૂલ ના કરી.

બીજા ધર્મોમાં પણ ઘણી ત્રુટિઓ છે. ધર્મમાં ઘણા સારા તત્ત્વો પણ છે અને તેના વખાણ કરવાવાળા અને તેમને વિષે બડાઈ કરવાવાળા તો અગણ્ય છે. પોતાની ખામીઓ જોઈને આપણા સમાજના ધ્યાન પર લાવી તે દૂર કરવાનો પ્રયત્ન કરવાવાળા ઘણા ઓછા છે. આપણે આપણી બેદરકારી ફગાવી શકીએ તો જ આપણી મહાન સંસ્કૃતિને વધારે મહાન બનાવી શકીશું. આપણે શ્રેષ્ઠ હોવાનો દાવો કરીએ અને બીજાઓના જેટલું ખરાબ વર્તન કરીએ તો તે દાવો પોકળ સાબિત થાય.

કોઈ કોઈ ધર્મ પ્રચારકો આપણા ધર્મની ત્રુટિઓના બચાવમાં ધર્મની સરખામણી વસ્ત્રો કે સોફા જેવા રચીલા સાથે કરીને કહેતા હોય છે કે તે ગંદા થઈ જાય તો સાફ કરીને વાપરીએ છીએ તેવી રીતે ધર્મને પણ સાફ કરી શકાય. સારી વાત છે, પણ વિચારો કપડાં, સોફા તો જતે દિવસે નકામા થઈ જાય ત્યારે આપણે ફેંકી દેતા હોઈએ છીએ. ધર્મને ફેંકી દેવાય ? ધર્મ શું કપડાં કે સોફા જેવો નિર્જીવ હોવો જોઈએ. સજીવો, પ્રાણીઓ અને પક્ષીઓ પણ, પોતાના શરીરને સ્વચ્છ રાખવાનો પ્રયત્ન કરતા હોય છે, ધર્મ કેમ નહીં ?

ભારત અને હિંદુ ધર્મની અવદશા માટે મેકોલે નામના બ્રિટિશ અમલદારે દાખલ કરેલી કેળવણી પદ્ધતિને દોષ દેવાની ફેશન શરૂ થઈ છે. અલબત્ત મેકોલેનો હેતુ ખરાબ ન હતો પણ એ બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. એક તો એ કે તેના પહેલાની વ્યવસ્થા તો અત્યંત ખરાબ હતી. જેમાં બ્રાહ્મણો સિવાય બીજાઓને ભણવાનો અધિકાર જ નહોતો સિવાય કે વાણિયાઓને હિસાબ રાખવા પૂરતું જ ગણિત ભણવા દેવામાં આવતું. બ્રાહ્મણો પોતાની વિદ્યા બીજા બ્રાહ્મણોને પણ આપતા નહોતા. એકલવ્ય અને કર્ણ જેવા પ્રતિભાવંત અને સંનિષ્ઠ વિદ્યાર્થીઓને જન્મના કુળને કારણે જ કુપાત્ર ગણી વિદ્યાભ્યાસથી વંચિત રાખીને બ્રાહ્મણ ગુરુઓએ સનાતન ધર્મની ઘોર કુસેવા કરી હતી. તે જ ખરાબ વ્યવસ્થા મેકોલે સુધી અમલમાં હતી.

સહસ્ત્રાર્જુનથી કર્ણ સુધીના સમયગાળા દરમ્યાન આપણી સંસ્કૃતિએ એક પણ બ્રાહ્મણ એવો પેદા ના કર્યો કે જે પરશુરામની વિદ્યા માટે સુપાત્ર હોય. ઈક્ષ્વાકુથી અર્જુન સુધીના ગાળા દરમ્યાન યોગને પણ ભૂલી ગયા. (કારણ કે તે રાજાઓને જ શીખવવામાં આવતો). આ તથ્યોના દોષ મેકોલા કે બીજા ધર્મોને આપી શકાય તેમ નથી. ત્યારે પૃથ્વીના પટ પર કદાચ (ભારત બહાર) યહૂદી ધર્મ હોય તો ભલે પણ ના તો ઈસાઈ ધર્મ કે ના તો ઈસ્લામ હતા. એ જ કારણ, આપણી પોતાની ખામીઓ હતું.

બીજું એ કે ભલે મેકોલે ખરાબ હતો પણ થોડા બ્રિટિશરો સારા પણ હતા. ભારત એક રાષ્ટ્ર છે તેવી ભાવના તેમની દેન છે. તે પહેલા બધા પોતપોતાના પ્રદેશને જ વફાદાર રહેતા. જેમ કે સોમનાથનું રક્ષણ કરવામાં ભીમદેવની મદદ બીજા એક પણ રાજાએ નહોતી કરી. બીજા રાજાઓને હરાવવા માટે અંગ્રેજોની મદદ લેવામાં તે પરધર્મી હોવાની હકીકત નડતી નહોતી, તો પરદેશીપણું તો શાનું નડે ? ગાંધીજી, તિલક મહારાજ, ગોખલેજી, રવીન્દ્રનાથ ઠાકુર જેવા મહાપુરુષો બ્રિટિશ રાજ્ય દરમ્યાન જેટલા પાકયા હતા તેટલા તો તેના પહેલા અને

પછીના બધા મહાપુરુષોનો સરવાળો કરીએ તો પણ નથી પાકયા. તે બ્રિટિશ ભણતરનો આડકતરો અને અણધાર્યો ફાયદો થયો.

કેટલાક બ્રિટિશરોની ન્યાયની ભાવના ઘણી પ્રબળ હતી. એક દાખલો શેરલોક હોમ્સની વાર્તાઓના લેખક ડોકટર આર્થર કોનન ડોયલનો છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ઈંગ્લેન્ડ જઈ વસેલા એક ભારતીય યુવાનને પશુઓની હત્યા કરવાના આરોપસર સાંયોગિક પુરાવાઓને લીધે લાંબી જેલની સજા થઈ. ડોકટર ડોયલને લાગ્યું કે તે યુવાન નિર્દોષ હતો, પોતાનું દવાખાનું બીજા ડોકટરને સોંપી. તે યુવાનના ગામે જઈ મહિનાઓ સુધી ત્યાં રહી તપાસ કરી. ખરા ખૂનીને શોધી કાઢયો. બે વર્ષ સુધી મથામણ કરીને બ્રિટિશ પાર્લામેન્ટમાં ઠરાવ પસાર કરાવ્યો કે તે કેસ ફરીથી ચલાવવો. તે યુવાનને નિર્દોષ સાબિત કર્યો, ત્યાર બાદ પણ વર્ષો સુધી પ્રયત્નો કરીને તે યુવાનને ખોટી રીતે જેલ ભોગવવી પડી તેનું વળતર પણ અપાવ્યું. જુઓ ન્યાયપ્રિય કોણ ?

ભારતીય કોંગ્રેસની સ્થાપના કરનાર પણ એક અંગ્રેજ મહાશય ઓકટેવિયા હયુમ (જેમનો આશય ખરેખર મહાન હતો) હતા. આપણે તે સંસ્થાની દુર્દશા કરી નાંખી તે આપણા વાંકે. આપણી નબળાઈઓ માટે બીજાઓનો વાંક ના કાઢી શકાય.

આપણા પ્રાચીન પૂર્વજોએ ભારત બહારની પ્રજાને મલેચ્છ, યવન વગેરે ગણીને તેમનો તિરસ્કાર કર્યો. તેમને આપણો ધર્મ આપ્યો જ નહીં, કારણ કે ઋષિઓ જન્મના ફળને જ મહત્ત્વ આપતા હતા. તેને બદલે મધ્યપૂર્વની બધી વસ્તીને હિંદુ બનાવી દીધી હોત તો બીજા ધર્મો અસ્તિત્વમાં આવ્યા જ ના હોત. હજુ પણ કેટલાક લોકો કહે છે કે હિંદુઓ જન્મથી જ હોય. બનાવી ના શકાય. (Hindus are born, not made) મુસ્લિમ અને અંગ્રેજ રાજ્ય દરમ્યાન બળજબરી કે છેતરપિંડી વડે જે હિન્દુઓનું ધર્મપરિવર્તન કરાવવામાં આવેલું તેમને પાછા હિંદુ સમાજમાં સ્વીકારવામાં નહોતા આવતા. આ અને આવી બીજી સંકુચિતતાઓને લીધે આપણને ઘણું નુકસાન થયું છે.

આપણા પ્રાચીન પૂર્વજો અત્યંત મહાન હતા તેમ સ્વીકારીએ તો તે મહાનતા ગઈ કયાં ? વચગાળાના સમયના આપણા પૂર્વજો તેને સાચવી ના શકયા તેનું કારણ શું ? એ જ ને કે સંસ્કૃતિને સાચવવાની વૃત્તિ અને શકિત તેમને તેમના પૂર્વજોએ નહોતી આપી ?

પરદેશીઓ સામે આપણે હારી કેમ ગયા ? ગ્રીસના સ્પાર્ટાના એક રાજાએ કહ્યું હતું કે 'જે પ્રજા પોતાના વિદ્વાનો અને સૈનિકો વચ્ચે મોટો ભેદભાવ રાખે છે તેનું વિચારવાનું કામ કાયરો અને લડવાનું કામ મુરખાઓ કરે છે.' આપણી જ્ઞાતિપ્રથા આવો જ ભેદભાવ કરે છે. આપણા રાજાઓ ખૂબ બહાદુરીથી લડતા પણ તેમના મંત્રીઓ કાયરતાની સલાહ આપતા. એટલું મોટું નુકસાન ભોગવવા છતાં આપણે જ્ઞાતિપ્રથાને જડતાથી વળગી રહ્યા છીએ શા માટે ? કોઈ કોઈ ધર્મ પ્રચારકો કહે છે કે જ્ઞાતિપ્રથા શ્રીકૃષ્ણએ સર્જી હતી તેથી તે જ યોગ્ય છે. પરમેશ્વર પોતે આવી ઘોર અન્યાયી અને અહિતકારક વ્યવસ્થા સર્જે તે શકય જ નથી. आनो भद्राः क्रतवा यन्तु विश्वतः ।। અને वसुधैव कुटुम्बकम् ।। કહીએ છીએ પણ તે પ્રમાણે વર્તન કરીએ છીએ ખરા ? આપણે તો બસ 'મારું તેથી સારું' કરીએ છીએ, 'સારું તેથી મારું' માની બીજાઓના સારા લક્ષણો અપનાવવા ના જોઈએ ?

# ૬. આધ્યાત્મિકતા....

**( Spirituality )**

અંધશ્રદ્ધાનો બીજો પ્રકાર છે અતિશ્રદ્ધા.

મને આધ્યાત્મિકતાની એલર્જી છે તેથી નહીં પણ ગંભીરતાથી કહેવા માંગું છું કે તે અતિશ્રદ્ધાનો આવિર્ભાવ જ છે. બુદ્ધિ અને તર્ક વડે જે ન જાણી શકાયું તે બધું જ શ્રદ્ધા વડે જાણી શકાશે એવી આશાથી માણસ આધ્યાત્મિકતા તરફ વળે છે. બુદ્ધિ અને તર્કની મર્યાદા તો જાણવી જોઈએ પણ શ્રદ્ધાની મર્યાદા જાણવી પણ ખૂબ જ જરૂરી છે.

કેટલાક પ્રશ્નો એવા છે કે જેનો જવાબ જાણવાની કશી જ જરુર નથી. જેમ કે 'મર્યા પછી આત્માનું શું થશે ?' 'ગતે શોચો ન કર્તવ્યો ભવિષ્યં નૈવ ચિંતયેત્, ખાસ તો ગયા જન્મ અને આવતા જન્મ અંગે લાગુ પડે છે. મારા દેહાંત પછી અત્યારના મારા શરીરમાં જે આત્મા છે તેનું પરમેશ્વરને જે કરવું હોય તે કરે, મારે તેની શું પંચાત ? સબ છોડ દે ઉસી પર.

પણ નહીં, આધ્યાત્મિક 'સાધકો' પોતાનો અંકુશ જતો કરવા તૈયાર નથી. મર્યા પછી પણ તેમના આત્માનો કશો જ ઉપયોગ ઈશ્વર ન કરે તે માટે તેમને મોક્ષ અને મુક્તિ જોઈએ. શા માટે ભાઈ ? અને આને માટે બધી સાધના કરે. તેનો પણ વાંધો નહીં પણ પાછા આપણા જેવા અસાધકોને તુચ્છ ગણે. પોતાનું ભરણપોષણ સમાજ પાસે કરાવે. માન સન્માન સ્વીકારે અને ઉપદેશો આપતા ફરે.

આધ્યાત્મિકતા એ શું ખરેખર ઉપયોગી પ્રવૃત્તિ છે ખરી ? આપણા સમાજમાં શું તેનો અતિરેક નથી થતો ?

ધારો કે આ લખનાર આધ્યાત્મિક સાધના ચાલુ કરે, તો તેનાથી સમાજને શું ફાયદો થાય ? શા માટે સમાજે મને પોષવો જોઈએ ? અને ધારો કે મને આધ્યાત્મિક સિદ્ધિ મળી અને ઈશ્વરનો સાક્ષાત્કાર પણ થયો તેનાથી પણ સમાજને શું લાભ થાય કે લોકોએ મને માન આપવું જોઈએ ? મારી આધ્યાત્મિક સાધના એ મારા પોતાના આત્માના કલ્યાણ માટેની સ્વાર્થી પ્રવૃત્તિ નથી તો શું નિઃસ્વાર્થ પરમાર્થિક પ્રવૃત્તિ છે ?

યથાર્થમાં આધ્યાત્મિકતા છે શું ? એક અસ્પષ્ટ ખ્યાલ સિવાય વિશેષ કશું છે ખરું ? મૃત્યુ પછી આત્માનું શું થાય છે તેવા અનાવશ્યક પ્રશ્નો કે જેના જવાબ જાણવાની કશી જ જરૂર નથી તે પૂછવા તથા તેમના મનગમતા કાલ્પનિક ઉત્તરોને અપનાવવા એનું જ નામ આધ્યાત્મિકતા કે બીજું કંઈ ? આત્મા પરમાત્માની મોટી મોટી વાતો ને બદલે આપણા રોજિંદા વ્યવહારમાં સૌને ઉપયોગી થાય તેવી બાબતો પર ધ્યાન આપવું જોઈએ કે નહીં ?

અમારી ઓફિસમાં અમારા એક મિત્ર ઘણા ધાર્મિક હતા. આખો દિવસ પ્રાર્થના કર્યા કરે. તેમને કશું પણ કામ સોંપીએ તો વેઠ ઉતારી થોડા સમયમાં પૂરું કરીને પાછા ભકિત કરવા લાગે. તેમને કોણ સમજાવે કે આવી આધ્યાત્મિકતા યોગ્ય નહોતી.

લોકોના શારીરિક દુઃખો જોઈને તેમના ઉપાય શોધવા પોતાની પત્ની અને પુત્ર પ્રત્યેની પોતાની જવાબદારી અવગણીને સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધે 'મહાભિનિષ્ક્રમણ' કર્યું. વર્ષો પછી શોધી કાઢયો નિર્વાણનો માર્ગ જે ખરેખર તો 'મહાપલાયન' જ છે. શરીરની સમસ્યાઓનો ઉપાય ના જડે તો શરીર જ ના મળે તેવું કરો. જાણે આપણા શરીરમાંના આત્માઓ પર આપણો અધિકાર ના હોય ? તેનો ફરીથી ઉપયોગ કરવાની મનાઈ ઈશ્વરને કરવાની તેનું નામ મોક્ષ. મોક્ષ પામવા માટે શું કરવાનું ? તો કહે ધ્યાન. તે તો વ્યકિતગત જ થઈ શકે. સમૂહમાં નહીં તો પછી સંઘ બનાવવાની કશી જરૂર ખરી ? અને તેમાં દાખલ થનારાઓ માટે ઘણા બધા નિયમો, સ્ત્રીઓ માટે વધારાના નિયમો શા માટે ?

આજકાલ ઘણા લોકો ધ્યાન ધરતા થઈ ગયા છે અથવા તેવો દાવો કરે છે. સારી વાત છે. તેથી પણ વધારે અગત્યની વાત ધ્યાનના સમય સિવાયના સમયમાં આપણે કેવું વર્તન રાખીએ છીએ તે છે. ધ્યાન તો દિવસમાં થોડા કલાક જ ધરી શકાય. બાકીના સમયનું શું ? એવા પણ 'ધ્યાની'ઓ હોય છે કે વચગાળાના સમયમાં દુષ્કૃત્યો કરતા હોય, તેથી 'ધ્યાન' રાખવાનું

મહત્ત્વ વધારે છે એટલે કે જે કાંઈ કર્મ કરીએ તેમાં ધ્યાન રાખીએ કે તે ઈશ્વર પ્રીત્યર્થે જ કરવાનું છે. કદાચ આપણી મનોવૃત્તિ એવી ધાર્મિક પ્રકારની ન હોય/ આપણા સ્વાર્થ માટે જ કર્મ કરતી વખતે પણ ધ્યાન રાખવું જોઈએ કે તેનાથી બીજાનું હિત ભલે ન થાય પણ અહિત તો ન જ થવું જોઈએ. પરમાર્થનું કામ કરતી વખતે પણ ધ્યાન રાખવું જોઈએ કે તેનાથી આપણું પોતાનું, આપણા સ્વજનોનું કે ત્રાહિતનું અહિત ન થાય. પ્રત્યેક પળે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ઈશ્વરથી ન્યાયથી આપણી કોઈ પ્રવૃત્તિ અજાણી નથી.

એક વાર લેભાગુ ધર્મપ્રચારકે મને ધ્યાનમાં બેસાડી મારા પર વશીકરણ કરવાનો પ્રયત્ન કર્યો હતો. સદ્‌વિચારની ઢાલે મને બચાવ્યો ન હોત તો હું પણ તેના પંથમાં ભળી ગયો હોત. ખરાબ વ્યકિતઓના દુર્વિચાર અને દુષ્કૃત્યોમાંથી તો સદ્‌વિચાર જ બચાવે. નિર્વિચાર નહીં.

ભવિષ્યને ભુતકાળ બનતા વાર નથી લાગતી. આવા ક્ષણાર્ધજીવી વર્તમાનમાં કેવી રીતે વર્તી શકાય ? નહાવા જતા પહેલાં સાથે ટુવાલ તો લઈ જવો પડે ને ? ટ્રેડ મિલ પર કસરત કરતાં કરતાં વિચારતો આવે જ કે ભૂતકાળમાં એવું  તો શું થયું હતું કે અત્યારે આ કસરત કરીએ છીએ ને ? અને કસરત પુરી થયે શું કરવાનું છે તેનો પણ વિચાર આવે. કોઈનો ફોન આવે તો જોઈએ કે પાંચ જ કસરત પૂરી થઈ છે, હવે પાંચ જ મિનિટ બાકી છે તો ત્યારે નિરાંતે વાત કરવાની છે. બધા વિચાર કંઈ દુઃખદાયક, ચિંતાજનક કે નકારાત્મક નથી હોતા. સારા સકારાત્મક વિચારોને રૂંધવાની શી જરૂર ? મનન કરે (વિચાર કરે) તે માનવા ગણાય તો પછી વિચાર જ ન કરવાનો અર્થ એવો ના થાય કે માનવી મટી જવું.'

ધ્યાનમાં બેઠા બેઠા પણ તે પૂરું કરવાનો  સમય થયો કે  નહીં તે તો જાણવું જ પડે ને ? ધ્યાનનો સમય પૂરો થયો છે કે નહિ તે કેવી રીતે જાણી શકાય ? કે પછી કોઈ જગાડે નહીં ત્યાં સુધી ધ્યાન ધર્યા કરવાનું ?

ધ્યાનનો મુખ્ય હેતુ 'નિર્વિચાર' અવસ્થા મેળવવાનો હોય છે કે જેથી મન પર કાબૂ પામી શકાય. મન ના થાય તો કશું જ ના કરી શકાય, ધ્યાન પણ ના ધરાય. મન બન્યું છે વિચાર કરવા. નિર્વિચાર એટલે મનની મૂર્છા, તેને હિતાવહ માની શકાય ?

આ લખનારનો અનુભવ છે કે મન બે સ્વરૂપમાં કામ કરતું હોય છે. બાહ્ય મન અને આંતરિક મન. ઘણી વાર આ બે મન એક જ સમયે જુદાજુદા વિચાર કરતા હોય છે. મનને વિચાર કરતું બંધ કરવાને બદલે એવી રીતે કેળવવું જોઈએ કે બંને મન એક સમયે  એકી સાથે એક જ કામ વિષે વિચાર કરે અને તે પ્રમાણે તે કામ કરે. આને આપણે 'એકવિચાર' કહી શકીએ અથવા આંતરમનને એવું કેળવવું જોઈએ કે તે સતત પ્રાર્થનામય રહે. સાંસારિક કૃત્યો

તો કર્યા કરવા પડે. તેમાં બાહ્ય મન પરોવાયેલું રહે. પણ જ્યારે જ્યારે બાહ્ય મન નવરું પડે ત્યારે ત્યારે આંતરમન પ્રાર્થના કર્યા કરે. તેનો પણ અતિરેક ના થવો જોઈએ. આપણી જે કંઈ જવાબદારી હોય તે પ્રત્યે દુર્લક્ષ ના થવું જોઈએ. 'નિર્વિચાર' તો દિવસમાં થોડા કલાક જ કરી શકાય અને બાકીના સમયમાં દુર્વિચાર અને દુષ્કૃત્યો પણ કરી શકાય. જ્યારે સદ્‌વિચાર તો જાગૃત અવસ્થામાં સતત કરી શકાય અને કરતા રહેવું જોઈએ કે જેથી સત્કૃત્યો કરતા રહીએ.

અમારા એક સંબંધી બાયપાસ સર્જરી માટે મુંબઈની જાણીતી હોસ્પિટલમાં દાખલ થયા હતા. કોઈએ કહ્યું કે અમદાવાદમાં કોઈ ડોકટર યોગ વડે હૃદયરોગ મટાડે છે. અમદાવાદ ગયા. યોગ શીખ્યા. મહિનાઓ સુધી સારું લાગ્યું. પણ એક દિવસ તાત્કાલિક બાયપાસ સર્જરી કરાવવી પડી. પેલા ડોકટર સાહેબને તો જાણ પણ નથી. તેમની યાદીમાં આ એક સફળ કેસ ગણાય. કારણ અસંતુષ્ટ દર્દીઓ કંઈ ડોકટરોને જણાવતા નથી હોતા. દાઢ સણકા મારતી હોય, હાડકું તૂટયું હોય, કૂતરું કરડયું હોય જેવા કિસ્સાઓમાં યોગચિકિત્સા કામ લાગે ?

આધ્યાત્મિક લખાણો વાંચતા એક વાત સ્પષ્ટ જણાય છે. લગભગ બધા જ લેખકો પોતાની વાતના સમર્થન માટે બીજાના લખાણ કે વકતવ્યનો આધાર લેતા હોય છે. એકાદ 'મહામુનિ' એ કશું કહ્યું કે તે પરંપરા ચાલુ થઈ ગઈ. કર્ણોપકર્ણ તે વાત સાચી મનાતી ગઈ. તેની યથાર્થતા ચકાસવાની હિંમત કે દરકાર કોઈનાથી ના કરાઈ. જેમ કે ચોર્યાસી લાખ જન્મો લીધા પછી માનવ અવતાર મળે તે માન્યતા ચકાસવી હોય તો પણ કેવી રીતે ? પ્રત્યેક અવતાર સરેરાશ એક દિવસ જીવે, અને બે અવતાર વચ્ચે જરા પણ વિલંબ ના થાય એમ ગણીએ તો પણ તે પૂરા કરવા માટે ૨૩,૩૩૩ વરસ લાગે. કોઈ એક જીવાત્માની ૮૩,૯૯,૯૯૯ જન્મોની યાત્રા જોવા માટે કયા મહામુનિ જીવ્યા હોય ? અને બીજા કયા મુનિ જીવવાના હોય કે તે પેલા મહામુનિના કથનને સમર્થન આપી શકે કે તેનું ખંડન કરી શકે. માટે 'ચાલવા દો ને, આપણું શું જાય છે ?' એવા ભાવ સાથે આ ગપગોળો ચાલવા દીધો એટલું જ નહીં પણ તેનો લાભ ઉઠાવ્યો. ભોળી જનતાને વધારે ભોળવીને. આવી છે આપણી સૌની આધ્યાત્મિકતા !

એટલું જ નહીં પણ બીજો એક મહાભ્રમ ચાલુ કર્યો કે માનવેતર જીવનમાં પુણ્યો કર્યા હોય તો જ મનુષ્ય જન્મ મળે જે શ્રેષ્ઠ જન્મ છે અને તે મળવાનો હેતુ મોક્ષ પામવાનો જ છે. અમાનવ જીવો તો ચાહીને પણ પાપ કે પુણ્ય કરી શકતા નથી. તેથી આખી વાત જ પાયા

વિનાની વાહિયાત છે. વળી અધમતા તો માનવીઓ જ આચરે છે તેને વળી શ્રેષ્ઠ યોનિ કેમ કહી શકાય ?

એક મહાપુરુષે કહ્યું છે કે જે વેદને નથી માનતો તે પોતાને હિંદુ ના કહી શકે. હવે જુઓ કે વેદમાં કેવી વાહિયાત વાતો પણ છે.

'એમ કહેવાય છે કે, એક રાત્રિના સમારંભમાં દેવો એકઠા મળ્યા હશે. ત્યાં મિત્ર અને વરુણ ઉર્વશીને જોઈ ક્ષોભ પામ્યા અને વીર્ય સ્ખલન થયું. તે અર્ધુ એક કુંભ એટલે ઘડામાં પડયું અને અર્ધુ વસુ એટલે પાણીમાં પડયું. આ રીતે વસુમાંથી જે પ્રગટયા તેને વસિષ્ઠ કહે છે.' (ગુજરાતી વિકીપીડિયામાંથી ઉદ્ધૃત) દેવોને વીર્ય સ્ખલન થયું હોય તો પણ તે ઘડામાં કે પાણીમાં કેમ કરીને પડી શકે ? તેઓ શું નિર્વસ્ત્ર અવસ્થામાં સમારંભમાં ગયા હતા ? હા, તો આવા દેવોની પૂજા શા માટે કરવી જોઈએ ? ના, તો આખી વાત વાહિયાત નથી તો શું છે ?

બીજા એક ધર્માત્માના કહેવા પ્રમાણે વેદમાં જણાવ્યા અનુસાર બ્રહ્માના મસ્તકમાંથી ઉત્પન્ન થયા હોવાથી બ્રાહ્મણો બધા અધિકાર અને માનને પાત્ર છે, પણ અંત્યજો બ્રહ્માના પગમાંથી પેદા થયા હોવાથી તિરસ્કાર અને અન્યાયને લાયક છે, આ વાત માની શકાય એવી છે ? આ લખનાર આવી વાતોને ના માને તો તે શું હિંદુ મટી જાય છે ?

ધર્મ વિરુદ્ધ વિજ્ઞાનની આ વાત નથી. ધાર્મિક વાર્તાઓમાં આવતા કેટલાક વિધાનોને હું વિજ્ઞાનની દ્રષ્ટિથી નથી નકારતો પણ સામાન્ય બુદ્ધિ અને માનવતાની દ્રષ્ટિથી ચકાસું છું. દાખલા તરીકે કોઈ એક વ્યકિત દોષિત છે કે નિર્દોષ તે અગ્નિ જાણી શકે કે નહીં તેમ પૂછતો નથી. પણ એટલું તો જરૂર કહીશ કે સીતાજીની અગ્નિપરીક્ષા લેવાનું 'ભગવાન' રામનું કૃત્ય અત્યંત અમાનુષી, અન્યાયી અને ઘૃણાસ્પદ હતું. માનવબળના ધડ પર હાથીના બચ્ચાનું માથું બરાબર બંધબેસતું ના થાય તેવી દલીલ તો થાય પણ બાળ હાથીનું માથું વઘેરી નાંખવાનું શિવજીનું કૃત્ય સાવ અવિચારી હતું તેમ તો અવશ્ય કહીશ.

આધ્યાત્મિકતા પ્રવૃત્તિના નામે પ્રજાનો ઘણો મોટો સમુદાય નિરુત્પાદક અને પરોપજીવી જીવન ગાળે છે અને દેશની ગરીબી વધારે છે. તે શું યોગ્ય છે ?

# ૭. સત્ય, શ્રદ્ધા અને તર્ક

**( Truth Faith and Logic )**

સત્યનું મુખ હિરણ્યમય પાત્ર વડે ઢંકાયેલું છે એમ ઉપનિષદો કહે છે. કયું સત્ય અને કયું પાત્ર એવો પ્રશ્ન પૂછી શકાય. મુમુક્ષુઓ અને 'સિદ્ધ' પુરુષો જેને સત્ય કહે છે તે સત્યની વાત કરી શકાય તેમ નથી. અહીં તો આપણે આપણા દૈનિક વ્યવહારમાં અનુભવાતા સત્યની વાત કરવી છે કે જે સત્ય સમાજવ્યવસ્થાને અસર કરે છે. સત્ય એટલે શું ? કોઈ કોઈ વાર વિજેતાના પ્રચારને સત્ય માનવામાં કે મનાવવામાં આવતું હોય છે. બીજી કેટલીક વાર અસત્યને ચાલાકીપૂર્વક ઢાંકી દેવામાં આવે છે. તેથી આવા કિસ્સામાં સાવધાન રહેવું સારું.

ઈન્ટરનેટ પર એક ચીની કોયડો (Chinese Puzzle) આવે છે. તેમાં 64 = 65 પુરવાર કરતી વીડિયો કલીપ બતાવે છે. 8 × 8 ખાનાના સમચોરસને ચાર ટુકડામાં કાપીને એવી જુદી રીતે ગોઠવવામાં આવે છે કે 13 × 5 ખાનાનો લંબચોરસ બને. તે ખૂબ ઝડપથી પૂરી થઈ જાય છે. તેથી શું ચાલાકી કરી છે તે પકડવાનું લગભગ અશકય હોય છે. પણ ધ્યાનથી જોઈ શકીએ તો ખબર પડે છે કે વધારાના એક ખાનાના તેર નાના નાના ટુકડા લંબચોરસના કર્ણ (hypotenuse) પર એવી રીતે છુપાવ્યા હોય છે કે તે કર્ણ બે ને બદલે એક જ લીટી હોય તેવું જણાય. (64 = 65 ?) કેટલાક ધર્મપ્રચારકો, રાજકારણીઓ, વેપારીઓ વગેરે અસત્યના પુરસ્કર્તાઓ લોકોને આવી જ રીતે છેતરતા હોય છે. થોડું થોડું જુઠાણું મોટા સત્યમાં ભેળવી દઈ એવી ચતુરાઈથી રજુ કરવામાં આવે છે કે અસત્ય જ સત્ય હોય તેવું જણાય છે.

ઘણા ઢાંકણાઓ પૈકી કયું ખોલવું ? પાત્ર પણ્ કાંઈ જેવું તેવું નથી હોતું. સોનેરી હોવાથી તે આકર્ષક અને મોહક હોય છે અને જોનારને મૂલ્યવાન પણ જણાય છે, પરિણામે સત્યને છુપાવવાનું અત્યંત સરળ થઈ જાય છે. કોઈકોઈ વાર કડવા સત્યને 'સાત્વિક' અથવા સ્વીકાર્ય બનાવવા તેને મીઠા શબ્દોમાં રજૂ કરવામાં આવે છે. જેમ કે અગ્નિ પરીક્ષા અંગે સીતાના પ્રશ્નના જવાબમાં રામે કહ્યું કે. 'આ પરંપરાનો આરંભ તમારાથી થશે અને અંત પણ તમારાથી જ આવશે. ટૂંકમાં' આ અન્યાય કેવળ તમને જ કરવામાં આવશે. આમ શાબ્દિક મીઠાશ પણ એક પ્રકારનું હિરણ્યમય પાત્ર બની જાય છે. ઘણી વાર પ્રવચનકારોની વાગ્છટામાં કે લેખકોના ભારેખમ (આધ્યાત્મિક જણાતા પણ ખરેખર તો પોલેપોલા) શબ્દોમાં સત્યને છુપાવવાનું ખૂબ જ સહેલું થઈ જાય છે.

સત્યનું મુખ શું કાયમ માટે ઢંકાયેલું રહી શકે ખરું ? હિરણ્યમય પાત્ર શું એવું સ્વયં સંચાલિત બનેલું છે કે કોઈએ ખસેડયું હોય તો તે આપમેળે જઈને સત્યને ફરીથી ઢાંકી દે ? સત્ય તો સદૈવ ઉઘાડું (અનાવૃત) જ હોઈ શકે. કેવળ એટલું જ કે આપણે તેને જોઈ શકતા નથી કારણ કે આપણે હકીકતોને પૂર્વગ્રહોના ચશ્માઓમાંથી જોતા હોઈએ છીએ . આપણી દ્રષ્ટિ ઢંકાયેલી હોય છે. આપણી આંખો પર પડળ જામી ગયા હોય છે.

આ પડળો વિવિધ પ્રકારના હોય છે. કેટલાક પડળો આપણી વિચારસરણી સંબંધિત હોય છે. જેવી કે મૂડીવાદી, સમાજવાદી, ઈત્યાદિ. બીજા કેટલાક પડળો આપણા સ્વાર્થમાંથી ઉપજે છે. વળી આપણું મમત્વ પણ સત્યદર્શન રૂંધે છે. આપણી સંસ્કૃતિ, ધર્મ કે પરંપરાથી પ્રતિકૂળ હોય તેવું કોઈ પણ સત્ય જોવા આપણે તૈયાર નથી હોતા, પણ સૌથી પ્રબળ અવરોધ હોય છે આપણી શ્રદ્ધાનો. શ્રદ્ધા અને ભકિતભાવના રૂપાળા અંચળા હેઠળ આપણે ઘણા અસત્યો અને અન્યાયોને ધરબી દીધા છે. શ્રદ્ધાની સોહામણી જાળ પાથરીને આપણે એવા 'ભકતો' ઉત્પન્ન કરીએ છીએ કે જેઓ અંતઃકરણપૂર્વક સ્વયંભૂ પ્રાર્થના કરવાને બદલે ધર્મગુરુઓ નિયંત્રિત કરેલા પૂર્વનિર્ધારિત સમયે, રીતે અને શબ્દોમાં યંત્રવત્ સામૂહિક પ્રાર્થના કરે છે. ભકિત એટલે પરમેશ્વર રૂપી પતિ પ્રત્યેની જીવાત્મા રૂપી પત્નીની ઉત્કટ લાગણી અને તે જાહેરમાં નિયંત્રિત રીતે ન થઈ શકે તે સમજવામાં આપણી ગુરુઓ પરની શ્રદ્ધા નડે છે. ગુરુઓને પણ તે અનુકૂળ આવે છે.

બુદ્ધિ અને તર્કની મર્યાદા તો જાણવી જ જોઈએ પણ શ્રદ્ધા તેમ જ અશ્રદ્ધા બંનેની મર્યાદા જાણવી પણ જરૂરી છે.

સૌથી વધુ દુરુપયોગ શ્રદ્ધાની વિભાવના (કન્સેપ્ટ concept) નો થયો છે. 'શ્રદ્ધા'ને નામે આપણે અનેક બેહુદી માન્યતાઓ (જેવી કે શીતળામા અને બળિયાબાપાની પૂજા) ને સ્વીકારી લઈએ છીએ. કારણ કે સાચી શ્રદ્ધા શું છે તે આપણે સમજ્યા જ નથી અને ગુરુઓ રૂપી સ્થાપિત હિતોએ સમજવા દીધા જ નથી. ઘણી વાર તો એમ પણ લાગે કે કયાંક શ્રદ્ધા એટલે ઈશ્વર તરીકે પોતાની પૂજા કરાવવા માટે ગુરુઓએ ઊભી કરેલી ભ્રમણા તો નથી ને ? કે પછી 'શ્રદ્ધા' એટલે ઈશ્વરે આપેલી બુદ્ધિ ન વાપરવા માટેનું બહાનું માત્ર ?

શ્રદ્ધા એટલે એવી વાત કે જે ન તો સાચી પુરવાર થઈ શકે ન તો ખોટી. દાખલા તરીકે 'સત્યનો સદા જય' અને 'કર ભલા હોગા ભલા' જેવા સૂત્રોના સમર્થન માટે અનેક પ્રસંગો રજુ કરી શકાય તેમ જ તેમના વિરોધ માટે પણ કરી શકાય. તેથી તે માનવા કે ન માનવા તે વ્યકિતગત શ્રદ્ધા પર આધાર રાખે છે, પરંતુ 'કાયદાના શાસન' (Rule of law) માં સમાજના બધા

સભ્યોએ શ્રદ્ધા રાખવી જરૂરી છે. જે વાત સાચી કે ખોટી સાબિત થઈ શકે તે વાત શ્રદ્ધાનો વિષય રહેતી નથી. જો કોઈ વાત આપણે અત્યાર સુધી શ્રદ્ધાપૂર્વક સાચી માનતા આવ્યા હોઈએ પણ નવા મળી આવેલા પુરાવા પ્રમાણે ખોટી સાબિત થઈ શકે તે વાત શ્રદ્ધાનો વિષય રહેતી નથી. પણ નવા મળી આવેલા પુરાવા પ્રમાણે ખોટી ઠરતી હોય તો તેણે 'શ્રદ્ધા'ને નામે વળગી રહેવું ન જોઈએ.

ઘણું ખરું તો જેને આપણે ઈશ્વર પરની શ્રદ્ધા માનતા હોઈએ છીએ તે ખરેખર તો બીજા કોઈ પરની જ શ્રદ્ધા હોય છે. આપણે હિંદુઓ વેદને ઈશ્વર વચન માનીએ છીએ અને તેથી વિષ્ણુ ઈત્યાદિને પરમેશ્વર તથા દેવો માનીએ છીએ, તેનું કારણ એ જ કે આપણા બચપણથી  જ આપણા વડીલોએ શિખવ્યું હોય છે. વેદ પરની આપણી શ્રદ્ધા આમ ખરેખર તો આપણા વડીલો પરની શ્રદ્ધા જ હોય છે.  હવે તો આપણે જાણીએ છીએ કે પૃથ્વી હેઠળ શેષનાગ નથી,  તેથી તેના ખોળામાં સૂતેલા વિષ્ણુ નથી.  દશાવતાર તો થયા જ કયાંથી હોય ? અર્થાત્ વેદ પુરાણોની વાર્તાઓ કેવળ કાલ્પનિક વાર્તાઓ જ છે. ઈતિહાસ નહીં, પછી ભલે તે ઘણી જ કુશળતાપૂર્વક લખાઈ હોય.

પરંતુ આટલું સ્પષ્ટ સત્ય પણ આપણે સ્વીકારી શકીશું નહીં. કારણ કે તેમ કરવામાં આપણું 'વયમ્' (સામૂહિક અહમ્) નડશે. આપણા અત્યંત મહાન' ઋષિમુનિઓ તો ભૂલ કરી શકે નહીં તેથી તેમણે કહેલી કે લખેલી બધી વાતોને આપણે માનવી જ રહી એવું આપણું મમત્વ સ્વીકાર થતો અટકાવશે એટલું જ નહીં પણ હજારો વર્ષોથી મનાતા આવેલા અસત્યોને સત્ય પુરવાર કરવા બધા જ પ્રયત્નો કરાવશે.

એક મુદ્દો એવો ઊભો કરવામાં આવશે કે શ્રદ્ધાના વિષયમાં તર્કનો ઉપયોગ ન કરી શકાય. આ પણ અણસમજનું જ પરિણામ છે. જો તે સાચું હોય તો બે વ્યકિતઓ કેવળ પોતપોતાની શ્રદ્ધા જણાવી જ શકે. કોઈ પ્રકારનો વિચારવિમર્શ કરી ન શકે. શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે વિવાદ થઈ શકયો ન હોત, તે સિવાય પણ ઘણા પ્રસંગે ચર્ચા વિચારણાઓ થઈ છે અને થાય છે તે પણ નિરાધાર બની જાય. પ્રજાના જુદાજુદા સમૂહો પોતપોતાની શ્રદ્ધા–અંધશ્રદ્ધાઓમાં રાચ્યા કરે. માનવજાતની પ્રગતિ રૂંધાઈ જાય.

તો પછી પ્રશ્ન એ થાય છે કે દરેક સમૂહ પોતપોતાના ગૃહિતોને આધારે જુદાજુદા દેવોની પૂજા કરે તો તેમાંથી એકેયને અંધશ્રદ્ધા કેમ ન ગણી શકાય ? ઉત્તર એ છે કે તર્કનું પરિણામ મૂળભૂત ગૃહિતને  અનુરૂપ હોવું જોઈએ. ધારો કે આપણે પ્રારંભમાં માની લઈએ

કે પરમેશ્વર સકળ માનવજાતને પ્રેમ કરે છે. વળી તેના દસ આદેશો પૈકીનો એક એમ કહેતો હોય કે 'હત્યા કરીશ નહીં.' (Thou shall not kill) પણ પછી તે જ પરમેશ્વર તેમના કોઈ ભકતને એવો આદેશ આપે કે 'જા જેરીકો શહેરના બધા પ્રજાજનોનો સંહાર કરી નાંખ, તો કયાં તો આપણું ગૃહિત ખોટું હોવું જોઈએ અથવા પરમેશ્વરના નામે ઉપજાવેલી વાર્તા ખોટી હોવી જોઈએ. પસંદગી બીજા વિકલ્પ પર જ જઈ શકે, છતાં એક ઘણો મોટો સમુદાય આવી ખોટી વાર્તાને ઈશ્વરનો શબ્દ માને છે. તેમની 'શ્રદ્ધા' ખરેખર તો અંધશ્રદ્ધા જ ગણી શકાય.

લગભગ બધા જ ધર્મો એમ માને છે કે પરમેશ્વર સર્વવ્યાપી, સર્વશકિતમાન, સર્વજ્ઞ, દયાળુ અને ક્ષમાવાન ઈત્યાદિ છે, છતાં બધા જ ધર્મોના કેટલાક નિયમો એવા હોય છે કે તે ઉપરોકત વર્ણનની અવગણના કરતા હોય અને અનુયાયીઓ તેમનો વગર વિચાર્યે અમલ કરતા હોય છે અને તે પણ શ્રદ્ધાને નામે પરમેશ્વર જો સર્વવ્યાપી હોય તો પછી મોઝીસને તેના અનુયાયી યહૂદીઓ સાથે ઈજિપ્ત છોડીને જતા રહેવાની સલાહ ઈશ્વરે પોતે આપી હોય તે શકય જ નથી, છતાં યહૂદીઓ તેમાં માને છે. આવા જ અવિચારીપણાને લીધે તો અત્યંત અમાનુષી, ઘૃણાસ્પદ અને અન્યાયી એવી આપણી જ્ઞાતિપ્રથા અસ્તિત્વમાં આવી અને ટકી પણ શકી.

સત્યની શોધ સમયે એક મુદ્દો યાદ રાખવા જેવો છે. જમીન મોજણીમાં એક નિયમ છે કે જે કંઈ માપ લો તેની ફેરચકાસણી કરો. ધારો કે જમીનના ઊંચાણ–નીચાણ (લેવલ Level) માપવા છે. એક સ્થળેથી બીજું સ્થળ કેટલું ઊંચું કે નીચું છે તે માપ્યું હોય તો તે બીજા સ્થળે જઈને અગાઉવાળું સ્થળ તેટલું જ નીચું કે ઊંચું છે તે માપી લો. બંને માપ સરખા ન હોય તો એકમાં કે બંનેમાં ભૂલ હોય તે સુધારવી જ પડે. કોઈ જમીન ચતુષ્કોણ હોય અને તેના ખૂણા માપ્યા હોય તો તે ચાર ખૂણાનો સરવાળો 360° થવો જ જોઈએ. તેવી જ રીતે કોઈ વાત લોકમાનસમાં રૂઢ થઈ ગઈ હોય તેથી જ તે સાચી કે સારી છે તેમ માનવું જ જોઈએ એવું નથી. ધારો કે તે ખોટી કે ખરાબ હોય તો શું એવો વિચાર કરવો જોઈએ. આપણા ધર્મની વાર્તા જેવી બીજા કોઈ ધર્મની વાર્તા હોય તો તે આપણે માનીએ ખરા ? આપણી વાર્તા પરાધર્મીઓ સ્વીકારે એવી આશા આપણે રાખી શકીએ ખરા ? જો ના, તો પછી આપણે કેમ તે માનીએ છીએ ? અન્ય ધર્મોની વાહિયાત વાર્તાઓ આપણે નકારીએ છીએ તો આપણા ધર્મની કેમ નહીં ? આ વાત આપણા વ્યવહારમાં પણ યાદ રાખવા જેવી છે. આપણા પોતાના વખાણ કે બીજાની ટીકા કરતા પહેલા સામેવાળાને બદલે આપણે પોતે હોઈએ તો આપણે જે કહેવા માંગીએ છીએ તેનો શું અર્થ કાઢીએ કે પ્રતિભાવ આપીએ તે વિચારીને જરૂરી ફેરફાર કર્યા બાદ જ તે વાત કહેવી કે કરવી જોઈએ.

તર્ક તેમજ શ્રદ્ધાની પારના પણ કેટલાક વિષયો છે. સૌથી મોટી ભૂલ આપણે અને લગભગ બધા જ ધર્મો કરે છે કે આવી બાબતો, જેવી કે જન્મ પહેલાં અને મૃત્યુ પછીની આત્માની સ્થિતિ અને ગતિ, અંગેના પ્રશ્નોના જવાબ આપે છે. આ જવાબો ન તો શ્રદ્ધા પર કે ન તો તર્ક પર આધારિત હોય છે, તે તો કાલ્પનિક અનુમાનો હોય છે. એક વાર કોઈએ કલ્પના કરી એટલે 'અહો રૂપં અહો ધ્વનિ' ની જેમ તેમના સાથીઓએ અને શિષ્યોએ સ્વીકારી લીધી અને પ્રચલિત થતી ગઈ. તે કલ્પના ઈશ્વરના વર્ણનને અનુરૂપ છે કે નહીં તે વિચારવાની તસ્દી કોણ લે ? દાખલા તરીકે પૃથ્વી અને માનવજાતની ઉત્પત્તિ માટે આદમ અને ઈવની વાર્તા જિનેસિસના લખનારે કલ્પી. કહી અને લખી લખનાર પ્રત્યેના સકારણ અથવા નિષ્કારણ આદરભાવને લીધે સાંભળનાર અને વાંચનારોઓએ વગર વિચાર્યે તેને ઈશ્વરના શબ્દની પદવી આપી. પણ થોડો વિચાર કરતાં જણાશે કે તે વાર્તા જો સાચી હોય તો પરમેશ્વર ધારવા જેટલો શકિતશાળી, જ્ઞાની કે દીર્ઘદ્રષ્ટિવાળો નહીં હોય જે આપણે મૂળભૂત ગૃહિતથી ઊંધું પરિણામ છે. (જુઓ આ લખનારનું અંગ્રેજી લખાણ UnGodly Genesis) ડાર્વનનો ઉત્ક્રાંતિવાદ ખોટો સાબિત થાય તો પણ જિનેસિસની વાર્તા તો અસ્વીકાર્ય જ ગણાવી જોઈએ. પરંતુ અંધશ્રદ્ધાળુઓ તો તેમાં માન્યા જ કરશે અને તે પણ શ્રદ્ધાના ભ્રામક નામ હેઠળ. તેવી જ રીતે આપણે હિંદુઓ પણ ચોર્યાસી લાખ યોનીવાળી વાત માની લઈએ છીએ.

આપ ણા ધર્મગુરુઓ કહે છે કે 'બ્રહ્મ' સત્યં જગન્મિથ્યા', બ્રહ્મ કદાચ સત્ય હશે, પરંતુ જગત જો મિથ્યા હોય તો પછી વસુદેવસુત કંસચાણુરમર્દન દેવકીપરમાનંદ કૃષ્ણ' પણ મિથ્યાગરૂ જ ગણવા ન જોઈએ ? શંકરાચાર્ય અને અન્ય જગદ્ગુરુઓ પણ મિથ્યાગુરુઓ જ હોય ને ? મિથ્યા જગતના મિથ્યા લોકોના ઉદ્ધાર માટે ચાર ચાર મઠ બંધાવવાની શી જરૂર હતી ? આટલા બધા ધર્મોપદેશોની પણ શી જરૂર ? આ સૂત્રનું વિવેચન પણ તર્ક પર જ આધારિત હોય છે. જગતની બધી વસ્તુઓ બદલાયા કરે છે તેથી તે મિથ્યા છે અને બ્રહ્મ બદલાતું નથી તેથી સત્ય છે એમ આપણન સમજાવવામાં આવે છે. એટલે ખરેખર તો એમ કહેવું જોઈએ કે 'બ્રહ્મં નિત્યં જગત્ અન્યથાઃ' પણ બદલાયા કરે તેથી જ કાંઈ જગત મિથ્યા નથી થઈ જતું.

સત્ય અને ન્યાય પરસ્પર આધાર રાખે છે. ન્યાય વિનાનું સત્ય નકામું છે. સત્ય વિના ન્યાય અશકય છે, એટલે જો કોઈ વાત બેમાંથી એકનું સમર્થન કરતી ન હોય તો તે સમાજને માટે નિરૂપયોગી તો ખરી જ પણ હાનિકારક પણ હોઈ શકે છે. તેથી જે અસત્યો અને અન્યાયોને આપણે અત્યાર સુધી સ્વીકારી અને ચલાવી લીધા છે તેમને ઉઘાડા પાડવા જોઈએ કે જેથી તેમણે કરેલા નુકસાનને અટકાવી અને સુધારી શકાય.

# ૮. सा विद्या या विमुक्तये....

આપણી ઘણી શાળાઓના મુદ્રાલેખો 'सा विद्या या विमुक्तये' હોય છે કારણ કે તેઓના નામને છેડે પણ વિદ્યાલય શબ્દ હોય છે. સામાન્ય ધારણા એવી હોય છે કે નિશાળોમાં જે ભણાવવામાં આવે છે તે વિદ્યા ગણાય.

આ સંસ્કૃત કથનનો અર્થ સમજવાની જરૂર છે.

સરળ અર્થ : વિદ્યા ભણવાથી મુકિત મળે.

ભાવાર્થ : વિદ્યા તો તે કે જેનાથી મુકિત મળે.

સૂચિતાર્થ : જેનાથી મુકિત ના મળે તેને વિદ્યા ન કહેવાય.

ગૂઢાર્થ : મુક્ત (મોક્ષ) અપાવે તેને જ વિદ્યા કહેવાય. બીજું બધું ભણતર અવિદ્યા કહેવાય.

ઉપનિષદો ઈત્યાદી ગ્રંથો ધ્યાનને વિદ્યા ગણાવે છે. તે સિવાયના વિષયો જેવા કે ભૂગોળ, ગણિત, સાયન્સ ઈત્યાદિ બધા અવિદ્યા મનાય. ઈશાવાસ્ય ઉપનિષદમાં વિદ્યા અને અવિદ્યા બંનેનો સમન્વય સાધવાની શિખામણ છે. પણ તેવું આચરણ બહુ ઓછા 'સાધકો'એ કર્યું હોય તેવું જણાય છે.

એક બહુ દ્રઢ ભારતીય વિચારધારા અનુસાર મુકિત એટલે મોક્ષ. જન્મમરણના ચક્રમાંથી છુટકારો મેળવવો તે. માનવજીવનનો એકમાત્ર હેતુ મોક્ષ મેળવવાનો મનાતો. આ મોક્ષઘેલછાથી ભારતને ઘણી હાનિ થઈ છે.

સેંકડો આત્માઓને મોક્ષ મળી ગયો હશે પણ કરોડો બીજા મનુષ્યો ગરીબી અને અજ્ઞાનમાં સબડતા રહ્યા. કારણ કે અવિદ્યા ગણાતી શાળાઓની અવગણના અને અવહેલના કરવામાં આવતી. તેમાં મેળવાયેલી સિદ્ધિઓ સહેલાઈથી ભુલાઈ જતી, પરિણામે ભારતનો વિકાસ રૂંધાયો. આટલા મોટા દેશમાં પાંચ હજાર વર્ષોમાં કમ સે કમ પાંચસો શોધ થઈ શકી હોત તેને બદલે દસ–પંદર શોધોના બણગાં ફૂંકયા કરીએ છીએ. અંતે દેશ ગુલામ બન્યો. તેમાંથી મુકિત विद्या થી નહીં પણ अविद्या થી મળી.

આ લખનારે આ લખાણ ઈમેઈલ પર રજૂ કર્યું હતું.

તેના પ્રતિભાવમાં એક વાંચકે સૂચવ્યું કે विद्या અને विमुकित અંગ્રેજીમાં સમજાવો. તે તો કર્યું. (Information V. Knowledge) તેના પર બીજા એક માનનીય મિત્રે

જણાવ્યું કે તે અંગ્રેજી લખાણ ગુજરાતીમાં રજૂ કરો. તેનો આવડે એવો અમલ કરવા પ્રયત્ન કરું છું.

સંસ્કૃતમાં 'જાણવું' અર્થનો વિદ્ ધાતુ છે. તેના પરથી વિદ્યા એટલે જાણેલું શબ્દ આવ્યો, અને તેનું અર્થઘટન જ્ઞાન થયું. અને ખાસ કરીને આધુનિક ભારતીય ભાષાઓમાં આ બંને શબ્દો પરસ્પર પર્યાય તરીકે વપરાય છે. બે વચ્ચે થોડો ફેર છે તે નીચે જણાશે.

વિદ્યા જુદાજુદા ચાર પ્રકાર કે સ્તરની હોઈ શકે છે.

વિદ્યા શબ્દનો સૌથી વધારે ઉપયોગ 'માહિતી' તરીકે થાય છે. તેને જ્ઞાન કહી શકાય નહીં. 'કૌન બનેગા કરોડપતિ' પરના પ્રશ્નોના જવાબોમાં માહિતી હોય છે, જ્ઞાન નહીં. તો પણ સરળતા ખાતર તેને જ્ઞાન કહેવાય છે. ગતિનું ગણિત (kinetic) ભણવાથી જ સાઈકલ ચલાવતા આવડી ના જાય. રાગ રાગણીના નિયમો વાંચીને ગાઈ ના શકાય. દોડવીરને તાલીમ આપનાર શિક્ષક પોતે તેટલી ઝડપથી દોડી ના શકે.

વિદ્યા શબ્દનો બીજો અર્થ આવડત' (skill) પણ થાય. માહિતી હોય પણ તેનો ઉપયોગ કરતાં આવડવું જોઈએ. 'કરોડપતિ'ના 'ફાસ્ટેસ્ટ ફિંગર' પ્રશ્નનો જવાબ આવડતો હોય પણ કોમ્પ્યુટર પર ઝડપથી એન્ટર કરે તે જ હોટસીટ પર બેસી શકે. સંગીત નિર્દેશક ધૂન બનાવે પણ તે ગાવા માટે જુદા ગાયક કે ગાયિકાને બોલાવવા પડે. દોડવાની તાલીમ આપનાર પોતે ના દોડી શકે.

પછી આવે છે વિવેક, ડહાપણ કે સમજણ (wisdom). 'કરોડપતિ' પર કવીટ ન કરનાર બધી જીત ગુમાવી પણ બેસે. લાખો કે એક કરોડ રૂપિયા જીતનાર વ્યકિત તેને વેડફી નાંખે તો કેવું ? ચોરને પકડવા દોડતો દોડવીર તેને પકડવાને બદલે તેનાથી આગળ નીકળી જાય તો શું કામનું ? વિવેક વિના માહિતી અને આવડત બંને નકામા નીવડે.

છેલ્લે આવે આત્મવિદ્યા'. તેમાં ધ્યાન ધરવાની વિધિ વગેરે આધ્યાત્મિક પ્રવૃત્તિની વાતો આવે. તે અંગે કશું પણ લખવાની ક્ષમતા આ લખનારમાં નથી.

નીચે રજૂ કરેલા ઈતિહાસ પરથી ઉપરનું લખાણ સ્પષ્ટ થઈ શકશે.

વીસમી સદીના મહાનતમ સાયન્ટીસ્ટ* શ્રી આલ્બર્ટ આઈન્સ્ટાઈને સન ૧૯૦૫માં તેઓનું વિખ્યાત સમીકરણ ($E=mc^2$) પ્રસિદ્ધ કર્યું. તેના વડે m દળના કોઈ પદાર્થના પરમાણુઓનું વિભાજન કરવાથી કેટલી શકિત ઉત્પન્ન થાય તે ગણતરી કરી શકાય છે. પરંતુ તે માહિતીનો ઉપયોગ કરવા માટે પરમાણુઓનું વિભાજન કરતા આવડવું જોઈએ.

જર્મનીથી આવેલા બે અમેરિકન સાયન્ટીસ્ટોને ખબર મળ્યા કે જર્મનો અણુબોંબ બનાવવાની આવડત શોધવાનો પ્રયત્ન કરતા હતા. તે સાયન્ટીસ્ટો આઈન્સ્ટાઈનને મળ્યા અને ત્યારના અમેરિકન પ્રમુખને લખવાના પત્રનો ખરડો બતાવ્યો. તેમાં દરખાસ્ત હતી કે જર્મનો સફળ થાય તે પહેલા અમેરિકાએ અણુબોંબ બનાવવો જોઈએ. આઈન્સ્ટાઈને તે પત્ર પર ૨ ઓગસ્ટ ૧૯૩૯ ના રોજ સહી કરી તે પત્ર મોકલ્યો. અમેરિકન સરકારે અણુબોંબ બનાવવા માટે 'મેનહટન પ્રોજેક્ટ' શરુ કર્યો. આઈન્સ્ટાઈન 'શાંતિવાદી' ગણાતા હોવાથી બાકાત રખાયા. રોબર્ટ ઓપનહાઈમારને જવાબદારી સોંપી. બીજા કેટલાક સાયન્ટીસ્ટોએ સહાય કરી.તેમને પાછળથી નોબલ પારિતોષિક પણ મળ્યા. ૧૯૪૫ માં બોંબ બનાવવામાં સફળતા (આવડત) મળી. જર્મનો તો હારી જ ગયા હતા. પણ જાપાન લડતું હતું. તેના હિરોશિમા અને નાગાશાકી નગરો પર બે બોંબ નાંખ્યા. બંને પક્ષે જ્ઞાનનો અભાવ હતો.

દરમ્યાન બ્રિટિશરોએ ખરું ડહાપણ વાપર્યું. તેમને પણ જર્મનોના પ્રયાસોની જાણ થયેલી. બોંબ બનાવવા માટે 'ભારે પાણી' (heavy water) ની જરુર પડતી હોય છે. જર્મનોએ તે બનાવ્યું પણ હતું. બ્રિટિશરોએ બે વાર ષડયંત્રો દ્વારા તેના જથ્થાઓનો નાશ કરેલો જેનાથી જર્મનોના પ્રયાસો ઢીલમાં પડયા. અણુબોંબ બનાવી શકે તે પહેલા જર્મનો હારી ગયા.

હવે આવે 'વિમુક્તિ એટલે છુટકારો, પરંતુ કયારેક બંધન વિનાની આઝાદી પણ હોઈ શકે. આપણે માનીએ છીએ કે આઝાદી આપણો જન્મસિદ્ધ હક છે. જ્યાં રહીએ ત્યાંના કાયદા અને નિયમો પાળવા બંધાયેલા નથી. પરિણામે આપણે બધા આપણી પોતાની તેમ જ બીજાઓની 'આઝાદીના ગુલામ' બની જઈએ છીએ. પોતાને અને બીજાઓને હાનિ પહોંચાડીએ છીએ. કોરોના વાઈરસના સમયમાં સાયન્સ અનુસાર બનેલા નિયમોનું પાલન કરવામાં આઝાદી વાપરીને પોતાને અને બીજાઓને ખતરામાં મૂકીએ છીએ.

*અંગ્રેજી 'સાયન્સ' (science) શબ્દનું ભાષાંતર ભૂલથી 'વિજ્ઞાન' થઈ ગયું. સ્વીકારાયું અને પ્રચલિત થયું પણ તે ખોટું છે કારણ કે સાયન્સ માહિતી આપે છે. સાયન્સ દ્વારા આપણને જરૂરી, બિન જરૂરી ઉપયોગી, નિરૂપયોગી, હિતકારી કે હાનિકારી બધી માહિતી મળે. તેનો ઉપયોગ કયાં, કેવી રીતે કે શા માટે કરવો તે વિવેક નહીં, તેથી અંગ્રેજી શબ્દ જેમનો તેમ રહેવા દેવો જોઈએ.

# ૯. આંતરધર્મીય લગ્નો...

( Interfaith Marriages )

હિંદુ માતાપિતાઓ તેમની દીકરીઓ બિનહિંદુ પુરુષો સાથે લગ્ન કરે તે અંગે ચિંતા કરતા હોય છે ખાસ કરીને ભારત બહાર વસતા હિંદુઓમાં આ સમસ્યા વધુ પ્રમાણમાં જણાય છે. આ રંગે થોડા અવલોકનો પ્રસ્તુત છે.

ભવભૂતિના उत्तररामचरितम् નાટકમાં નીચેનો શ્લોક આવે છે.

व्यतिषजति पदार्थानान्तर: कोऽपि हेतुर्न खलु बहिरुपाधीन्प्रीतय: संश्रयन्ते ।

विकसति हि पतंगस्यो दये पुडरिक: द्रवति च हिमरश्मावुद्रते चन्द्रकान्त: ।।

બે વ્યકિતઓ વચ્ચેની પ્રીત કોઈ આંતરિક કારણ પર આધાર રાખે છે. નહીં કે બાહ્ય કારણ પર જેમ કે (ગરમ) સૂર્ય ઊગે ત્યારે (કોમળ) કમળ ખીલે છે અને (શીતલ) ચંદ્ર ઊગે ત્યારે ચન્દ્રકાન્ત પથ્થર પીગળે છે. (સંસ્કૃત કવિતામાં ચંદ્રકાન્ત નામના પથ્થરની કલ્પના છે જે ચન્દ્રકિરણથી પીગળે છે.)

જ્યારે કોઈ યુવાન અથવા યુવતી પોતાના સમાજની બહાર લગ્ન કરવાનું નકકી કરે છે ત્યારે તે ધર્મ. રાષ્ટ્રીયતા, ભાષા, જ્ઞાતિ, પેટાજ્ઞાતિ વગેરે બાહ્ય બાબતોના વિચાર નથી કરતા. ગુજરાતી અખબારોમાં છપાતી 'રાજીખુશીથી પરણી ગયા છીએ'ની જાહેરાતો જોઈએ તો નવાઈ લાગે કે આ બે વચ્ચે પ્રેમ થયો જ કેમ કરીને ! પણ ખૂબ સુંદર છોકરીઓ કદરૂપા છોકરાઓના પ્રેમમાં પડતી હોય છે અને ખૂબ દેખાવડા છોકરાઓ સામાન્ય છોકરીઓના પ્રેમમાં પડતા હોય છે. તેવી જ પરિસ્થિતિ ઊંચાઈ, ભણતર, સંપત્તિ વગેરે બાબતોમાં પણ થાય છે. પ્રેમનું કામ જ એવું છે ! તેથી જ્યારે યુવાનો બિન–હિંદુ વ્યકિતને પરણવાનું નકકી કરે છે ત્યારે તે કાંઈ હિંદુ ધર્મના વિરોધ ખાતર નથી કરતા.

આટલું કહ્યા પછી પણ જોઈએ કે કોઈ હિંદુ યુવતી કોઈ હિંદુ યુવક પાસેથી શાની અપેક્ષા રાખી શકે ? આપણા બાળકો જુએ છે કે તેમના પિતાઓ ઘેર આવીને એક હાથમાં છાપું (અથવા પરદેશમાં હોય તો બિયરની બાટલી કે કેન) ધારણ કરીને ટીવી જોવા સિવાય બીજું કશું કરતા નથી. તેમની માતાઓ નોકરી કરતી હોય તો પણ ઘરે આવીને ઘરકામના ઢસરડા કરતી હોય છે. કહેવાય 'અર્ધાંગિની' પણ બને 'સર્વાંગિણી'. વળી જુઓ પત્ની માટેની અશકય અપેક્ષાઓ.

भोज्येषु माता, शयनेषु रंभा, वित्तेषु मंत्री, कार्येषु दासी ।

જમાડવામાં માતા, પથારીમાં રંભા, પૈસા ટકાની બાબતમાં મુનીમજી, કામકાજમાં દાસી. પત્નીએ આ બધા પાત્રો ભજવવાના હોય છે. પતિ માટે આવો કોઈ શ્લોક છે ? વળી આપણે આપણા બાળકોને સંસ્કૃત શ્લોકો ગોખાવીએ છીએ પણ તેમનો અર્થ તેમને સમજાવતા નથી. બાળકો આનું ખોખલાપણું સમજી જાય છે અને જાણે અજાણ્યે પણ તેની સામે વિદ્રોહ કરે છે.

આપણા હિંદુ પુરાણોની વાર્તાઓમાં એક તત્વ સામાન્ય હોય છે અને તે એ કે પતિઓ પત્નીઓના ચારિત્ર્ય અંગે શંકાશીલ હોય છે પછી તે શિવજી હોય કે રામ. કાંતો બાળકનું માથું વઘેરી નાખશે કે પછી અગ્નિપરીક્ષા લેશે. આ વાર્તાઓ આપણા બાળકોને કેવો સંદેશ આપે છે ?

મનુસ્મૃતિ અનુસાર પત્ની એ પતિની માલિકીની વસ્તુ જ છે. પત્ની અને જમીન બંને સરખા. હરિશ્ચન્દ્રની જેમ વેચી શકે કે યુધિષ્ઠિરની જેમ દાવ પર મૂકી શકે. અંગ્રેજી હસબંડ (husband) શબ્દના લગભગ બધા પર્યાય શબ્દોના અર્થ 'માલિક' થાય છે. શા માટે ? કારણ કે આપણા પુરુષો તેમની પત્નીઓ પર માલિકી ભાવ અને હક ધરાવે છે.

ढोल चमार पशु नारी, ये सब ताड़नके अधिकारी । એમ કહીને તુલસીદાસે તો હદ જ કરી નાંખી ને ? માણસાઈની તો કોઈ વાત જ નહીં. કઈ યુવતી આવી જિંદગી જીવવા ઈચ્છશે ? બધી નહીં તો કોઈ કોઈ તો તે ટાળવા પ્રયત્ન કરે ને ?

જો કોઈ કન્યા પરધર્મીને પરણવા ઈચ્છે તો તે યુગલને કહેવું જોઈએ કે બેઉ જણા પોતપોતાના ધર્મોને પડતા મૂકીને કેવળ માનવધર્મ અપનાવે, સારા નાગરિક અને સારા મા–બાપ બને.

# ૧૦. આપણે કોણ છીએ ?...

**( Who are We ? )**

'ગૌતમ બુદ્ધે કંસને માર્યો ના હોત તો રામને કોણ યાદ કરત ?' આવો વિચિત્ર પ્રશ્ન સહેતુક પૂછ્યો છે.

કોઈ કહેશે કે સિદ્ધાર્થ એટલા કરુણામય હતા કે પક્ષીને પણ મારી શકતા નહોતા તે કોઈ માનવને તો મારે જ નહીં. વળી કંસને તો શ્રીકૃષ્ણે માર્યો હતો. ને રામચંદ્રજીને તો દશાનન રાવણને મારવા માટે યાદ કરીએ છીએ.

ભલે વાચક, આ ત્રણ અને બીજા છ મળીને નવે નવ અવતારો ભગવાન શ્રી વિષ્ણુના જ છે ને ? તો પછી એકને બદલે બીજાનું નામ મૂકીએ તો શો વાંધો હોઈ શકે ? આપણા ભજનોમાં તો રામ અને કૃષ્ણના નામની અદલાબદલી ચાલતી જ હોય છે ને !

'જન્મ' જયંતીઓની ઉજવણી કરવા છતાં સંતોષ ન પામેલા લોકોએ છઠ્ઠા અવતારની પણ જન્મજયંતી ઉજવવા માંડીને પ્રજાની નિષ્ક્રિયતામાં ઉમેરો કર્યો છે કારણ કે તે બધાના શરીરો જુદી જુદી તિથિઓએ 'જન્મ્યા ' હતા, તે શું શરીરનું મહત્ત્વ નથી બતાવતું ? બધા અવતારોની એક 'સર્વાવતાર જયંતી' ઉજવીને પ્રજાના કામના દિવસો બચાવી ના શકાય ?

તા. ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૨ ના દિવસે શિકાગોની સર્વધર્મ સભામાં ભાષણ વડે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરનાર સ્વામી વિવેકાનંદ હતા. ઉપરોક્ત સુપ્રસિદ્ધ પ્રવચન 'કોઈ એક મહાન આત્માએ આપ્યું હતું' અથવા 'નરેન્દ્રનાથ દત્તે આપ્યું હતું' એમ કહીએ શું વાંધો ? એનો એ જ આત્મા, એનું એ જ શરીર, છતાં નામ ફેર કરવાની આવશ્યકતા કેમ જણાઈ ?

તે તો ઠીક પણ કાલ્પનિક સાહિત્યમાં પણ ભેળસેળ ના ચાલે. शुनिमन्वेति श्वा કહેનાર મંજરી જ હતી નહીં કે કુમુદ. 'ગ્રામ્ય માતા' ના કવિ 'કલાપી' જ હતા નહીં કે ઝવેરચંદ મેઘાણી, જુલિયેટનો પ્રેમી રોમિયો હતો. હેમલેટ ન્હોતો (પ્રાસ બેસે છે છતાં). યાદી ઘણી લાંબી થાય તેમ છે.

આપણા આધ્યાત્મિક મહાપુરુષો કહે છે કે : આપણે આપણા શરીર નથી, કે નથી આપણા મન. શું છીએ તે અંગે ઘણી વાતો સાંભળવા મળે છે જેવા કે ધ્યાન, મનન, યોગ, વિપશ્યના ઈત્યાદિ ઈત્યાદિ. લગભગ બધા આધ્યાત્મિક સાધકો અને સિદ્ધો પોતાના નામ આગળ 'સ્વામી' લગાડે છે. અને હસ્તાક્ષર (સહી) કરવામાં પણ પોતાના નવા નામ પહેલા 'સ્વામી' લખવાનું ચૂકતા નથી. તે શા માટે ? તે શું તેમના અહંકારનું પ્રમાણ નથી હોતું ?

ગહન તત્ત્વજ્ઞાન મુમુક્ષુઓ માટે સુરક્ષિત રાખીને આપણા જેવા સાધારણ માનવીઓની વાત કરીએ. કેટલાક સજ્જનો અને સન્નારીઓના સદ્‌ભાવ અને વ્યવહારની સુગંધ તેમના મરણ બાદ પણ તેમના સંપર્કમાં આવેલા લોકો વરસો સુધી યાદ કરતા હોય છે. તે બધાએ કોઈ વિશેષ સિદ્ધિ મેળવી હોય તે જરૂરી નથી હોતું. બીજી બાજુ એવા પણ ઉચ્ચ અધિકારીઓ હોય છે જેઓ નિવૃત્ત થતાની સાથે હડધૂત થતા હોય છે, પણ આપણું વર્તન જ મહત્ત્વનું હોય છે

અને કશું પણ કામ કરતા પહેલાં આપણા મનમાં કરવાનો વિચાર કરવો પડે તેથી મનનું પણ મહત્ત્વ તો છે જ.

કહે છે કે શરીરનું મહત્ત્વ નથી. એક રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને તે જ રાજ્યના એક રીઢા ગુનેગાર બંનેના નામ એક હતા. બેઉના કર્મો સાવ જુદા છે. તો તેમની સાચી ઓળખાણ કરવા માટે શરીર જ કામ લાગી શકે ને ? અર્થાત્ શરીરનું પણ મહત્ત્વ છે. મન તો બન્યું છે જ વિચાર કરવા માટે, મન વિના તો મોક્ષનો પણ વિચાર ના કરી શકાય. તેને વિચાર કરતું બંધ કરવામાં કૃત્રિમતા નથી આવતી ? કુવિચાર કરતા નિર્વિચાર સારું હશે પણ તેના કરતા સદ્‌વિચાર વધારે સારું નહીં ? મનનું પણ ખાસ મહત્ત્વ છે, તેને અવગણવાથી કશો લાભ નથી. મનન કરે તે મનુષ્ય કે માનવી કહેવાય. પશુ  પક્ષીઓ અને આપણા વચ્ચે ભેદ એટલો જ છે કે આપણે વિચાર કરી શકીએ છીએ. તે વિચારશકિતને તાળું મારવાની કશી જરૂર ?

પુનર્જન્મની કલ્પના જો સાચી હોય તો, અને તો જ, અગાઉ મારા અનેક જન્મો થયા હશે. કયારેક કોઈની ગૌરી ગાય કે કોઈનો ટોમી કૂતરો કે નામ વગરનો ગધેડો બન્યો હોઈશ. કોઈ રોગનો જંતુ બન્યો હોઈશ. કદાચ માનવ રૂપમાં જુદા જુદા ધર્મ પાળતો Robert, રહીમ કે રેશમસિંઘ બન્યો હોઈશ.

તે તે જન્મના 'હું' અને આ જન્મના 'હું' એક નથી. દરેકની જુદી જુદી ઓળખાણ હતી અને છે, જેમ કે ગાંધીજીના પુર્વજન્મોના સ્વરૂપો અને કરમચંદ ગાંધીના પુત્ર ભલે એક જ આત્મા હોય તો પણ આપણે માટે તો વર્તમાન સ્વરૂપ જ ગાંધીજી હતા. બીજા કોઈ નહીં.

આ લખનારને લાગે છે કે આપણે આપણા શરીર, નામ અને કર્મોના સમન્વય છીએ. આ ત્રણમાંથી એકાદ ના હોય તો બીજા બે નિરર્થક અને નિરૂપયોગી બની જાય છે જે ઉપરના વાહિયાત જણાતા પ્રશ્ન વડે સ્પષ્ટ થાય છે. આત્મા ભલે વારંવાર જન્મ લેતો હોય પણ તેના જે જન્મ દરમ્યાન તેનું જે કંઈ નામ હોય તે અને શરીર વડે જે કંઈ કૃત્યો થયા હોય તે વડે જ તેને ઓળખી શકાય અને યાદ કરી શકાય. આપણું નામ સાંભળીને ત્રાહિત વ્યકિત ખુશ થાય તો આપણું જીવ્યું સાર્થક, નાખુશ થાય તો નિરર્થક. તમને શું લાગે છે ?

# ૧૧. ઋષિમુનિઓની મહાનતા...
**( Greatness of Rishis )**

કોઈપણ વ્યકિત વિષે સારો કે ખરાબ અભિપ્રાય લોકોમાં પ્રચલિત કરી દેવો હોય તો એક બહુ સરળ અને અસરકારક માર્ગ છે. ફલાણી બેન બહુ સારી છે એમ ફેલાવવું હોય તો તેમના વખાણ થાય તેવા સારા સારા વિશેષણો તેમને માટે વાપરવા. તેમાંથી એક પણ વિશેષણ સાચું છે તેવું પ્રમાણ આપવાની જરૂર નથી. ઢીંકણાભાઈ ખૂબ જ ખરાબ છે એવો પ્રચાર કરવો હોય તો તેમને માટે ખરાબ વિશેષણો વારંવાર વાપરતા રહેવું. કોઈ પણ વિશેષણ અંગે કોઈ જ સાબિતી આવશ્યક નથી. તેમના કોઈ જ ખરાબ કૃત્યો વિષે કશો જ ઉલ્લેખ ન કરવો. કેમ કે કદાચ તેની સાબિતી આપવી પણ પડે. જો કોઈ વ્યકિત કે સમૂહ વિષે વપરાયેલા વિશેષણની યથાર્થતા ચકાસવી હોય તો તેમણે કરેલા કર્મો જોવા જોઈએ, તેમ કરવાનો આ પ્રયાસ છે.

આ વાત આપણા ઋષિઓ અંગે પણ લાગુ પડે છે. તેઓની મહાનતાનો ઉલ્લેખ જ્યારે હોય ત્યારે કરવામાં આવે છે તેથી આપણે માની લઈએ છીએ કે તેઓ બધા અત્યંત મહાન હતા. બધા ઋષિઓ મહાન નહોતા, કેટલાક હતા. તેમણે આપણને ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન આપ્યું. તેના જેવું જ્ઞાન બહુ ઓછા ધર્મોમાં છે. દાખલા તરીકે ઈશાવાસ્ય ઉપનિષદ હિંદુ ધર્મના પાયા સ્વરૂપ છે. તેના કર્તા ઋષિ એટલા નિરહંકારી અને નિસ્પૃહ હતા કે પોતાનું નામ પણ જાહેર નહોતું કર્યું. બીજી બાજુ કીર્તિ ભુખ્યા ઋષિઓ પણ હતા જેમણે ઉપરોકત યુકિતનો ઉપયોગ પોતાની મહાનતાનો પ્રચાર કરવા માટે કર્યો હતો. अहो रुपं अहो ध्वनि: અનુસાર એકબીજાના વખાણ કરી કરીને પ્રજાને ભરમાવી કે તેઓ બધા મહાન હતા, પરંતુ આપણી આંખો પરથી અહોભાવના ચશ્મા ઉતારીને જોઈએ કે તેઓ ખરેખર મહાન હતા કે નહીં.

આ બધા ઋષિઓ મહાન થયા કેવી રીતે ? ઘણા તો સાવ હાસ્યાસ્પદ સાધના કરીને. એક અત્યંત મહાન ઋષિ તો વર્ષો સુધી ઊંધે માથે ઝાડની ડાળી પરથી લટકયા. તેથી શિવજી પ્રસન્ન થયા અને તેમને વરદાન આપ્યું. શિવજીએ એમ ના પૂછ્યું કે ‘હે ભલા મુનિ, બ્રહ્માજીએ તમને આવી રીતે લટકાવવા જ હોત તો ચામાચીડિયા ના બનાવ્યા હોત ? આમ લટકીને તમે કોનું ભલું કરો છો તે હું તમને કશું વરદાન આપું ?’ પરંતુ પ્રજા તરીકે આપણે એટલા બધા નાદાન અને બાલિશ છીએ કે આવી વાર્તાઓને સાચી માની લઈએ છીએ.

સમગ્ર ઋષિ સમુદાયે હિંદુ પ્રજાનું સૌથી મોટું અહિત જ્યોતિષ વડે કર્યું છે. નિર્જીવ ગ્રહો સજીવ માનવોનું ભવિષ્ય નકકી કરે તે વિચાર જ વાહિયાત છે, પણ આપણા મહાન કહેવાતા ઋષિઓએ સૌને જ્યોતિષીઓના ગુલામ બનાવી દીધા. કોઈ પણ કામ કરતા પહેલા મુહૂર્ત જોવડાવવાની ટેવ પાડી દીધી. જોષીઓને આવકનું સાધન કરી આપ્યું. તેમના નવ ગ્રહોમાંથી બે, રાહુ–કેતુ, તો છે જ નહિ, કેવળ કાલ્પનિક ગ્રહો છે, તે વળી આપણું શું બગાડી શકવાના ?' પણ તેમનો ભય ઊભો કરી પૂજા કરાવવી જ પડે તેવી અસહાયતા પેદા કરી. જે બીજા સાચા ત્રણ ગ્રહો છે. યુરેનસ, પ્લુટો, તેમનો તો ભારતીય જ્યોતિષમાં કશો ઉલ્લેખ જ નથી કરવામાં આવતો.

એક બીજું તુત આ લોકોએ ચાલુ કરેલું તે છે વરકન્યાની કુંડળીઓ મેળવવાનું, સાવ અજાણ્યા બે જણાની કુંડળીઓનો મેળ ખાતો હોય તો તે બે નરનારી સુખી થાય પણ વર્ષોથી એકબીજાને જાણતા યુવક–યુવતીની કુંડળીઓ ના મળે તો તે દુખી થાય તે વાત કેવી રીતે માની શકાય ? તેમાં પણ કોઈની કુંડળીમાં 'મંગળ' હોય તો તેને માટે 'મંગળવાળું જ પાત્ર જોઈએ તેવી માન્યતાને લીધે કેટકેટલાના જીવન આ જોષીઓએ બરબાદ કરી નાખ્યા છે તેનો કોઈ હિસાબ છે ?

સૌથી વધુ હાસ્યાસ્પદ પૂજા છે ગ્રહશાંતિ. દક્ષિણાભિલાષી ગોર મહારાજ અગડંબગડમ શ્લોકો બોલે તેનાથી યજમાનને નડતા ગ્રહો નડવાનું બંધ કરી દે તે મનાય જ કેમ કરીને ? છતાં બધા જ પ્રસંગોએ ગ્રહશાંતિ તો કરાવવી જ પડે અને ગોરોના તરભાણા ભર્યા જ કરવાના. અને જો ગ્રહોની શાંતિ થઈ શકતી હોય તો 'મંગળ'ની કેમ નહિ ? જ્યોતિષ કદાચ સાચું પડતું હોય તો પણ ગ્રહોને શાંત કરવાના ઉપાયો તો નિરર્થક અને છેતરપિંડી જ ગણી શકાય.

ઋષિમુનિઓએ ચાલુ કરાવેલી બીજી પણ ઘણી બધી પૂજાઓ છે. સત્યનારાયણ પૂજા તો નરી સોદાબાજી જ છે. ઈશ્વરને કહેવાનું કે અમુક ફળ આપશો તો અને તો જ તે પૂજા કરીશ. અને ઈશ્વર પણ કેવો કે ફળ આપે તો ખરો પણ પૂજા ના કરાવીએ તો આપણને દંડ આપે જેમ કે જેલમાં નખાવે. પતિને અદ્રશ્ય કરી નાખે વગેરે વગેરે.

કહ્યું છે કે જન્મના જાયતે શુદ્રઃ સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે, અર્થાત માણસ જન્મે ત્યારે શુદ્ર હોય પરંતુ સંસ્કારથી બ્રાહ્મણ થાય છે. આપણને થાય કે અહીં ચારિત્ર્યને મહત્ત્વ આપવામાં

આવ્યુ છે. પણ ના, ઋષિઓએ તો સંસ્કાર શબ્દનો અર્થ જ બદલી નાંખ્યો. સોળ સંસ્કારો એટલે કે વિધિઓ નકકી કરી તેમાં અમુક તો ક્ષુદ્ર પ્રસંગે, બાળકને પહેલીવાર અન્ન ખવડાવીએ તેની પણ વિધિ કરવા માત્રથી તે કિશોર બ્રાહ્મણ બની ગયેલો ગણાય, પછી ભલે મોટો થઈને તે દુશ્ચરીત બને.

અનેક 'સંસ્કારો' તો ખરા. પણ બધા પૂજા વિધિ લાંબા લાંબા. લગ્નના વિધિના તો એટલા બધા સોપાન બનાવ્યા છે કે માણસ કંટાળી જાય. માંડવા મુહૂર્તથી માંડીને માંડવાનું ઉત્થાપન કરવા સુધીમાં યજમાન ખરચના ખાડામાં પડી જાય. આપણે ત્યાં છૂટાછેડાનું પ્રમાણ ઓછું હોવાનું એક કારણ એવું પણ હોઈ શકે કે 'જવા દો ને, ફરી પાછા એ બધી ઉઠવેઠમાં કયાં પડવું ?' એવા વિચારથી લોકો પડયું પાનુ નિભાવ્યે રાખતા હશે.

ઋષિમુનિઓએ એક બીજું અહિત પણ કર્યું છે. એટલા બધા ઉત્સવો શરુ કરાવ્યા કે અઠવાડિયામાં બે–ત્રણ નહીં તો એકાદ તહેવાર તો આવે જ. દરેકની જુદી જુદી પૂજા, તેથી ગોર મહારાજોને લીલા લહેર. પ્રજાનું જે થવાનું હોય તે ભલે થતું. વળી રજાઓ પણ ઘણી બધી પાળવાની. જનતાનું આળસ વધારતા જ જવાનું.' વિષ્ણુના જ અવતારો હોવા છતાં રામ, કૃષ્ણ, પરશુરામ, બુદ્ધ બધાની રજાઓ નોખી નોખી. એક 'સર્વાવતાર' જયંતી ના ચાલે ?

ત્રીજું અહિત ચમત્કારપ્રિયતા દ્રઢ કરી, સામાન્ય માનવો ચમત્કારોથી અંજાઈ જાય તે સ્વાભાવિક છે. પરંતુ લોકહિત ઈચ્છતા હોય તે નાયકોએ તો તેનાથી દૂર રહેવું જોઈએ બલકે અનુયાયીઓને પણ ચમત્કારીઓથી બચાવવા જોઈએ તેને બદલે આ મહાન ઋષિઓએ તો ચમત્કાર કરનારાઓની પ્રશંસા કરીને તેમનો જયજયકાર બોલાવ્યો. બીજા ધર્મોમાં પણ ચમત્કારને મહત્ત્વ આપવામાં આવે છે તે ખરું, પણ આપણે પણ બીજાઓ જેવા અણસમજુ થવું જ જોઈએ ?

એક બીજો મહાભ્રમ આપણા લોકોમાં ખૂબ ફેલાયેલો છે. તે એ કે અત્યારના 'કલિયુગ'માં જે શકય નથી તેવા ચમત્કારો અગાઉના યુગોમાં શકય હતા. ખાસ કરીને 'સત્‌યુગ'માં. વિજ્ઞાનના નિયમો તો ઠીક, સામાન્ય માણસાઈના નિયમો પણ યુગેયુગે બદલાય તે માની શકાય ? જેમ કે ગુલામી હવે તો નાબૂદ થઈ. આપણા પ્રાચીન પૂર્વજો દાસ અને દાસી રાખતા એટલું જ નહિ પણ તેમની સાથે અત્યંત ખરાબ વ્યવહાર કરતા અને તે પણ ધર્મના નામે. આ સંદર્ભે પ્રજા તરીકે આપણે ઘણા સુધરી ગયા છીએ એ ચોકકસ.

ઋષિમુનિઓએ મહાકાવ્યો અને પુરાણો રચ્યા. કહેતા ભી દીવાના ઔર સુનતા ભી દીવાના જેવી નિરુપયોગી અને અશકય ચમત્કારો તેમ જ આંતરિક વિસંગતતાઓથી ભરપૂર કથાઓને ધર્મના નામે ચલાવી, તેમાંના પાત્રો ખરેખર થયા હતા કે કાલ્પનિક હતા તે વિવાદનો વિષય છે, પરંતુ તે નિર્ણય કરવાનું જરૂરી નથી. પ્રશ્ન એ છે કે આ બધા રામ, કૃષ્ણ જેવા મહાનાયકો અને ભીષ્મ, યુધિષ્ઠિર જેવા લઘુનાયકોના કૃત્યો અનુકરણ કે વખાણ કરવા જેવા હતા ખરા ? નહીં જ. ધારો કે તે બધા ખરેખર જીવતી જાગતી વ્યકિતઓ હતી તો પણ તેમના ગુરુઓ અને માર્ગદર્શકો તો ઋષિઓ જ હતા ને ? તો તેમણે યોગ્ય સલાહ કેમ ના આપી ? અને ધારો કે આ બધા ગ્રંથો કાલ્પનિક છે વાર્તા તો સારી લખવી હતી ? તે પણ ના કરી શકયા તેનું કારણ તેમની મનોવૃત્તિ જ એવી હતી કે શુદ્રો અને સ્ત્રીઓ તો અપમાન, તિરસ્કાર અને અન્યાયને પાત્ર જ હતા. સ્ત્રીઓ તો વસ્તુ જ ગણાતી. વાર્તા તો ઠીક, મનુસ્મૃતિ જેવા પુસ્તકમાં પણ ઋષિઓની આવી અધમ માનસિકતા સ્પષ્ટ દેખાય છે. દા. ત. એક પ્રશ્ન એવો ઊઠયો કે કોઈ પરિણીત સ્ત્રી તેના પતિ સિવાય બીજા કોઈ પુરુષથી ગર્ભવતી થાય તો તે બાળકનો પિતા કોણ ? મનસ્મૃતિ તેના ઉત્તરમાં ઉદાહરણ આપે છે જમીનનું. કે જેવી રીતે કોઈ ખેતરમાં થયેલો પાક બિયારણ નાખી જનાર વ્યકિતનો નહિ પણ ખેતરના માલિકનો ગણાય તેવી રીતે સ્ત્રીના બાળકનો પિતા તેનો પતિ જ ગણાય. એટલે બાળકની માતા તો ખેતર જેવી નિર્જીવ વસ્તુ જ ગણાય. તેથી તો શાન્તનુના પુત્રો નિઃસંતાન ગુજરી ગયા તો નિયોગ દ્વારા ધૃતરાષ્ટ્ર અને પાંડુ જન્મ્યા. મનુસ્મૃતિ અનુસાર જો કોઈ બ્રાહ્મણ સ્ત્રી પર બળાત્કાર કરે તો તેને મૃત્યુદંડ મળે.

# ૧૨. મોક્ષૈષણા...

માનવજીવાનો એક માત્ર (અથવા મહત્ત્વનો) હેતુ મોક્ષ મેળવવાનો છે એવો ઉપદેશ વારંવાર સાંભળવા ને વાંચવા મળે છે. એનો અર્થ એમ કે एकोऽश्वऽहं बहु स्याम ને ઉલટાવી નાંખો. શા માટે ? તો કે આરંભમાં ગર્ભવાસથી અંતે મૃત્યુ સુધીનું પૂરેપૂરું જીવન વ્યથાકારક છે. ઉપરછલ્લે આ સાચું લાગે પણ ખરું. જરા નિરાંતે વિચારીએ.

માતાના ગર્ભમાં રહેલા બાળકને પીડા થાય છે કે બીજી કોઈ રીતે તે દુખી થાય છે એમ શા આધારે માની લેવામાં આવે છે ? બનવાજોગ છે કે તેને ના તો આનંદ કે ના તો પીડા થતી હશે. માની લઈએ કે માતાના ગર્ભમાં ભ્રૂણને પીડા થાય છે. તો પણ

માતાને જે સુખ અને સંતોષ મળે છે તેટલા ખાતર તે પીડા ભોગવવી જોઈએ. વળી સંતાનને વરસો અને દાયકાઓ સુધી માતાનો નિઃસ્વાર્થ પ્રેમ મળે છે તેની સરખામણીમાં નવ મહિનાની પીડા સાવ ઓછી ગણાય. વધારામાં પિતાનો સહારો મળે, દાદા–દાદી અને નાના–નાનીના વહાલ પણ મળે. આટલો સારો સોદો જવા દેવાય ?

જીવનમાં પણ સર્વથા અને સર્વદા વ્યથા જ ભોગવવી પડે છે એવું નથી, થોડી પીડા નડે તો કવિ બાલાશંકર કંથારિયા (કાન્ત) ને યાદ કરીએ.

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.

રહી વાત મૃત્યુની. પાકેલા ફળની જેમ ખરી પડવાનું, તેમાં સુખ કેવું ને દુઃખ કેવું ? કવિ કહે છે,

કોઈ વહેલું કોઈ મોડું જવાનું,
જાવાનો ના તેથી કંઈ હર્ષ શોક.

મરણ તો ક્ષણાર્ધમાં થઈ જાય છે. તેના પહેલા જુદી જુદી અવધિ માટે પીડા થાય છે તે તો જીવનમાં ગણાઈ જાય.

આવતો જન્મ અને ત્યાર પછીના બધા જન્મો દુઃખદાયક જ હશે એમ માનવું તે નકારાત્મક વિચારસરણી નથી ? શરીરના દુઃખોનો ઉપાય નથી મળતો તેથી શરીર જ ના મળે એવું કરવું તે તો કાયરતા અને પલાયનવૃત્તિ ગણાય. લોકો બિચારા પોતાની સમસ્યાઓના નિરાકરણ માટે ગુરુઓ પાસે જાય. ગુરુઓ તે ના કરી શકે તેથી શિષ્યો અને અનુયાયીઓને ભ્રમમાં નાંખવા મોક્ષની કલ્પના ઉપજાવી કાઢી.

દેહ વગરનો આત્મા (હોય તો) એટલે શું ? ભૂત કે બીજું કાંઈ ? તે શું કરી શકે ? કશું જ નહીં. शरीरमादयं खलु धर्मसाधनम् । શરીર વિના ધર્મચારણ પણ ના કરી શકાય. સજ્જનો (સાધુ એટલે બાવા નહિ) ના રક્ષણ અને દુર્જનોનો વિનાશ કરવો હોય તો શરીર ધારણ કરવું જ પડે, વૈકુંઠમાં રહ્યા રહ્યા કે ક્ષીરસાગરમાં શેષનાગના ખોળામાં સુતા સુતા ના કરી શકાય.

જેટલો નકામો આત્મા વગરનો દેહ છે તેનાથી પણ વધારે નકામો દેહ વગરનો આત્મા છે. આત્મા વિનાનો દેહ જો બાળી ના નાંખ્યો હોય તો પશુ પક્ષીઓ કે જીવડાઓ તેને

ખાઈને જીવી શકે. દેહ વિનાનો આત્મા તો કોઈને પણ કશું કામ ના લાગે. બ્રહ્મર્ષિઓને પણ શરીર વિના ચાલતું નથી તેનો પુરાવો વાલ્મિકિ રામાયણમાં છે. તે રામાયણના ઉત્તરકાંડમાં ૫૫ માં સર્ગમાં એવો પ્રસંગ આવે છે કે રાજા નિમિ અને ગુરુ વશિષ્ઠ બંને એકબીજાને શાપ આપવાથી મૃત્યુ પામ્યા. ત્યાર બાદ વશિષ્ઠના મૃતાત્માએ બ્રહ્માજી પાસે જઈને શું માંગ્યું ? તે જાણવા ૫૬ મા સર્ગના શ્લોક ૭ થી ૮ ૧/૨ જુઓ :

બ્રહ્મર્ષિ વશિષ્ઠને મોક્ષની ઈચ્છા નહોતી, શરીરની હતી. બીજા બધા ગુરુઓ શાને માટે મોક્ષને મહત્ત્વ આપ્યા કરે છે ?

મુમુક્ષુઓ બે પ્રકારના હોય છે. કેટલાક મુમુક્ષુઓ પ્રસિદ્ધિ કર્યા વિના સામાન્ય જનતાની જેમ જીવે છે. બીજા કેટલાક પોતાની જાહેરાત કરીને જાણે સમાજ પર ઉપકાર કરતા હોય તેમ કશો કામધંધો કર્યા વિના જીવે. આશ્રમ ખોલે, ઉપદેશો આપે, પોતાની ચરણરજ લેવડાવે. તેમાંના કેટલાક ગૌરવાન્વિત ભિક્ષુકો તો હક કરીને માંગણી પણ કરે.

અત્યાર સુધીમાં કેટલા અને કયા આત્માઓને મોક્ષ મળી ગયા છે તેની કોઈ નોંધણી શકય નથી. તે બધા અત્યારે શું કરે છે ? એટલું તો ખરું કે સારા આત્માઓ નિષ્ક્રિય થઈ ગયા, પરમેશ્વર માટે તેઓ બધા NPA (Non performing Assets = નિરુત્પાદક સંપત્તિ) ગણી શકાય ને ? અને માનવજાત માટે ? ઉત્તમ ખેલાડીઓ 'નથી રમતા' કહીને બેસી જાય તો આપણી ટીમ હારી જ જાય ને ? તેથી જ દુનિયા બગડતી જાય છે ?

જુદા જુદા ઈષ્ટ દેવોના નામે એક વાર્તા અવારનવાર વાંચવામાં આવે છે. કોઈ શહેરની નદીમાં મોટું પૂર આવવાની ચેતવણી હતી. લોકોના સ્થળાંતર કરાતા હતા, એક ભાઈએ પહેલા બસમાં, પછી હોડીમાં અને છેલ્લે હેલીકોપ્ટરમા જવાની ના પાડી કારણ કે 'મારો ઈષ્ટદેવ મને બચાવશે.' ના બચ્યા. ઈષ્ટદેવને પૂછ્યું કે, 'તમે મને કેમ બચાવ્યો નહીં ? ' તો દેવે કહ્યું, ' હું તો તને બચાવવા ત્રણ વખત આવ્યો હતો પણ તે જ મને ઓળખ્યો નહી.' આવા નાના નાના કામો આપણે કરવાના હોય. એમાં ઈષ્ટદેવને શા માટે યાદ કરવા ?

આપણા અત્યારના શરીરમાં જે આત્માઓ છે તે બધા આપણી પોતપોતાની માલિકીના છે કે તે બધાનો માલિક પરમેશ્વર છે ? તેમનો ફરીથી ઉપયોગ કરવાની મનાઈ ફરમાવી શકાય ?

આપણા પૂર્વજોની  તેમના પોતાના વ્યકિતગત મોક્ષ માટેની એષણા (=ઘેલછા)નું દુષ્પરિણામ એવું આવ્યું કે બુદ્ધિશાળી લોકો પણ તેમની બુદ્ધિ આધ્યાત્મ પાછળ જ વાપરતા. કોઈ રડયા ખડયા માનવે કશી ભૌતિક શોધ કરી હોય તો તેને આગળ ધપાવવાની તસ્દી કોઈ લેતું નહીં. આનું જ્વલંત ઉદાહરણ અગસ્ત્ય સંહિતામાં છે. કોઈ કોઈ પ્રયોગશીલ વ્યકિતએ વીજળીકોષ બનાવ્યો, તેનાથી પાણીમાંથી હાઈડ્રોજન અને ઓકિસજન છૂટા પાડયા હતા.* તે ગ્રંથમાં લખાયું ખરું પણ તરત જ ભુલાવી દેવામાં આવ્યું. તે શોધને આગળ ચલાવી હોત તો ભારત કેટલું આગળ વધી ગયું હોત ? વિદેશીઓના આક્રમણો ખાળી શકાયા હોત કે નહી ?

# ૧૩. પરમેશ્વર વિ. ધર્મો..

## (God Versus Religion)

આ મથાળું કોર્ટ કેસ જેવું જણાય છે તે સહેતુક છે. અહીં ઈશ્વર ફરિયાદી અને બધા ધર્મો આરોપી છે. જનતાની અદાલતમાં આ ફરિયાદ સાંભળવાની છે, તો વાંચો ફરિયાદની વિગતો.

ભકિત એટલે જીવાત્મારૂપી પત્નીનો પરમાત્મારૂપી પતિ માટેનો ઉત્કટ પ્રેમભાવ. તે જાહેરમાં અને સમૂહમાં થઈ જ ન શકે. છતાં તેને માટે કેટકેટલા મંદિરો, ચર્ચો, સીનાગોગો, મસ્જીદો, ગુરુદ્વારાઓ વગેરે બાંધવા અને નીભાવવામાં આવે છે ! આ બધા સામાજિક જીવન માટે જરૂરી ખરા પણ ભકિત કરવા માટે નહીં. ત્યાં ન જનારી બધી વ્યકિતઓને દુષ્ટ કે નાસ્તિક ન ગણી શકાય.

ઈશ્વર બધા ધર્મોથી ચડિયાતો અને વેગળો નિરાળો છે. (God is above and beyond all religions.) છતાં બધા ધર્મો એવી રીતે રજૂઆત કરે છે કે જાણે ઈશ્વરે તેમને જ ઈશ્વરના વતી બોલવાનો એકાધિકાર આપી દીધો હોય અને ઈશ્વર તેમના જ કાનમાં બધું  કહીને નિરાંતે સૂઈ ગયો હોય. કોઈ ધર્મ એવો નથી કે જે ઈશ્વરનું ખરેખર પ્રતિનિધિત્વ  કરતો હોય. તો પણ બધા ધર્મો તેમના અનુયાયીઓની પ્રાર્થનાનું નિયંત્રણ કરે છે. બધા ધર્મો એવું ખોટું અનુમાન કરી લે છે કે જાણે ઈશ્વર એટલો નિર્બળ છે કે તે તેના ભકતોનો સીધે સીધો અને વ્યકિતગત સંપર્ક કરી શકતો નથી અને તેને કોઈ મનુષ્યની મદદની જરૂર છે. આમ બધા ધર્મોએ ઈશ્વરને પોતપોતાની

રીતે કેદ કરી રાખ્યો છે. આ દ્રષ્ટિથી જોઈએ તો બધા ધર્મોને ઈશ્વરનિંદક અને ઈશ્વર અપમાનક (blasphemous) ગણાવી શકાય તેથી ઈશ્વરને તેમજ માનવજાતને બધા ધર્મોની જંજીરમાંથી મુકત કરવા જોઈએ.

કેટલાક લોકો ઈશ્વરના અસ્તિત્વને જ નકારે છે. એક યુવાન મિત્રે એક વાર મને કહ્યું કે તે ઈશ્વરમાં નહોતો માનતો. અમારો સંવાદ કૈંક આવો ચાલ્યો.

'હું ઈશ્વરમાં નથી માનતો કારણ કે તે મારી પોતાની આંખે દેખાતો નથી.'

'તમે તમારી આંખ જોઈ છે ?' 'હા.'

'કયાં ?' 'અરીસામાં.'

એટલે કે તમે તો પ્રતિબિંબ જ જોયું છે. છતાં તમને તમારી આંખો પર ખૂબ વિશ્વાસ છે જેને તમે જોઈ જ નથી. તમે કયા આધારે કહી શકો કે તમને આંખો છે ?' 'મે બીજાઓની આંખો તેમજ તેમના પ્રતિબિંબ જોયા છે તેથી જાણું છું કે મારી આંખોના પ્રતિબિંબ તેમનું સાચું સ્વરૂપ બતાવે છે.' તેમ ઈશ્વર છ જ એવો વિશ્વાસ પણ નથી.

'વીજાણુઓને જોયા વિના આપણે વીજળીને જાણીએ છીએ. ચીનની દીવાલ, ઉત્તર અને દક્ષિણ ધ્રુવો વગેરેની હયાતી ત્યાં ગયા વગર સ્વીકારીએ છીએ ને ? તમે બાથરૂમમાં નહાતા હો ત્યારે તમારો ગાવાનો અવાજ સાંભળીને તમને જોયા વગર જાણી લઈએ કે તમે જ ત્યાં છો, ટેપરેકોર્ડર નથી વાગતું. બરાબર તેવી જ રીતે આપણે ઈશ્વરને જોયા વગર તેનું અસ્તિત્વ જાણી અને સમજી શકીએ. આપણે ઈશ્વરને જોવાનો નહીં પણ અનુભવવાનો અને સમજવાનો હોય.' તેમ ઈશ્વર છે  જ એવો વિશ્વાસ પણ નથી.

આમ આ લખનાર ઈશ્વરના અસ્તિત્વને નકારતો નથી તેમ ઈશ્વર છે જ એવો વિશ્વાસ પણ નથી. કેટલાક બુદ્ધિશાળી તર્કવાદી મિત્રો કહે છે કે વૈજ્ઞાનિક સાબિતી વિના પરમેશ્વરનું અસ્તિત્વ સ્વીકારી ના શકાય પરંતુ વૈજ્ઞાનિકોની બીગબેંગ, બ્લેક હોલ, બ્લેક એનર્જી વગેરેની વાતો સુદ્ધાં, આધ્યાત્મિક ગુરુઓની ભૂત–પ્રેત, સ્વર્ગ–નર્ક ઈત્યાદી કલ્પનાઓ વાહિયાત હોવા છતાં, આપણે માની લઈએ છે ને ! રોજીન્દા જીવનને અસર ના કરતી હોય તેવી, આધ્યાત્મિક હોય કે વૈજ્ઞાનિક, કોઈ પણ બાબતો પર ધ્યાન આપવાની કશી જરૂર નથી જણાતી.

પરંતુ પોતે ઈશ્વર કે ઈશ્વરના એક માત્ર પુત્ર કે તેમના છેલ્લા સંદેશવાહક હોવાના કૃષ્ણ, જીસસ, મહંમદ વગેરે વગેરેના મોટા મોટા દાવાઓ વિષે શંકા ઉઠાવે છે. માનવજાત માટે

કાયમી નીતિનિયમો ઘડવાની સત્તા તેમને ઈશ્વરે આપી હોય તે શકય નથી. ધર્મ પ્રચારકોએ ઉપજાવી કાઢેલી અને પ્રસરાવેલી વાર્તાઓ અને તેમના ઉપદેશોમાં રહેલી વિસંગતતાઓને ખુલ્લી પાડતો એક લાંબો અંગ્રેજી લેખ  આ વેબસાઈટ પર છે તેથી અહીં તેમનું પુનરાવર્તન કરવું જરૂરી નથી જણાતું.

આપણે જ્યારે ઈશ્વર વિષે શબ્દો વાપરીએ છીએ ત્યારે અનિચ્છાએ પણ નાછૂટકે આપણી નબળાઈઓ અને ખામીઓ તેમના પર ઓઢાડી દઈએ છીએ. આપણે આવા શબ્દો વાપરવા તો પડે જ, પણ તેમના અર્થઘટન અંગે આપણી ભાષાઓની મર્યાદાઓ વિષે સભાન રહેવું જોઈએ. દાખલા તરીકે આપણે કશું પણ કરીએ તો તેમાં સમય અને મહેનત લાગે જેથી આરામની જરૂર પડે. સર્વશકિતમાન ઈશ્વર માટે સર્જન તત્ક્ષણ અને અનાયાસ હોય, તેમને આરામની જરૂર ન પડે. તો યે ઘણા લોકો માને છે કે વિશ્વનું સર્જન કરવામાં પરમેશ્વરને છ દિવસ લાગ્યા અને સાતમે દિવસે તેમણે આરામ કર્યો. કેવું અનીશ્વરિય ! (ungodly) આપણે ઈશ્વર પાસે જવાની વાતો કરીએ પણ જે સર્વવ્યાપી અને અંતર્યામી છે તેની પાસે આપણે જવાનું શું અને તેણે આપણી પાસે આવવાનું શું ?'

લગભગ બધા જ ધર્મો ઈશ્વરને સર્વશકિતમાન, સર્વજ્ઞ અને સર્વવ્યાપી વર્ણવે છે. પરંતુ એવા નિયમો બનાવે છે કે જે આનાથી વિપરીત હોય. દાખલા તરીકે ઈશ્વર સર્વવ્યાપી હોય તો તીર્થોને બીજા સ્થળો કરતા વધારે પવિત્ર કેમ મનાય ? ન્યાય અને ધાર્મિક આઝાદી માટે એક દેશ છોડી બીજા દેશમાં જવાની મોઝીસને શું જરૂર હતી ? ઈજિપ્તમાં જ રહીને બીજી પ્રજા જેટલા સમાન હકક માગી શકયા હોત. હિન્દુઓએ પણ ચાર ધામની જાત્રા કરવાની શી જરૂર ? ઈશ્વર સર્વજ્ઞ છે તેથી તેને અત્યારની આપણી ભાષાઓ પણ આવડે જ ને ? તો પછી સંસ્કૃત, લેટીન, હિબ્રુ, અરેબિક જેવી ઘરમાં ન બોલાતી ભાષામાં જ પ્રાર્થના શીદ કરવી પડે ? ઈશ્વર સર્વશકિતમાન છે તો પછી ઈશ્વરનીન્દકોથી તેનુ રક્ષણ ધર્મગુરુઓએ કરવું પડે ખરું ? તે પોતે જ તેમને સજા કરી ન શકે ? જેમ કે સલમાન રશ્દીને સજા કરવા માટે ખોમૈનીએ ફતવો બહાર પાડયો તેનો અર્થ એમ થાય કે ઈશ્વરની શકિત માટેની ખૌમેનીની શ્રદ્ધા કાચી હતી. વળી રશ્દીને મારવાનું જો ઈશ્વરપ્રેમનું કામ હોય તો તે કરવા માટે ઈનામની જાહેરાત શા માટે ? આવું તો બીજા ધર્મો વડે જાહેર કરાયેલી સજાઓ માટે પણ પૂછી શકાય.

સ્વનેત્રે ઈશ્વરને જોયા કે સ્વકર્ણે તેમને સાંભળ્યા હોવાનો દાવો કરનારાઓએ જ અનુમાન કરેલું હોય છે કે પરમેશ્વર કેવા દેખાતા હશે કે શું કહેવા માંગતા હશે. આ મહાનુભાવો, કદાચ શુભેચ્છાપૂર્વક તેમની વાત બધાને જણાવી તેનો પ્રસાર કરે પછી આપણે બધા પોતપોતાના

નાયકે કરેલા વર્ણન સાવ સાચા હશે તેવા અનુમાન કરીને તેમને અનુસરીએ છીએ. તેમાં વાંધો એટલો જ છે કે આપણા સિવાયના બીજા બધા જૂઠો ભૂલો અથવા પાપ કરતા હશે તેમ માની લઈને તેમની સાથે બિનજરૂરી ઘર્ષણ પેદા કરીએ છીએ. આમ કરવાને બદલે ઈશ્વરના સર્જનોના અવલોકનો પરથી તેમના લક્ષણો જાણી શકીએ. ઈશ્વરની બનાવેલી કુદરતના અવલોકન પરથી ઈશ્વરની કેટલીક અગત્યની ખાસિયતો જણાઈ આવે છે.

પહેલી તો એ કે તેણે બધા કામો કરવા માટે સ્વયંસંચાલિત વ્યવસ્થાઓ કરી રાખી છે. તે એક મહાન સ્વયંસંચાલક છે. દિવસ રાત પાડવાની જંજાળ રોજેરોજ કરવાને બદલે પૃથ્વીને ગોળ ફરતી કરી દીધી એટલે પત્યું ! ઋતુઓ બદલવા માટે પૃથ્વીની ધરી વાંકી કરી દીધી. વિશ્વભરમાં સ્વયંસંચાલિત વ્યવસ્થાઓ હયાત છે જે ઈશ્વર સિવાય બીજા કોઈ ના બનાવી શકે.

બીજી, ઈશ્વર બધી વસ્તુઓનો વારંવાર ઉપયોગ (recycle) કરે છે. પાણી, પ્રાણવાયુ, નત્રવાયુ, કાર્બન ડાયોકસાઈડ વગેરે બધા જ તત્ત્વોના ચક્રો (cycle) બનાવી રાખ્યા છે. તેથી બનવાજોગ છે કે આપણા શરીરોમાંના આત્માઓને પણ recycle કરતો હશે.

ઈશ્વરને વિવિધતા ગમે છે. યંત્રમાંથી નીકળતા એક સરખા ઉત્પાદનો ન કર્યા. માણસો, પ્રાણીઓ, વૃક્ષો તો ઠીક પણ પથ્થરો પણ જાતજાતના બનાવ્યા છે.

ઈશ્વર એક મહાન સમાનતાકારક (Great Equalizer) પણ છે. જે બધા ઊંચા પુરુષો ઊંચી સ્ત્રીઓને જ પરણે તો સમાજમાં ઊંચા અને નીચા લોકોના બે જુદાજુદા વર્ગો પડી જાય. તેવું જ રૂપ, બહાદુરી, ઉદારતા, બુદ્ધિમત્તા વગેરે બધા ગુણો અંગે થાય. તેમ ના થાય તે માટે તે એવા પતિપત્નીને ભેગા કરે છે કે જેઓ કેટલીક બાબતોમાં તો એકબીજાથી વિરુદ્ધ ગુણો ધરાવતા હોય.

ઈશ્વરની આ ખાસિયતો ના સમજવાથી ધર્મશાસ્ત્રો અયોગ્ય રિવાજો પાડે છે. જેમ કે ઈશ્વરને વિવિધતા ગમતી હોવા છતાં ધર્મો તો તેમના અનુયાયીઓને બીબાઢાળ એકસરખા બનાવવાની વેતરણમાં પડયા છે.

બધા ધર્મોને વિજ્ઞાન પરત્વે અણગમો અને વિરોધી ભાવ હોય છે. (જો કે આજકાલ ધાર્મિક રિવાજોને વૈજ્ઞાનિક પુરવાર કરવાની ચાલ શરુ થઈ છે) બીજી બાજુ કેટલાક વિજ્ઞાનીઓ નાસ્તિકતાની વૃત્તિ ધરાવતા હોય છે. દાખલા તરીકે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની સામે 'સર્જનવાદ' (creationism) ના મુદ્દા પર મોટો વિવાદ અને તેના નિયમોને કોણે બનાવ્યા ?' કોઈએ તો

બનાવ્યા હશે ને ? ઈશ્વરે જે તે બનાવ્યા એમ સ્વીકારીએ કે તેના બનાવનારને ઈશ્વર કહીએ તો બધો વિવાદ મટી જાય છે. સૌથી વધુ શકયતા એ જ છે કે ઈશ્વરે જ વિજ્ઞાન, વિજ્ઞાનના નિયમો, શરૂઆતનો જથ્થો (દળ, mass) અને ઊર્જા બનાવ્યા અને તેમને સ્વયંસંચાલિત વ્યવસ્થાઓમાં જોડી દીધા જેના પરિણામે વિશ્વ વિકાસ પામ્યું. જીનેસીસમાં આદમ અને ઈવની જે વાર્તા જોડી કાઢી છે તે પ્રમાણે નહીં.

જ્યારે આપણે ન્યુટનના નિયમો જેવા વિજ્ઞાનના નિયમોની વાત કરીએ છીએ ત્યારે તે નિયમોના શોધનાર વૈજ્ઞાનિકોના નામથી તેમનો ઉલ્લેખ કરીએ છીએ. તે નિયમો તે પરાપુર્વથી અસ્તિત્વમાં હતા જ. બધા જ નિયમો પરમેશ્વરના કુદરતના નિયમો છે. વૈજ્ઞાનિકોએ તો તેમને સમજીને તેના સૂત્રો વૈજ્ઞાનિક ભાષામાં વ્યકત કર્યા. તેઓએ કંઈ તેમની શરૂઆત નહોતી કરી કે નથી તેમના તે નિયમો પર કોઈ માલિકી હક્ક. એક વાર આ વાત સમજી લઈએ તો વિજ્ઞાન અને ધર્મો વચ્ચેનો ઝઘડો મટી જાય છે. ધર્મગુરુઓ વિજ્ઞાનના સાધનોનો ઉપયોગ કરતા જાય અને છતાં વિજ્ઞાનની ટીકા કરતા હોય છે તે પણ અયોગ્ય છે. વળી ઈશ્વરમાં માનવા માટે ચમત્કારોની પણ જરૂર નથી.

પાણી પર ચાલવાના ચમત્કારનો વિચાર કરીએ. આપણે પાણી પર ચાલી શકતા નથી તે ઈશ્વરના ગુરુત્વાકર્ષણ, ક્રિયા–પ્રતિક્રિયાના અને તરણના નિયમોને લીધે. ઈશ્વરના સાચા ભકતો આ નિયમોના ઉલ્લંઘન કરવા ઈચ્છે પણ નહીં, તેને બદલે આ જ નિયમોના પાલન કરીને હોડી અથવા બીજા સાધનો બનાવી તેમના વડે પાણી પર પ્રવાસ કરે. તેથી જીસસ અથવા બીજી કોઈ વ્યકિત પાણી પર ચાલવાનો દાવો કરે તો તે અનિશ્વરીય (ungodly) જ હોઈ શકે. તેવી જ રીતે આપણે ઊડી શકતા નથી તેનું કારણ ઈશ્વરના નિયમો છે. ઈશ્વરના સાચા ભકતો તો યોગ કે બીજી કોઈ આધ્યાત્મિક શકિત વડે ઊડવાનો પ્રયત્ન પણ ન કરે, બલ્કે ઈશ્વરના બનાવેલા એરોડાયનેમિકસ (aerodynamics) ના નિયમોનો અભ્યાસ કરીને તેમનો ઉપયોગ કરીને એરોપ્લેન બનાવે, પોતે પણ ઊડે અને બીજા માનવ પ્રવાસીને પણ ઉડાડે. ચમત્કાર કરવાનો દાવો ના કરે.

ચમત્કાર થાય છે, પળે પળે, ઈશ્વર જ તે બધા કરે છે. જેમ કે પાણી. બીજા બધા પદાર્થો જે ઠરી જાય તો ભારે થઈ જાય અને ડૂબે. કેવળ પાણી જ એવી વસ્તુ છે કે જે ઠરવાથી (બરફ બનવાથી) હલકી બને છે અને તરે છે. આને વિજ્ઞાનમાં પાણીનું અપવાદરૂપ વિસ્તરણ (anomalous expansion of water) કહે છે. પાણીના આ ગુણધર્મને લીધે જળચરો તળાવો, સરોવરો અને સમુદ્રો ઠરી જાય ત્યારે સપાટી પરના બરફની નીચે જીવતા રહી શકે છે. નહીં તો

ઠરેલા બરફમાં દટાઈ મરે. ઈશ્વરનું અસ્તિત્વ પુરવાર કરવા માટે આ ચમત્કાર એકલો જ બસ છે. છતાં બીજા થોડા ચમત્કાર જોઈએ.

પૃથ્વીની ધરી જેટલા અંશથી નમેલી છે તે પણ ચમત્કાર છે. જો તે ખૂણો શૂન્ય અંશનો હોત તો ઋતુઓ ના હોત. બારે મહિના એક સરખા હોત. જો તે ૪૫ અંશ હોત તો ગરમ અને ઠંડા પ્રદેશો એકબીજાને અડોઅડ આવી ગયા હોત. સમશિતોષ્ણ કટિબંધ હોત જ નહીં. માનવજાતને પેદા થવા અને વિરામ પામવા માટે પૂરતી જગ્યા જ રહી ન હોત.

આપણા શરીરની રકત પરિભ્રમણ રચના પણ એક ચમત્કાર છે. શરીરની બધી રકતવાહિનીઓમાં લોહી પહોંચાડવા માટે જે પંપ બનાવેલો હોય તો તે આપણા શરીર કરતા પણ મોટો પંપ જોઈએ. પણ તે કામ મુટ્ઠી જેવડું આપણું હૃદય કરી શકે છે, તેનું કારણ લોહીનો ચમત્કારિક ગુણધર્મ છે જેનાથી તે વહેતું હોય ત્યારે ઘણું પાતળું થઈ જાય છે પણ વહેતું બંધ થાય ત્યારે ઘટ્ટ બની જાય છે.

જેમ જેમ વિજ્ઞાન જાણતા થઈએ છીએ તેમ તેમ ઈશ્વરના ચમત્કારો આશ્ચર્ય પમાડતા જાય છે. ઈશ્વર આવા આવા ચમત્કારો કર્યા કરે છે તો પણ આપણે તેની હયાતીમાં માનવા માટે ચમત્કારિક વ્યકિતઓને શોધતા રહીએ છીએ. કેવું આપણું દુર્ભાગ્ય !

ઈશ્વરને નામે આપણે ભળતી જ વ્યકિતઓમાં શ્રદ્ધા રાખીએ છીએ. શ્રદ્ધાની પરિકલ્પના (concept) નો ખૂબ દુરુપયોગ થયો છે. શ્રદ્ધાળુઓને કશી સાબિતીની જરૂર નથી હોતી. અશ્રદ્ધાળુઓ કોઈ જ સાબિતી સ્વીકારતા નથી, પણ શ્રદ્ધા કોનામાં કે શાનામાં રાખવી જોઈએ તે વિચારવા જેવું છે. ગમે તેટલી મહાન હોય તો પણ કોઈ એક વ્યકિતમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવી ન જોઈએ. પછી ભલે તે વ્યકિત પોતે જ કે તેમના અનુયાયીઓ તે વ્યકિત સ્વયં પરમેશ્વર, કે પરમેશ્વરના એક માત્ર પુત્ર, કે તેમના સંદેશવાહક હોવાનો દાવો કરતા હોય કે તેમણે ચમત્કારો કર્યા હોવાની અફવાઓ ચાલતી હોય. ચમત્કાર વડે ઉત્પન્ન કરાયેલી શ્રદ્ધા તે કાંઈ ખરી નથી હોતી કારણ કે ઈશ્વરના સાચા પ્રેમીઓને ચમત્કાર કરવાની જરૂર જ શી હોઈ શકે ? બીજું. આવા આધ્યાત્મિક મહાપુરુષો જે ચમત્કારો કરતા હોય છે તે લગભગ બધા જ ભૌતિક મહત્ત્વના હોય છે જેમનું આધ્યાત્મિક મહત્ત્વ કશું જ નથી હોતું. સાચી શ્રદ્ધા તો ઈશ્વરમાં અને ઈશ્વરીય સિદ્ધાંતો જેવા કે સત્યપ્રિયતા, ન્યાય, પ્રેમ, દયા વગેરેમાં જ હોવી જોઈએ.

ગંગા તટ પર રહેતા એક ગુરુના શિષ્યને પાણી પર ચાલતા શીખવું હતું. આ ગુરુને તેવો ચમત્કાર આવડતો નહોતો કે કરવો નહોતો. ચેલા તો હિમાલય બીજા ગુરુ પાસે જઈ બાર વર્ષ તપ કરીને પાણી પર ચાલવાની 'સિદ્ધિ' મેળવી આવ્યા. આવીને જૂના ગુરુ આગળ તેનું

પ્રદર્શન કર્યું. તેમણે કહ્યું, 'જે કામ થોડા પૈસા હોડીવાળાને આપીને થઈ શકે તે માટે તે જીવનના અમૂલ્ય બાર વર્ષ બગાડયા.' આમ કહેવાતા ચમત્કારોનું ભૌતિક મૂલ્ય હોય પણ આધ્યાત્મિક મૂલ્ય કશું હોતું નથી.

આ લખનારને કોઈ કોઈ વાર સામૂહિક પ્રાર્થનાઓમાં જવાનું થયું છે. કોઈ વાર જો મોઢેથી બોલ્યો હોઉં તો વખાણ થયા છે પછી ભલે તે સમયે મારા મનમાં ભળતા જ વિચારો ચાલતા હોય. કોઈ વાર સંપૂર્ણ ધ્યાનપૂર્વક પ્રાર્થના સાંભળતો હોઉં ત્યારે ચૂપ રહેવા બદલ મારી ટીકા પણ થઈ છે. આવા પ્રસંગોએ એટલું તો સ્પષ્ટ હતું કે મારી આસપાસના ભકતોનું ધ્યાન પ્રાર્થનાને બદલે હું શું કરતો હતો કે નહોતો કરતો તેમાં જ હતું.

'ધાર્મિક સ્વાતંત્ર્ય' એ સૌથી ખરાબ વિરોધાર્થી (oxymoron) શબ્દ પ્રયોગ છે. ધર્મોપદેશનું પહેલું ભોગ (victim) સ્વાતંત્ર્ય હોય છે. કોઈ પણ ધર્મના કોઈપણ અનુયાયી પોતાની રીતે વિચાર કરવાને મુકત નથી હોતા. તેમણે તેમના ધર્મના 'પવિત્ર' પુસ્તકના લખાણોને ઈશ્વરના એકમાત્ર શબ્દ તરીકે સ્વીકારવા જ પડે. જે કંઈ જ્ઞાન અને ડહાપણ ઈશ્વર માનવજતને આપવા માંગતો હતો તે બધું જ વેદો, ઉપનિષદો, ગીતા, બાઈબલ, કુરાન, ગ્રંથસાહેબ, શિક્ષાપત્રી કે બીજું જે કોઈ પુસ્તક તેમના સંપ્રદાયને માન્ય હોય તે પુસ્તકમાં છે અને બીજે કશે નથી એમ માનવું જ પડે પછી ભલે તેમાં ગમે તેટલી ભૂલો હોય. આ તે કઈ જાતનું સ્વાતંત્ર્ય ? ખરે જ ધાર્મિક સ્વાતંત્ર્ય એટલે પોતાને કોણ બાંધી રાખશે તે બંધક (captor) પસંદ કરવાનું સ્વાતંત્ર્ય. તેથી ધર્મપરિવર્તન કરવાનો કશો અર્થ નથી રહેતો. છતાં કેટલા યે બુદ્ધિશાળી જણાતા લોકો ધર્મ બદલતા હોય છે ! માનવજાતને તો બધા ધર્મોમાંથી મુકિતની તાતી જરૂર છે

ધર્મો તેમના અનુયાયીઓની આઝાદી તો ઝૂંટવી લેતા હોય છે. પરંતુ ઈશ્વરથી પણ છીનવી લેતા હોય છે. દાખલા તરીકે હિંદુ ધર્મમાં ઈશ્વરે તેના અવતારો તેમના બીજા અવતાર સુધી કશું કરવાનું નહીં. ખ્રિસ્તી ધર્મમાં ઈશ્વરને એક જ પુત્ર હોઈ શકે. તેઓ વધારે પુત્રો (કે પુત્રીઓ) મોકલી ના શકે. ઈસ્લામમાં વધુ સંદેશવાહકો મોકલવાની ઈશ્વરને મનાઈ છે. આથી, ઈશ્વરને પણ બધા ધર્મોના બંધનમાંથી મુકત કરવાની જરૂર છે.

સ્થાપિત ધર્મો તો અપરાધી સંગઠનો (organized crime) કરતા પણ ખરાબ છે કારણ કે તેમની સામે લડવું વધારે અઘરૂ, બલ્કે લગભગ અશકય હોય છે.

વિખ્યાત વિચારક આલ્ડસ હક્સલીએ કહ્યું છે કે માનવજાત બુદ્ધિશાળી છે પરંતુ પૂરતી બુદ્ધિશાળી નથી તે બદલ તેણે ધર્મોના સ્વરૂપમાં કિંમત ચૂકવવી પડે છે. (Religion is

the price that the mankind has to pay for being intelligent but not sufficiently so. - Aldous Huxley) તેમણે આને માટે શા કારણો બતાવેલા તે તો નથી જાણતો પણ એટલું સમજી શકાય છે કે આપણે બુદ્ધિશાળી હોવાથી આપણને આધ્યાત્મિક બાબતો વિષે અઘરા પ્રશ્નો સુઝે છે. જેવા કે આત્મા કયાંથી આવ્યો અને કયાં જશે ? પણ તેમના જવાબ નથી અપાઈ શકતા. તો યે એટલા ભોળા છીએ કે ધર્મપુરુષોએ આપેલા ઉત્તરો માની ના શકાય તેવા હોય તો પણ પૂછ્યા વગર સ્વીકારી લઈએ છીએ. આપણામાં ડહાપણ હોવું જોઈએ કે આવા આધ્યાત્મિક પ્રશ્નોના જવાબ હોઈ જ ના શકે. અમુક બાબતો જાણી શકાય તેવી નથી તેમ જાણવું તે પણ જ્ઞાન છે.

જે લોકો ઉપદેશ આપવા માટે વળતર લેતા હોય અને જેમની આજીવિકાનું એકમાત્ર સાધન ઉપદેશ હોય તેઓ હંમેશા સાચું જ બોલે એવી અપેક્ષા ના રાખી શકાય. તેથી અંધશ્રદ્ધા ફેલાવવા અને ટકાવવામાં સ્થાપિત હિત ધરાવતા આવા બધા 'સંતો', 'ગુરુ'ઓ, મહારાજો, કથાકારો, પાદરીઓ, મૌલવીઓ વગેરેની વાતો પર ભરોસો ના રાખી શકાય.

'પરધન નવ ઝાલે હાથ' એ સાચા 'વૈષ્ણવ જન'નું લક્ષણ ગણાય છે. છતાં જેઓ આખી જિંદગી કશી જ કમાણી કર્યા વગર બીજાઓના સહારે જીવતા હોય છે તેઓને ભકત તો ઠીક 'સંત' પણ કહેવામાં આવે છે તે ખરેખર પ્રકોપનીય (outrageous) છે.

'ગુરુ' ની વિભાવના (concept) સ્વયંવિરોધી (self-contradictory) છે. આધ્યાત્મિક વ્યકિતઓ તો અહંકારમુકત હોય. પણ જે વ્યકિતને પોતાના આધ્યાત્મિક ચડિયાતાપણાનું અભિમાન હોય તે જ ગુરુ બનીને બીજાઓને પોતાના શિષ્યો બનાવે. બધા નહીં તો યે મોટા ભાગના ગુરુઓ અત્યંત અભિમાની હોય છે. બીજાઓએ પાળવાના નિયમો બનાવવા, જે લગભગ બધા ગુરુઓ કરતા હોય છે, તે અભિમાનીપણાનું સચોટ લક્ષણ છે. આમ સદ્ગુરુ હોવા શકય નથી અને બનાવટી ગુરુઓ માનને પાત્ર નથી હોતા. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' કહેવાય છે. વીરતા ક્ષમા આપવામાં છે કે માંગવામાં ? જોવા જઈએ તો બંનેમાં ક્ષમા આપવા માટે ક્રોધ કે તિરસ્કારને વશમાં રાખવા પડે. જ્યારે ક્ષમા માંગવા માટે આપણો અહંકાર ભુલાવીને થઈ ગયેલા અપરાધ કે ભૂલને કબૂલ કરવા પડે. બેમાંથી એક પણ સહેલું નથી, પરંતુ આપણે બધા તો એવા શૂરા છીએ કે આપણી જાતે જ પોતાને ક્ષમા આપી દઈએ છીએ. ક્ષમા એ સારી વાત છે જો તે બીજાને આપવાની હોય. આપણે પોતે ખોટું કરીને માફી માંગવી તે તો બિનજવાબદારી ગણાય. આપણે જાણીને અજાણતા સારા કે ખરાબ કામ કર્યા હોય તો

તેના પરિણામ ભોગવવાની તૈયારી રાખવી જોઈએ. તેમાં પણ વીરતા જોઈએ. ઈશ્વર કાંઈ એવો બાઘો ના હોઈ શકે કે તેની ખુશામત કરવાથી આપણને માફી આપી દે. ઈશ્વરને દયાળુ અને ક્ષમાશીલ માનતા હોઈએ તો ઈશ્વરનિંદકોને સજા કરવી તે ઈશ્વરના સ્વભાવની વિરુદ્ધની વાત થઈ ગણાય. આપણા અવગુણ પરમેશ્વર અવગણે તેવી પ્રાર્થના કરવાને બદલે તેઓ તે અવગુણોને દૂર કરે તેવી પ્રાર્થના કરવી જોઈએ કે નહીં ?

ધર્મોનું બીજું અંગ છે જન્મથી માંડીને મરણ સુધીની ધર્મવિધિઓ. આમાંથી કંઈક અંશે મર્યાદિત પ્રમાણમાં ઉપયોગી હોય તો લગ્નવિધિ. તેમાં પણ હિંદુ લગ્નવિધિમાં એટલા બધા પ્રસંગો દાખલ કરવામાં આવ્યા છે કે કદાચ દક્ષિણા મેળવવા માટે જ નહિ હોય એવી શંકા જાગ્યા વગર ના રહે. ખાસ તો ગ્રહશાંતિની વિધિ સાવ જ હાસ્યાસ્પદ છે. દક્ષિણના લોભી ગોર મહારાજ અગડમ બગડમ કોઈ શ્લોકો બોલે તેથી થોડી વારમાં બધા ગ્રહો શાંત થઈ જાય એવી માન્યતા જ બિનપાયાદાર છે. બાકી બધી વિધિઓ તો તેમના કરાવનાર ગોર મહારાજો, પાદરીઓ, મૌલવીઓ વગેરે માટે ફકત આવકના સાધનો હોય છે. ઘણી તો હાસ્યાસ્પદ હોય છે અને બીજી કેટલીકનું આધ્યાત્મિક મૂલ્ય શૂન્યવત હોય છે. લગભગ બધી જ વાસ્તવિકતા ને બદલે કલ્પના પર આધારિત હોય છે.

ધાર્મિક સાહિત્ય અને ધર્મપ્રચારકોના વ્યાખ્યાનોમાં ઘણું ખરું ભારેખમ પોલા શબ્દો મોટા પ્રમાણમાં હોય છે જેને લીધે વાંચનાર કે સાંભળનાર અંજાઈ જઈ શકે છે, તેમાં જોડી કાઢેલી વાર્તાઓ દ્રષ્ટાંતો માટે ઘુસાડેલી હોય છે જે સ્વયંવિરોધી હોય છે. આ લોકો તો સારી. માની શકાય તેવી વાર્તાઓ પણ લખી કે કહી શકતા નથી.

પ્રતીકો વિના તો ધર્મો નભી ના શકે, પરંતુ પ્રતીકો બિનજરૂરી અથવા નિરર્થક હોય છે. કોઈ એક પ્રતીક પાછળની ભાવના સમજીએ તો પ્રતીકની જરૂર નથી અને જાણતા ના હોઈએ તો તે પ્રતીકનો ફાયદો કશો નથી. મારી યુવાનીમાં મારા એક બ્રાહ્મણ યુવાન મિત્રને જનોઈના પ્રતીકનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કરેલો. તેણે તો એવું અશ્લીલ અર્થઘટન કર્યુ કે અહીં લખી તો ના શકાય, કોઈને કહી પણ ના શકાય. પણ જરા શિષ્ટ દાખલો વિચારીએ રાષ્ટ્રધ્વજનો. મારા પડોશી કરતા ચાર ગણો મોટો ઝંડો મારા મકાન પર લગાડું તો શું હું તેના કરતા ચાર ગણો દેશપ્રેમી થઈ જાઉ ? પછી ભલે ઈન્કમટેકસ વગેરેમાં ચોરી કે બીજી દેશદ્રોહી પ્રવૃત્તિઓ કરતો હોઉ ? મારું ધ્વજવંદન એક ખોખરી વિધિ જ બની જાય ને ? બીજાઓ કરતા દસ ગણી મોટી ગણેશજીની મૂર્તિ સ્થાપું તો હું તેમના કરતા દસ ગણો ભકત બનું ? આમ પ્રતીકોથી કશો ફેર પડતો નથી.

અનુયાયીઓ પર પકડ જમાવી રાખવા માટે ધર્મગુરુઓ તેમને પાપીપણાની ગ્રંથિ ભેરવી દેતા હોય છે. જેમાં કશું પાપ નથી હોતું તેમાં પણ પાપ ગણાવીને બધાને દબાયેલા રાખે છે. જેમ કે અમુક વસ્તુ ખાવાથી પાપ થઈ જાય વગેરે. ખાસ તો પતિ પત્ની જો બ્રહ્મચર્ય ના પાળે તો પાપ થઈ જાય તે વાત જ ખોટી છે. બુદ્ધિ અને પતિ–પત્નીની કામવૃત્તિ, એ બે તો માનવજાતને ઈશ્વરે આપેલી શ્રેષ્ઠ ભેટો છે. તેમનો ઉપયોગ ના કરવો તે ઈશ્વરનું ઘોર અપમાન ગણાવું જોઈએ, પણ લોકોને દબાયેલા રાખવાના દુષ્ટ હેતુથી ધર્મગુરુઓ ઊંધો ઉપદેશ આપ્યા કરે છે. તેવી જ રીતે કેટલાક ગુરુઓ અમુક બાબતો પર જ ભાર મૂકતા હોય છે. જેમ કે 'માંસાહાર ન કરો.' દારૂ ન પીઓ, 'ગૌમાંસ ન ખાઓ', 'ભૂંડનું માંસ ન ખાઓ', 'કાંદા, બટાકા, લસણ ન ખાઓ' વગેરે વગેરે. આવા પોતપોતાના પંથના પ્રતિબંધો પાળનારાઓ (અનુયાયીઓ ના હોય તેઓ) દુર્જનો આવા નિયમોથી અનુયાયીઓમાં વિચિત્ર ગ્રંથિઓ બંધાય તેથી કંઈ તેઓ સારા માનવો બની જ જાય તેવું નથી હોતું, પણ ધર્મગુરુઓની સત્તા ટકી રહે છે.

હવે તમે જ વિચારીને ચુકાદો આપો અને તે પ્રમાણે પોતપોતાના જીવન જીવો.

## ઝબકારા...

ગીતાના બીજા અધ્યાય અનુસાર જો આત્મા અવિનાશી અમર હોય અને આપણા શરીરો વસ્ત્રો જેવા હોય તો કંસ કે કૌરવોના શરીરોને મારવાનો કશો પણ અર્થ હતો ખરો ? તેમના શરીરોને બદલે તેમના કંસત્વ અને કૌરવત્વને ઈશ્વર કેમ ના નાબૂદ કરી શકે ?

### June 23, 2017

મનગમતા વખાણ જ કરવા અને અણગમતાની નિંદા જ કર્યે રાખવી તેના કરતા ગમતાની ભૂલો સમજી તેમને ટાળવી અને અણગમતાના સદ્‌ગુણો સ્વીકારી તેમનું અનુકરણ કરવું જોઈએ.

### July 9, 2017

અર્જુન તો સદેહે સ્વર્ગમાં જઈ આવ્યો હતો, ઉર્વશીને નકારી આવ્યો હતો. પછી શ્રીકૃષ્ણના મુખે ગીતા સાંભળી, વિશ્વરૂપ પણ જોયુ, છેલ્લે કૃષ્ણે વચન પણ આપ્યું કે તેઓ બધા પાપમાંથી મુકત કરશે. છતાં પર્વતારોહણ સમયે તેને સ્વર્ગમાં પ્રવેશ ના મળ્યો, યુધિષ્ઠિર અને કૂતરાને મળ્યો ! શું કૃષ્ણે અર્જુનને છેતર્યો હતો કે વ્યાસ આપણને સૌને મૂરખ બનાવે છે ?

## July 19, 2017

જેમને સ્વર્ગ કે વૈકુંઠ જવું હોય તેમને માટે ધાર્મિક વિધિઓ જરૂરી હશે. બીજાઓ માટે તો નકામી ઝંઝટ જ ને ? માર્યો જઈશ તો સ્વર્ગે જઈશ, જીતીશ તો રાજ્ય ભોગવીશ.' નો યોગ્ય જવાબ સ્વર્ગમાં હું જઈ આવ્યો છું, જીતીશ તો મોટોભાઈ ફરીથી દાવમાં મૂકીને દાસ નહિ બનાવે ? માટે હે ભલા ભગવાન, ખોટી લાલચ ના આપ. હું તો નથી જ લડવાનો.' હોવો જોઈતો હતો કે નહિ ?

## August 6, 2017

બાર વરસ સુધી બ્રાહ્મણવેશ પહેરી લોકોને છેતરી ભિક્ષાન્ન ખાધું. ફરી એક વાર બ્રાહ્મણવેશ પહેરી વિરાટ રાજાને ત્યાં એક વરસ સુધી રહ્યા. તે યુધિષ્ઠિર અર્ધસત્ય બોલી શકે તે માટે ભોગ બન્યો બિચારો હાથી. કેમ ? કારણ કે કોઈએ તેનું નામ અશ્વત્થામા પાડયું હતું. કેવા હતા 'સત્યવાદી' ? અને કેવા હતા આપણા પૂર્વજો ! કેવા હતા આપણા 'ધર્મરાજ' અને કેવો હતો આપણો ધર્મ !

કામુક રાજા શાંતનુની એવી તે શી આધ્યાત્મિક સિદ્ધિ હતી કે તે તેના પુત્રને ઈચ્છામૃત્યુનું વરદાન આપે અને યમરાજ તેને કબૂલ પણ રાખે ? ઈચ્છામૃત્યુવાળા પુત્રનું પરેચ્છાજીવન એવું હતું કે તેમની દ્રષ્ટિ સમક્ષ 'પુત્રવધુ'નું વસ્ત્રાહરણ થતું હતું તે રોકી ના શકયા. તે 'પિતામહ'ને તે જ સમયે મરવાનું મન ના થયું ? સ્વર્ગનો મોહ એટલો બધો તીવ્ર હતો ? જે ઉત્તરાયણ પહેલા મરનાર મનુષ્યો સ્વર્ગે ન જઈ શકતા હોય તો દક્ષિણાયન (સોળમી જુલાઈથી તેરમી જાન્યુઆરી) દરમ્યાન મરણ પામેલા નરનારીઓને 'સ્વર્ગસ્થ' કહી શકાય ?

## October 2, 2017

મહાભારત યુદ્ધના મૂળમાં પાંડવોનું અસત્ય હતું. મહેલ બનાવ્યો તેમાં જળ સ્થળ જેવું દેખાય અને સ્થળ જળ જેવું તે છળ અસત્ય હતું. તેનું અંતિમ પરિણામ મહાયુદ્ધમાં આવ્યું.

## April 29, 2018

શોલે ફિલ્મમાં જય પાસે એક સિકકો હતો. તેનો ઉપયોગ કરીને તે હંમેશા તેના દોસ્ત વીરુને હારાવતો. છેલ્લે ખબર પડે છે કે તે સિકકાની બંને બાજુ એક સરખી હતી. આવો સિકકો ચલણમાં કામ ના લાગે. કેટલાક ધર્મગુરુઓ તેમના અનુયાયીઓને આવા જ સિકકા પધરાવતા

હોય છે. તેમના સિકકાની બંને બાજુ પર ફકત શ્રદ્ધાની જ છાપ હોય છે. કારણ કે તેમને ગુરુવાદ ચલાવવો હોય છે. બીજા કેટલાક મિત્રોના સિકકાની બંને બાજુ પર સાયન્સની છાપ હોય છે કારણ કે તેઓ અનિશ્વરવાદના પુજારીઓ હોય છે. બેઉ પ્રકારના સિક્કાઓ નિરુપયોગી છે.

ઉપયોગી સિકકાની બે બાજુ પર જુદી જુદી છાપ હોય. જીવન માટેના સિકકાઓ પણ તેવા હોવા જોઈએ. એક બાજુ પર બુદ્ધિ અને બીજી પર ભાવના. બુદ્ધિમાં સાયન્સ, કાયદો, વેપાર વગેરે પ્રવૃત્તિઓ કે જેમાં બુદ્ધિને મહત્ત્વ આપવું જોઈએ તે આવે. ભાવનામાં શ્રદ્ધા, પ્રેમ, દોસ્તી, ન્યાય વગેરે આવે. બંને એકબીજાથી વિમુખ દેખાય પણ વિરુદ્ધ ના હોય, એકબીજાના પૂરક હોય તો તે જીવનમાં કામ લાગે. બુદ્ધિ વિનાની ભાવના અને ભાવના વિનાની બુદ્ધિ ટાળવા જોઈએ.

કહેવાયું છે કે પુત્ર સોળ વરસનો થાય ત્યારથી તેની સાથે મિત્ર જેવું વર્તન કરવું જોઈએ. દીકરી વિશે આવું કશું કહેણ જાણવામાં નથી. આનાથી વિપરીત છે. આપણી પરંપરાગત વડીલવંદના. થોડા પણ વહેલા જન્મ્યા હોય તે બધા થોડા પાછળથી જન્મેલાઓને વડીલ અને તેથી સન્માન અને વંદનને પાત્ર ગણાય. આમાં ઔચિત્ય કયાં આવ્યું ?

શ્રીકૃષ્ણે કહ્યું, 'હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગ !...' અર્થ 'કાં તો તં હણાઈને સ્વર્ગ પામીશ...' (શ્રીમદ્ ભાગવદ્ગીતા ૨ઃ૩ઃ૭). તે શું એકલા અર્જુન માટે સાચું હતું કે તેના પક્ષના સાત અક્ષૌહીણી સૈનિકો કે બધા અઢાર અક્ષૌહીણી સૈનિકો માટે ? વળી આખું યુદ્ધ ઉત્તરાયણ પહેલા થયું હતું તેથી ગાંગેયના મંતવ્ય પ્રમાણે સ્વર્ગમાં પ્રવેશ ના મળે, તો તે બધા કયાં ગયા હશે ?

ખેર, અર્જુનને ના તો રાજ્ય મળ્યું, ના તો સ્વર્ગ. (યુદ્ધ પહેલા સ્વર્ગે ગયો હતો અને ઉર્વશીને પણ નકારી આવ્યો હતો તે જુદી અને કદાચ જૂઠી વાત હશે ?) મળ્યું તો કેવળ આધ્યાત્મિક જ્ઞાન. બિચારો !

શરુઆતમાં ગાંગેયે શંખ ફૂંકયો હતો. પછી પાંડવોના પક્ષે અર્જુન સહિત બાર જણાએ પોતપોતાના શંખ ફૂંકીને યુદ્ધનો પ્રારંભ તો કરી જ દીધો હતો. ત્યાર બાદ અર્જુનને વિષાદ થયો. ગીતાના બધા મળીને ૭૦૦ શ્લોક છે. તેમાંથી ૬૨ શ્લોક ઉપદેશના નથી. ૬૩૮ શ્લોકો ઉપદેશાત્મક છે. તે બધા શ્લોકોનો સંવાદ પૂરો થાય ત્યાં સુધી બાકીના સેનાપતિઓ અને તેમના સૈનિકોએ ધીરજ રાખીને જોયા કર્યુ હશે ? સંભળાતું તો નહીં જ હોય કારણ કે ૧૭ મા

અધ્યાયના ૬૩ મા શ્લોક અનુસાર આ જ્ઞાન 'ગુહ્યાદગુહ્યતરં' (ગોપનીયથીય અતિ ગોપનીય) રહસ્યયુકત જ્ઞાન છે. (તો પણ સંજય અને તેની મારફત ધૃતરાષ્ટ્રને તે જ્ઞાન મળ્યું !)

વાત વિચારવા જેવી નથી લાગતી ?

વાલ્મિકી રામાયણના ઉત્તર કાંડના ૪૦ મા સર્ગમાં એક બહુ સરસ શ્લોક (નં ૨૪) આવે છે. રામ હનુમાનજીને કહે છે કે 'કપિશ્રેષ્ઠ, હું ઈચ્છું છું કે તમે જે જે ઉપકાર કર્યા છે તે બધા મારા શરીરમાં પચી જાય. તેનો બદલો ચૂકવવા અવસર મને કયારેય ના મળે; કારણ કે ઉપકારનો બદલો વાળવાની તક માણસને આપત્તિકાળમાં જ મળતી હોય છે. (હું નથી ઈચ્છતો કે તમે સંકટમાં પડો ને હું તમારા ઉપકાર વાળી દઉં.)

મારા જીવનમાં પણ એવા ઘણા પ્રસંગો આવ્યા છે કે જ્યારે કોઈની મદદ ઉપયોગી થઈ પડી હતી. બધા મદદગાર મારા સગાસંબંધી કે મિત્રો નહોતા, કયારેક તો સાવ અજાણી વ્યકિતઓએ ખુબ જરૂરી મદદ કરી હતી. તેમનો આભાર ત્યારે તો વ્યકત કર્યો હોય તો પણ તે મદદનો વળતો બદલો આપવાની ઈચ્છા થાય. પણ તેવી તક જ ના મળી. કોઈએ આપણા પર ઉપકાર કર્યો હોય તો તે ભૂલી જવાને બદલે જે અને જયારે શકય બને તો અને ત્યારે તેમના પર ઉપકાર કરવો જોઈએ. પણ જો તેમને આપણી મદદની જરૂર જ ના પડે તો શું ?

વસવસો નહીં કરવાનો : ઉપકારનો હિસાબ પરસ્પર ચુકવવો જ જોઈએ તે જરુરી નથી. તેને બદલે ઉપકારની સાંકળ (પરંપરા) ચાલુ રાખવી જોઈએ. કોઈ ત્રીજી વ્યકિતને મદદની જરૂર હોય તો તે, બદલાની આશા રાખ્યા વગર, કરવી જોઈએ. કારણ કે તે વ્યકિતને પણ આપણા કરેલા ઉપકારનો બદલો વાળી શકવાની સ્થિતિમાં ના પણ હોય.

# સત્યશોધક સભા

–સૂર્યકાન્ત શાહ
(ઉપપ્રમુખ)

સત્યશોધક સભાના બંધારણ પ્રમાણે સમાજમાં પવર્તતા અજ્ઞાન, અંધશ્રદ્ધા અને વહેમ સામે સાચી સમજ કેળવવાનો, કહેવાતી ચમત્કારિક ઘટનાઓને તપાસી સત્ય બહાર લાવવાનો, લોકોની અજ્ઞાનતાનો લાભ ઉઠાવીને કરવામાં આવતા શોષણ સામે લોકજાગૃતિના પ્રયત્નો કરવાનો, પ્રજા વૈજ્ઞાનિક, તટસ્થ અને બૌદ્ધિક અભિગમ કેળવે તેવા પ્રયત્નો કરવાનો, હેતુઓ છે.


આ હેતુઓ સિદ્ધ કરવા સભા વિવિધ પુસ્તકોનું પ્રકાશન કરે છે. નિયમિત રીતે 'સત્યાન્વેષણ' માસિક (વાર્ષિક લવાજમ સભ્ય ફી સાથે વાર્ષિક રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦) પસિદ્ધ કરે છે. ચમત્કાર કરતા ફરેબીઓના કહેવાતા ચમત્કારોનો પર્દાફાશ કરે છે. ચમત્કારોના નિદર્શન કરી લોકો ચમત્કારોના ભોગ નહીં બને તેના નિરોધક ઉપાયો કરે છે. પ્રદર્શનોમાં સ્ટોલ રાખી રેશનાલિઝમને લગતા સાહીત્યને લોકો સુધી પહોંચાડે છે. કાળી ચૌદસે ચાર રસ્તે વડા ફેંકવા જેવી અનેક વહેમયુકત પ્રણાલિકાઓ પ્રસંગે લોકોને મળી તેનાથી મુકત થવા સમજાવે છે. વ્યાખ્યાનો, ચર્ચા સભાઓ અને સંમેલનો સંજોગો દ્વારા 'રેશનાલિઝમ' પરત્વે ચિંતન કરે છે. ચમત્કારો સાચા હોવાનું પુરવાર કરનારને લાખો રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે જે પર હજી કોઈએ દાવો કર્યો નથી. આ અને આવી પ્રવૃત્તિઓ તો સભા કરે જ છે, પરંતુ લોકોના મબલખ દાન થકી આવી જ પ્રવૃત્તિઓ કરવા અને રેશનાલિઝમમાં માનતા વીરલાઓને મુરબ્બી રમણ પાઠકની યાદમાં 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક દર વર્ષે એનાયત કરે છે. આથી સભાનું સાહિત્ય ખરીદો, 'સત્યાન્વેષણ'નું લવાજમ ભરો અને સભ્ય બનો. ખાસ તો રેશનાલિઝમને સ્વીકારો.

**:: ખાસ વિનંતી ::**

આ પુસ્તક સત્યાન્વેષણના વાચકોને નિઃશુલ્ક મોકલવામાં આવે છે. જેમનું વાર્ષિક લવાજમ પુરુ થઈ ગયું છે તેમને ખાસ વિનંતી કે સત્યશોધક સભાની સભ્ય ફી સાથે રૂા. ૨૦૦/– નું લવાજમ ઉપરના સરનામે તાકીદે મોકલે. બધા વાચકોને વિનંતી કે તેઓ એમના પરિચયમાંથી અન્ય નવા પાંચ વાચકોના લવાજમ મેળવી આપે.

સત્યશોધક સભા વેબસાઈટ : www.satyashodhaksabha.com

## :: લેખક પરિચય ::
## શ્રી રશ્મિકાંત ચંદ્રવદન દેસાઈ



શ્રી રશ્મિકાંત દેસાઈ અમેરિકામાં ન્યુ જર્સી રાજ્યમાં રહેતા નિવાસી નાગરિક છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયામાં ઘણા ભારતીય નાગરિકો રેશનાલિઝમની પ્રવૃત્તિના તેમ જ સત્યશોધક સભાના પ્રસંશકો–ચાહકો છે તેઓ અમારી સાથે ઈ–મેઈલ, ટેલિફોન દ્વારા સંપર્કમાં રહે છે. શ્રી રશ્મિકાંત આવા એક ચાહક, પ્રશંસક, નાગરિક છે. તેમની સાથે ફોન ઉપર વાતચીતથી આનંદ અને આશ્ચર્યથી જાણવા મળ્યું કે તેઓ ભારતમાં ગુજરાત, સુરતના નિવાસી છે. વધારે પૂછતાછમાં જાણવા મળ્યું કે તેઓ મારા વિદ્યાર્થી સ્વ. રણધીર દેસાઈના મોટાભાઈ છે. રણધીર દેસાઈ ઈન્કમટેક્ષ પ્રેકટીસ કરતા હતા અને શિષ્યભાવે મારા ઈન્કમટેક્ષનું કામ સંભાળતા હતા. આજે તેઓ આપણી વચ્ચે નથી.

શ્રી રશ્મિકાંત અભ્યાસ તેમ જ વ્યવસાયે સ્ટ્રકચરલ એન્જિનિયર છે. તેઓ સુરતથી બહાર અભ્યાસ અને વ્યવસાય અર્થે હતા એટલે તેમને મારો પરિચય થયો નહીં.

આજે ૮૦ વર્ષની વયે તેઓ અમેરિકામાં સંયુકત કુટુંબના વડીલ તરીકે નિવૃત્ત જીવન ગાળે છે. તેઓ એક બુદ્ધિનિષ્ઠ, તર્કશીલ, વિદ્યાવ્યાસંગી છે. એમના લેખોમાં તેમના રેશનાલિઝમ તરફ વળતા. અંધશ્રદ્ધા અને પાખંડ ચમત્કાર વિરોધી લક્ષણો તેમ જ દરેક ઘટના પ્રસંગને ઉંડાણથી તપાસવાની વૃત્તિ તેમના લખાણોમાં ઉપસી આવે છે. તેમના નિવૃત્ત જીવનમાં તેઓ સ્વસ્થ તેમજ પ્રવૃત્તિશીલ રહે તેવી શભેચ્છા.

**બી. એ. પરીખ**


: સંપર્ક :

Telephone : 17325 128606

E-mail - thedesaihotmail.com